રસુલુલ્લાહની શાન

દાનીશમંદોની ઝબાન



ખાદીમે દીન
મૌલાના અલ્હાજ સૈયદ ડો. જહાંગીરશા હાજીમિંયા સાહેબ
વિંઝાણ–કચ્છ.





بسم الله الرحمن الرحيم

રસૂલુલ્લાહની શાન

786/92

ધનીશમંઝીની ઝબાન



લેખક

મૌલાનાં અલ્હાજ ડૉ.જહાંગીરશા હાજીમીયાં સાહેબ,વિજાપુરવી

મું.વિંઝાણ,તા.અબડાસા

પ્રકાશક

દાવતે મુસ્તફા - અબડાસા,વિંઝાણ-કચ્છ.

લેખક

સૈયદ જહાંગીરશા હાજીમીયાં સાહેબ,વિંઝાનવી
મું.વિંઝાણ,તા.અબડાસા

કિમત:-પડી(વાંચી)ને અમલ કરવું.

છપાઈ કરનાર

કમાલ(વરાડીયાવાળા)

મો.૯૯૨૫૫ ૭૧૩૮૬
મો.૯૯૭૬૧ ૭૬૨૬૨

ટીજી ગ્રાફીકસ,& વિડીયો

* કંકોત્રી * ડીજીટલ સાઇન બોર્ડ
* સ્કીન પ્રિન્ટીગ, ઓફસેટ પ્રિન્ટીગ
* આઉટડોર ફોટોગ્રાફી
* વિડીયો શુટીંગ & એડીટીગ

દેના બેંક કોઠારાની બાજુમાં,તા.અબડાસા-કચ્છ.

મેળવવાનું સ્થળ

દાવતે મુસ્તફા અબડાસા
મરકઝ વિંઝાણ-કચ્છ.
તા.અબડાસા

ક્રમ	દાતાઓ	ઈસાલે સવાબ	કિતાબો
૧.	સૈયદ હાજી અહમદશા હાજીમીયા સાહેબ-માંડવી		૨૦૦
		પોતાના વાલદેનના ઈસાલે સવાબ	
૨.	માંજોઠી હાજી અબ્દુલગની-ગાંધીધામ	પોતાના વાલદેનના ઈસાલે સવાબ	
૩.	માંજોઠી હાજી અબ્દુલશકુર-ગાંધીધામ		૭૦૦
૪.	માંજોઠી હાજી ગફુર -ગાંધીધામ		
૫.	મેમણ હાજીમુસા હાજી ઈસ્માઈલ- નલીયા		૨૦૦
૬.	મેમણ હાજીઅ.ગની હાજી ઈસ્માઈલ-નલીયા		૨૦૦
૭.	મેમણ હાજી અલીમામદ હાજી ઓસમાણ-નલીયા	,,	૨૦૦
૮.	મેમણ હાજી નુરમામદ હાજી ઓસમાણ-નલીયા	,,	૧૦૦
૯.	મેમણ હાજી અ.કરીમ મામદશેઠ -નલીયા	,,	૨૦૦
૧૦.	મેમણ હાજી અબ્દુલ્લા હાજી ઓસમાણ-નલીયા	,,	૨૦૦
૧૧.	મિસ્ત્રી હાજી ઈબ્રાહીમ આદમ પરિવાર -નલીયા	,,	૨૦૦
૧૨.	લુહાર નુરમામદ હાજી હુસેન(નાઝ સ્ટુડિયો) - નલીયા	,,	
	ઓસમાણ સુમાર તથા હાજી નુરમામદ મુસા ના ઈસાલે સવાબ	,,	૧૦૦
૧૩.	સોઢા હાજી ફકીરમામદ ઓસમાણ -પિંઝાણ	,,	૧૦૦
૧૪.	તુર્ક હાજી આમદ તારમામદ -પિંઝાણ	,,	૨૦૦
૧૫.	હિંગોરા અલીમામદ હાજીસિધીક -પિંઝાણ		૧૦૦
૧૬.	હિંગોરા હાજીમહમધ હુસેન ઈશાક ઈશાક ના વાલદેન ઈશાલે સવાબ	,,	૧૦૦
૧૭.	કુભાર હાજી જુસબ દાઉધ પિઝાંણ	,,	૨૦૦
૧૮.	ચાવડા સાલેમામધ જાકુબ	,,	૧૦૦
૧૯.	મંધરા હાજી હુસેન હાજી મામધ-કોઠારા		૨૫૦
૨૦.	સુમરા હાજી હસણ થુંમડી -આમધ જુસબના ઈસાલે સવાબ	,,	૧૦૦
૨૧.	કુભાર હાજી ડાડા હારુન કોઠારા સવાબ વાલદેન ના હારુન ના	,,	૧૦૦
૨૨.	મંધરા હાજી ઈસ્માઈલ હાજી આમધ સવાબ હાજીઆમધ ના	,,	૧૦૦
૨૩.	સુમરા હાજી મુબારક-ખિરસરા(કો) સુમરા જુમા દેના / સુમરા હવાબાઇ જુમા / સુમરા મામદ જુમા | સુમરા દેના જુમા / સુમરા હુસેન જુમા / સુમરા સુમાર જુમા		૨૫૦
૨૪.	સુમરા હાજી સિદીક હાજી મામદ -ઢીંઢ	હાજીમામદ અબ્દુલા	૧૦૦

ઉપરોકત દાતાઓના જે કિતાબ માં ઈસાલે સવાબ માટે દાન આપી મદદ કરી છે. અલ્લાહ તઆલા બન્નેં જહાંનમાં નેક જઝા આપે.

કિમતઃ-પડી (વાંચી)ને અમલ કરવું.

ક્રમ	દાતાઓ	ઇસાલે સવાબ	કિતાબો
૨૫.	આગરીયા હાજીયાણી રોમતબાઇ જુસબ	મર્હુમ આગરીયા કાસમ જુમા	૬૦૦
	આગરીયા મરીન ટ્રાન્સપોર્ટ-માંડવી	મર્હુમ આગરીયા હલીમાબાઇ કાસમ	
	સહ પરિવાર માંડવી-કચ્છ.	મર્હુમ આગરીયા જુસબ કાસમ	
		મર્હુમ આગરીયા ઝૈનબબાઇ હાજીઉમર	
		મર્હુમ આગરીયા અમીનાબાઇ હાજીઆમદ	
		મર્હુમ આગરીયા નઝીર હાજી આમદ	

ઉપરોકત દાતાઓના જે કિતાબ માં ઇસાલે સવાબ માટે દાન આપી મદદ કરી છે. અલ્લાહ તઆલા બન્નેં જહાંનમાં નેક જઝા આપે.

કિમતઃ-પડી (વાંચી)ને અમલ કરવું.

આતેકા રેડીમેડ સ્ટોર્સ

ચીલ્ડ્રનવેર, જેન્સવેર, લેડીસવેર

રેડીમેડ કપડાના વેપારી

મેઇન બજાર-કોઠારા, અબડાસા

રસુલુલ્લાહનીશાન દાનીશમંદોની ઝબાન

પ્રસ્તાવના(બે બોલ) :-

અલ્લાહ તઆલાનાં લાખ-લાખ શુક્ર જેણે પોતાનાં હબીબ રહેમતે આલમ સલ્લલાહો અલહે વસલ્લમ નાં સદકે આ ઝર્ઈએ નાચીઝ ને તોફીક અતાકરી કે આ કિતાબથી પહેલાં બે કિતાબ ૧...સઆદતે દોરૈન ૨...સાચા મોમીન મુસલમાની શાન છપાઇને આપનાં હાથોમાં આવી ગઇ હવે આ એક નાની કિતાબ જે ખાસ પયારા આકાનાં ફઝાઇલ નાઅત તારીફ હિન્દુ ધર્મ ગુરૂઓ વિદ્યવાનો,ફલાસોફરોની ઝબાની તથા ઈસાઇ ધર્મ ગુરૂઓ વિદ્યવાનો ફિલસોફરો અને આલા ઓહદેદારોનાં ઝબાન કલમથી જે અદા કરવામાં આવ્યાં તે હવાલા સાથે દરજ કરેલ છે. સાથે કુરઆને મજીદ અને ઈસ્લામ વિસે પણ હિન્દુ ઈસાઇ ધર્મ ગુરૂ ફિલાસોફર અને દાનીશવરોનાં ખ્યાલ હવાલા સાથે લખેલ છે.

પાછળ આપ સલ્લલાહો અલહે વસલ્લમનાં ઉમદાઅખલાક અને સદગુણો વિસે મુખ્તસર હદીસ પાકનાં હવાલા આપીને લખેલાં છે આખરમાં નાતે પાકે મુસ્તફા હિન્દુ શાયરો અદિબોની કલમથી જે વજુદમાં આવ્યાં છે .તે લખેલાં છે..આ એક નાંનાં તાલીબે ઈલ્મની આ નાની મહેનતને પરવર દિગાર મારી આખેરતમાં નજાઅતનો ઝરીયો બનાવે.આમીન સાથે આ કિતાબ અલ્લાહ તઆલા અને એનાં પ્યારા હબીબ સલ્લલાહો અલહે વસલ્લમની ખુશનુદી માટે લખ્યી છે. રબ્બે કાએનાત બુરી નિય્યતથી બચાવે આ કિતાબ નો સવાબ બારગાહે રીસાલતમાં અને મારા વાલીદે મહોતરમ તથા મહોતરમાં વાલેદામાજેદાં તથા હઝરત કિબલા અબ્દુલ મુસ્તફા આઝમી સાહેબ ર.હ. તથા મારા ઉસ્તાદ હઝરત કિબલા મુફતી આઝમ અહમદ મિંયા ઘોરજવી સાહેબ ર.હ.ને નઝર કરૂં છું

મૌલા તઆલા કબુલ ફરમાવે મુજ નાચીઝને ઈશ્કે મુસ્તફા સાથે આમેલે સુન્નત બનાવે. આમીન

ખાકપાએ ઓલીયા નાચીઝ સૈયદ જહાંગીરશાહ હાજીમીંયાં સાહેબ-

પિંઝાણ-કચ્છ.

બિસ્સમીલ્લાહ હિર્રહમાં નિર્રહીમ

અલહમ્દો લીલ્લાહ હીલ્ઝી લમ યઝલ આલમન કાદીરા હચ્ચીન કચ્યુમન સમીઅન બશીરા વસ્લાતો વસ્સલામો અલા રસુલેહી અરસલહુ ઈલન્નાસે કાફતન બશીરંવ નઝીરા વઅલા આલેહી હ અસહાબેહી જમીરન કસીરા અમ્મા બાઅદ આઉઝોબીલ્લાહ મીન્શાયતા નીર્જીમ બિસ્સમીલ્લાહ હિર્રહમાં નિર્રહીમ

યા એયોહન્નાસો કદ જાઅકુમ બુરહાનોમ મિરબ્બેકુમ અન્ઝલના ઈલેકુમ નુરુમ મુબીના વઅમલ્લજીના આમનુ બીલ્લાહે વઅતસેમું બેહી ફસ યુદખેલોહુમ ફી રહમતીન મીનહો વ ફદલીન વ યહદી હીમ ઈલેહી સીરાતન મુસ્કીમા (પારા-૬,સુરએ નીસા નું આખરી રૂકુની બે આયતો)

અર્થઃલ અય લોકો બેશક તમારી પાસે અલ્લાહના તરફથી દલીલ આવી અને અમે તમારી તરફ રોશન નુર ઉતારયો અને જે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને એની રસ્સી (દીને ઈસ્લામ)ને મજબૂતીથી પકડી તો નજીકમાં જ .અલ્લાહ તેઓને પોતાની રહેમત અને ફજલમાં દાખલ કરી લેશે અને તેઓને પોતાની સીધી રાહ બતાવશે.

ઉપરોકત આયતે પાકમાં અલ્લાહ પાકે આપણા પ્યારા આકા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કુરાને મજીદ અને દીને ઈસ્લામનું ઝીકર કર્યું છે.

આ કિતાબમાં આપણા આકા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)કુરઆને મજીદ તથા દીને ઈસ્લામ વિશે અન્ય સમાજ તથા ધર્મનાં ધર્મગુરૂઓ અને ફેલાસોફર વિધવાનો શું અભિપ્રાય ધરાવે છે. તે તથા તેમના મનમાં આ પ્રણયની કદર શું છે. તેની મુખ્તસર માહિતી પ્રસ્તુત કરેલ છે.

અલ્લાહ તબારક વતઆલાની ખલકેલી આ દુીનયા માં અલ્લાહ તઆલા પોતાના ફઝલો કરમથી સૌથી સર્વ શ્રેષ્ઠ અને ઘણુજ ઉચ્ચતમ ઈન્સાનને બનાવ્યું માલીકે કાએનાત રબ્બુલ આલમીન કુરાન શરીફમાં પણ જીકર ફરમાવ્યું છે.

" લકદ ખલકનલ ઈન્શાન ફી આહસને તકવીમ" (સુરાએ તીન આયત-૪)

અર્થઃ-બેશક અમે ઈન્શાનને સારી સુરતમાં બનાવ્યું.

જયારે અરબ-અજમમાં ગુમરાહી અને જહાલતનો અંધકાર નું સામ્રાજય છવાયેલું હતું ત્યારે અલ્લાહ તઆલા એ પોતાના ફઝલો કરમથી હિદાયતનો એવો રોશન સૂરજ તૂલૂઅ(ઉગાડયો) કર્યો કે જેના કિરણોથી માત્ર અરબજ નહિં પણ આંખી રૂએ જમીન રોશન થઇ ગઇ.

આપ સલ્લાહો અલયહે વસલ્લમની વિલાદત સમયે માનવતા જહાલત અને હેવાનિયતનાં અંધકારમાં ઠોકરો ખાઇ રહી હતી ઈન્સાનો સારા અખ્લાકથી બેખબર હતા. નતો તેમને રિશ્તેદારીનો ખ્યાલ હતો. નતો તેઓને અન્યની પીડાનો અહેસાસ નફસ પરસ્તી અને ઝઘડો પણ પેઢી દર પેઢી ચાલતો નિર્દોસ ઉપર ઝુલ્મ,બીજાના હકનું

છીનવી લેવું વગેરે કામોને તેઓએ પોતાની જીંદગી બનાવી લીધી હતી.

આવા ઝુલ્મો સીતમ ના ઈન્સાફી અને જહાલતનાં અંધારામાં ડુબેલી દુનિયામાં આપણાં પ્યારા આકા રહેમતે આલમ નુરે મુજસ્સમ ફખરે બની આદમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તશરીફ લાવ્યા અને ઈન્સાનીયત નું ભાગ્ય ખૂલી ગયું અરબમાં જે ઉંટોનાં ભરવાડ હતાં અને જેમનું દુનિયામાં કોઇ સ્થાન જ નહતું તેવા લોકોને આપે સરફરાઝ કરી દીધાં.જે આખા જમાનાની ઠોકરોમાં પાયમાલ હતાં તેમને તખ્તનાં વારીસ બનાવી દીધાં તેઓ જયાં પણ પોતાની નિગાહ ઉઠાવતાં તો સફળતા તેમના કદમ ચૂમતી.આલમે ઈન્સાનીયત ઉપર બહાર આવીગઇ. દિલ હસદ,બુગ્ઝ,ઝુલ્મથી પાક થઇ ગયાં અને તેઓનાં સીના નુરનાં ખજાના બની ગયા જેને પણ આપના દામનમાં પનાહ મળી તેના ઉપરથી ગમ અને જહાલતનાં સાયા છુટી ગયાં.આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આવા જહાલતનાં ખાડામાંથી પડેલાઓને બહાર કાઢી પોતાના સીનાથી લગાડયા બેકશ અને બેસહારાઓને સહારો આપ્યો. જેઓ ઝાડ,પથ્થર,સૂર્ય,તારા અને જાનવરને પોતાના મઅબુદ(ખુદા) માની ઇબાદત(પૂજા) કરતા તેઓને માલિકે હકીકીની સાચી ઓળખ આપી અને તેઓને અલ્લાહના દરબારમાં સીજદો કરવાવાળા બનાવી દીધા વહદાનિયતનો સબક આપી ખાલીકે હકીકીની સાચી ઓળખ,મોહબત અને કુરબતનો જામ પીવડાવ્યો અને તેમને ઇમાની ગૈરત,સબર,તવકકલ અને જુર્અત અને સાબિત કદમીના પહાડ બનાવી દીધાં અને તેથી જ એ વખતની ઝાલીમ અને જાહેલ તથા જાબીર તાકતોને મુસલમાનો સામે પીછેહઠ કરવી પડી.અને તેથી જ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અજમત શરાફત અને કરામતનો સ્વીકાર પોતાના અને પરાયાઓને પણ કરવો પડયો કે કરવા પર મજબૂર થવું પડયું.

આપ પોતાની ૨૩ વરસનો સાવ મુખ્તસર નબુવ્વતના સમયગાળામાં પોતાનાં પાકીઝા અખલાક ઉમદા કીરદારવાળી જીંદગીનો ખૂબસૂરત નમૂનો પેશ કર્યો .આવો નમૂનો ન કોઇ રસૂલ કે ન કોઇ ઈન્સાન પેશ કરી શકયો આવી અઝમતવાળી જાતએ પાકને ગૈર મુસ્લિમો પણ કેવા અકીદા અને માનથી કબૂલ કરે છે.તેના દલીલ અને દાખલા આગળ વર્ણન કરીશ.પરંતુ અફસોસ કે આપની અઝમતથી અદબથી બે ખબર એવા કલમાના દાવેદાર આપની અઝમત અને અદબ ઘટાડવા માટે આપની સાથેના ઇશ્કો મોહબ્બત ઘટાડવા માટે પોતાના જહાલત ભર્યા જ્ઞાન થકી તકરીરો કરેછે.પત્રિકાઓ અને કિતાબો લખી રહયા છે.

જયારે ગૈર મુસ્લિમોમાં આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો મરતબો છે ? ત્યારે આપણા મુસલમાનોની ના સમજી કમઇલ્મી અને તઅસ્સુબનાં લીધે આપણે આપણા રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની જાતે પાકથી આટલાં દૂર શા માટે ? આ આપણી જહાલત નથી મુસલમાનો વિચારો ?

આવો આપણે અન્ય ધર્મ તેમજ સમાજનાં લોકોની માન્યતાથી થોડો સબક લઇ આપણાં ઇમાન અને એતેકાદને દુરસ્ત કરી લઇએ.

તવારીખથી આપણે જાણીએ છીએ કે યહુદી,નસારા,અહેલે મગરીબ(પશ્ચિમ) રસુલુલ્લા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં જમાનાથી ઈસ્લામનાં દુશ્મન રહયાં છે. અલબત્ત એહેલે યુરોપની આજની પ્રગતિ ઉપર ઈસલામનો અનહદ અહેસાન છે. અને સત્ય એછે કે એહેલે યુરોપ દાનીશ અને ઈલ્મની રોશનીનાં કિરણો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં રીસાલાતમાંથી પ્રાપ્ત કર્યા છે.

ગાઝી સલાઉદીન ઐયુબી પછી એહેલે યુરોપે નવી શોધો અને તહકીકનાં બહાના હેઠળ નબીએ કરીમ કુરાનેપાક અને ઈસ્લામની અઝમત ઘટાડવાની કોશીશો કરી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈન્સાનીયત ઉપર આપના અહેસાન ઉપર હસદ અને અદાવતની ધૂળ ફેંકી રહયા છે. ત્યાં સુધી કે કેટલાકને મુસલમાનોનાં વેશમાં તેયાર કરી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝાતેપાક ઉપર હુમલા કરાવતાં રહયા જેના લીધે આપણાં દેશમાં પણ હિન્દુ-મુસ્લિમ વચ્ચે પણ આવી દિવાલ ઉભી થઇ આજ સુધી તેઓ આપણી શાંતિ અને સલામતીને પાયમાલ કરવા માટે પેંતરા રચી રહયા છે. આવા સમયે અપણી સાથે આપણાં આકા વ મૌલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝાતે પાક અને ઈસ્લામ તથા કુરાનેપાકની તાલીમને કસોટી પર પરખવાની જરૂરત છે.આવો આપણે ગૈર મુસ્લીમ તેમજ અન્ય સમાજના હિન્દવાસી વિદ્ધાનોનાં વિચારો આપણા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિશે તેમજ ઈસ્લામ વિશેનાં શું છે. તે જાણવા પ્રયત્ન કરીએ અને એમનાથી સંદેશો લઇએ.

આજનાં સમયમાં જયારે ઈસ્લામ વિશે અને ઝાતેપાક મુસ્તફા વિશે અપપ્રચાર પૂરજોશમાં છે.ત્રાસવાદી મઝહબ અને ત્રાસવાદી તાલીમનાં ઝંડા લહરાવવામાં આવેછે. આવા બે બુનીયાદ પ્રચારની પોકળતાથી આપણે સર્વે પ્રેમ,સુમેળ અને શાંતિપૂર્વક જીવન જીવી શકીએ એજ દુઆ પ્યારા વાચકો નીચેનું લાખાણ વાંચી હવાલાવાળી કિતાબો વાંચી આપ ખરાઇ કરી શકોછો. ઈસ્લામ અને બાનીએ ઈસ્લામના સાચી હકીકતોથી તમે વાકેફ થઇ શકશો.આપણે આવા આપણાં સાચા રાહબરોનાં સાચા વિચારોનીકલમથી કિતાબોનો સરેઆમ ફેલાવો થાય તો આપણો ભારત દેશ જ નહિ પરંતુ આખી દુનિયા અમન અને શાન્તિનું સ્વર્ગ બની જાય.

ઈન્સાનને સીધા માર્ગે લાવવા માટે હમેશા મહાપુરુષો ધર્મગુરૂઓ અને સારી કિતાબોનો મોટો ફાળો રહયો છે.

આપણાં મન અને મગજને સ્વચ્છ રાખવા માટે સારી અને સાચી કિતાબોનું વાંચન જરૂરી છે.હાલનાં સમયમાં જયારે માણસ સ્વાર્થ લુંટફાટ,અનિતિ અને અત્યાચાર અને એવા અનેક ગુનાઓની ખાઇઓમાં ફસાયેલો છે.જેમાંથી બહાર આવવા કોઇ માર્ગ દેખાતો નથી ત્યારે જ મહાપુરૂષો ધર્મગુરૂઓ અને સારી કિતાબોનાં વાંચન થકીજ અપણે હર ખાઇથી બચી શકીશું.

આવો સર્વ પ્રથમ આપણે આપણાં આકા મદની તાજદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિશે હિન્દુ ધર્મનાં વિદ્ધાનો મહાપુરૂષો કેવો અભિપ્રાય ધરાવે છે..તેના પર

યુરોપ વારાને જ્યારે હુઝુર સાથે આટલી ઈર્ષા છે.પણ હૂઝુરની સીરત ઉપર યુરોપનાં લેખકો એક હજારથી પણ વધારે કિતાબો હૂઝુરની સીરત ઉપર લખાણી છે.અને હિન્દુ દાનીશવરો સીયાસી મોફકકીર સ્કાલર અને લેખકોએ હુઝુરની સીરત ઉપર લખાણ લખ્યાં પણ આ સદીમાં સીરત લખવાવાળાનો ઘણોજ વધારો થયો છે.જેમાં

:-: પરકાશયોજી (ઈ.સ.૧૯૦૭) હઝરત મોહંમદ સાહેબબાનીએ ઈસ્લામ લખી)
:-: સ્વામી લક્ષમન પ્રસાદ (ઈ.સ.૧૯૩૨) અરબકા ચાંદ)
:-: પંડીત સુંદરલાલ (હઝરત મોહંમદ ઔર ઈસ્લામ)
:-: બાબુ કન્જલાલ એમ.એ(હઝરત મોહંમદ ઔર ઈસ્લામ)
:-: રઘુનાથ સહાએ (પયગંબરે ઈસ્લામ)
:-: ગોવીંદરામ શેઠી પ્રસાદ (ચારમિનાર)
:-: જ્યારે હુઝુરેની સીરત ઉપર મોકાલમાં અને મઝમુન લખવાવાડાની મોટી ફેહરીસ્ત છે.
:-: માસ્ટર શંકરદાસ ગ્યાની ભગવાનદાસ ભગવાન પંડિત ગોપાલ માલીક રામશ્રીલાલ અને કરશનએતો લખવામાં કાબીલે દાદ છે.જેનાં થોડા નમુનાં પેશ કરેલ છે.

પાપમેં ડુબેથે જો ઉનકો ડુબાયા પ્રેમમેં
ખૂબહી બિગડી બનાઇ સૈયદે અબરારને.
(પરદેશજી બ્રહમચારી)

સ્વામી લક્ષમણ પ્રસાદ પોતાની કિતાબ અરબકાચાંદ માં લખે છેઃ-દુનિયાની મહાન હસ્તીઓ જેનાં નામ મુબારક આંગળીના પેઢા ઉપર ગણી શકાય તેમાં રહેમતે આલમ શફીઉલ મુઝનબીન સૈયદુલ મુરસલીન ખાતેમુલ નબીય્યીન હઝરત મોહમંદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝાતે પાકને બધાથી અલગ એકશાન હાંસીલ છે. એટલા માટે સર્વ પ્રથમ આદરણીય આ મહાન હસ્તીનાં જીવનનો ટુંકસાર કલમ બંધ કરૂં છું.

આગળ આપ લખે છે કે તે સફળ ધર્મગુરૂઓ જે આજે પણ શહોરત અઝમત અને હિદાયતનાં આસમાનમાં સૂરજની જેમે ચમકી રહ્યા છે. તેમની સફળતા પાછળ વકાર,ઈસ્તકામત,મહેનત ઈબાદત અને નફસ કશી એવી પવિત્ર ખાસીયત સામેલ છે અને એટલે સફળતા તેમના કદમ ચૂમતી આવી છે.મહેનત કદી કોઇની બેકાર જતી નથી.હઝરતે મોહમંદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નફસકશી સબર અને અડંગતા છેવટે મહેદીથી પણ વધારે રંગ લાવી.

કેટલીય ઈજાઓ આપને તે વખતના જાહીલ અરબ પોતાના બાતીલ ખ્યાલાત અને અકીદાની હિફાઝત માટે આ ખુદાશનાસ પયગંરને આપી અને એવા કેટલાક ઝુલમ અરબનાં દરીન્દાઓએ આ રહેમ અને હમદર્દીના પૈકર ઉપર કર્યા.પરંતુ માનવતાના આ ઝગમગતા ચાંદની ઝુબાનમાંથી નતો તે લોકો માટે બદદુઆનાં બોલ નીકળ્યા ન તો તેમણે તેઓ ની સામે તેમના જેવુંજ વર્તન કર્યું.બલ્કે તેમની ઝુબાન મુબારકમાંથી

બદદુઆને બદલે દુઆ ઓ જ નીકળી આજનાં અમુક આંધળા લેખકો આ બધી વસ્તુઓ પડખે રાખીને જયારે કલમ ઉપાડે છે. ત્યારે આંખો ઉપર ઈર્ષાની પટટી બાંધી દરેક બનાવને આડી નજરવાં રંગમાં રંગી દુનિયાની સામે રજૂ કરે છે.પરંતુ મનમાં તેઓ આ વાત કબૂલ કરે જ છે. આ પયંગબરે ઈસ્લામ પોતાની શાન અને સાદગીથી દોલત ઈઝઝત શહોરતની જાદૂઇ તાકાતોને પોતાના ઉચ્ચ સિધ્ધાંતો ઉપર કુરબાન કરી દીધાં.

આ પાક પયંગબર જેને દોલતની જનકાર ખેંચી ન શકી,શહોરતની જાદુઇ તાકાત તેમના દિલ ને ફરેબ ન આપી સકી અને તમામ લાલચોની સામે તેઓએ સાફ કહી દીધું કે તમે ચાંદ અને સૂરજ લાવીને મારા ખોબામાં નાખી દો તો પણ હું હકકનાં પ્રચાર અને એની તાલીમથી જરાપણ હટીશ નહીં.

:: મહારાની આર્ટીસ્ટ કોલેજ મૈસુર,ભારતમાં સદર,

શોબ એ ફિલસૂફા વ રીડર પ્રોફેસર રામાં કૃષ્ણરાવ પોતાની કિતાબ(મોહમંદ પયગંબરે ઈસ્લામામાં લખે છે.

તમામ અરબોમાં ફરઝંદીમાં મોહમંદ મારા માટે એક મહાન મોફકકીર છે. મારો મતલબ એ છે.કે અરબની ચીલચીલાતી રેતમાં આપથી પહેંલા અને પછી પૈદા થવાવાળા બધાં જ શાયર અને બાદશાહોમાં આપ બધાથી મહાન છે. મોહંમદની હસ્તીની પૂરી સચ્ચાઇ બયાન કરવી ઘણી જ મુશ્કેલ છે. પણ હું આ એક જ જલક બયાન કરૂં છું.

મોહંમદ	સ.અ.વ.	- પયગંબર
મોહંમદ	સ.અ.વ.	- જનરલ
મોહંમદ	સ.અ.વ.	- બાદશાહ
મોહંમદ	સ.અ.વ.	- સિપાહી
મોહંમદ	સ.અ.વ.	- વેપારી
મોહંમદ	સ.અ.વ.	- મોબલ્લીગ
મોહંમદ	સ.અ.વ.	- ફીલસુફી
મોહંમદ	સ.અ.વ.	- સીયાસત દાન
મોહંમદ	સ.અ.વ.	- સુધારક
મોહંમદ	સ.અ.વ.	- યતીમોના સરપરસ્ત
મોહંમદ	સ.અ.વ.	- ગુલામોના મોહાફીઝ
મોહંમદ	સ.અ.વ.	- ઔરતોના તારણહાર
મોહંમદ	સ.અ.વ.	- જજ
મોહંમદ	સ.અ.વ.	- રૂહાની પેશવા

આ બધા ઉચ્ચ કીરદાર અને ઇન્સાની સરપસ્તોમાં આપ મને હીરો નજર આવે છે.

ઇન્દીરા કોલેજ મુંબઇનાં માજી પ્રોફેસર મીસ્ટર શાંતારામ -મોહંમદ કા જીવન ચરિત્રમાં લખે છે ::-

કે મેં મારી જીંદગીનો વધારે ભાગ મહાપુરૂષોનાં જીવન ચરિત્રનાં વાચનમાં પસાર કર્યો છે. હું પૂરેપૂરા વિશ્વાસથી કહું છું કે હઝરત મોહંમદ સલલ્લાહો અલયહે વસલ્લમ એક મહાપુરૂષ છે. જેની જોડનો મને આ પૂરી રૂએ જમીન ઉપર કોઇ અજીમઇન્સાન નજર નથી આવતો.

:: મહાત્મા નારાયણ સ્વામી પરહાન-ઇન્ટરનેશનલ આર્યન લીગ-દિલ્લી

કિતાબ:-ગાઝીયાને હિન્દમાં લખે છે. ગીતામાં જેમ લખેલું છે કે જયારે બુરાઇઓ હદથી વધી જાય છે ત્યારે સુધારકોનાં જન્મ થાય છે.આજ નિયમ પ્રમાણે હઝરત મોહંમદનો જન્મ અરબમાં થયો(ગાઝીયાને હિન્દ)

:: હિન્દુ ફાઝીલ ચીલુનકર વકીલ અકોલા માજી સેકેટરી હિન્દુ મહાસભા-એ

બલદાના બરારમાં પોતાના એક લેકચરમાં કહયું કે પયગંબરે ઇસ્લામનું પૈદા થવું એ દુનિયામાં એક એવા સૂરજનું ઉગવું થયું કે જેના કિરણોએ ગુમરાહીનાં અંધારાને પલકવારમાં રોશન કરી દીધાં આ રસુલે ખુદાએ બધાંથી પહેલા ખૂદા એક છે.તેની પ્યારી તાલીમ દુનિયાસામે પેશ કરી.(અખબાર.રહબર દકકન-હૈદરાબાદ ૨૭ સપ્ટે.૧૯૩૪

કમલાદેવી બી.એ.મુંબઇએ પોતાના વકતવ્યમાં કહયું કે હે અરબના મહાપુરૂષ તમે તે છો કે જેણે પોતાની શકિતથી ગૈર ખુદાની ઇબાદતને મટાડી અને સાચા ખુદાની ઇબાદત ની જયોતજલાવી અને તમે અન્ય ધર્મ સેવકોને જનરલ કમાન્ડર અને સાચા ચીફ જસ્ટીસ તરીકે પ્રેરીત કર્યા અને સાથે આત્માને સુધારવાનું પણ કાર્ય કરી તમે ઔરતોની બરબાદ થયેલી ઇજજતને બચાવી અને તેનાં હકક નકકી કર્યા તમે આ દુખિયારી દુનિયામાં શાન્તિ અનેઅમનનો પ્રચાર કર્યો.અમીર અને ગરીબ બધાંને એક સભામાં જમા કરી દીધાં.(રીસાલા અલ અમન,દિલ્લી,૧૭ જુલાઇ ૧૯૩૨)

:: મોતીલાલ માથુર એમ.એ.:-

પૈયગંબરે ઇસ્લામને એક ખુદાની પરસ્તથિની એવી તાલીમ આપી જેનાંથી ખોટી માન્યતાની બુનિયાદો ઢીલી થઇ ગઇ.(રીસાલા મૌલવી દિલ્હી,રબી અવ્વલ,હિ.૧૩૫૦)

:: ગાંધીજી :-

જયારે મગરીબ જહાલતનાં અંધકારમાં પડયો હતો તયારે મશરીકનાં આસમાનમાં એક ચમકતો સીતારો ઉગ્યો જેણે આખી દુનિયાને રાહત આપી અને રોશની અતાકરી. (રીસાલા ઇસ્તીકબાલ દયોબંધ ૧૯૩૬)

:: બૌધ્ધ ધર્મનાં મહાન પેશવા માન્ગ તોન્ગ સાહેબ:-

હઝરત મોહમંદનું જાહેર થવું એ આખી ઇન્સાનીયત ઉપર ખુદાની રહેમત હતી.દુનિયા ગમે તેટલો વિરોધ કરે પરંતુ એક મોટી સુધારક તાલીમથી આંખ બંધ કરી લેવી નામમુકીન છે બ્રહમ બુધ્ધી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી મોહબ્બત

કરે છે. અને તેમનુ આદર કરેછે. હવાલો (મોજેઝાતે ઈસ્લામ સફા નબંર-૬૬)

:: સરદાર રામસીંગ અમૃતસરી

મોહંમદ સાહેબે દુનિયામાં આવી મોટા કાર્યો પૂરા કર્યા.જેનાથી જણાય છે કે આપ મોટા રીફાર્મર હતા અને પોતાના વખતમાં ધાર્મિક રહેબર હતા.આમે અરબમાંથી ગુલામીની બુરી રસમને મીટાવી પોતાના પેરોકારોને હુકમ દીધો કે ગુલામ આઝાદ કરવા ઘણું પૂણ્યનું કાર્ય છે.ઈમામત અને ખલીફા બનવાથી કોઇ ગુલામીમાં પૈદા થયેલો ગુલામ વંચીત ન રહી જાય એ આપનો રયેયો રહેતો.સૌથી પહેલાં દુનિયાને જમહુરીચ્યત (લોકશાહી)થી વાકેફ કર્યા.અને વતન માટે ફરમાવ્યું કે વતનની મોહબ્બત કરવી ઈમાનની નિશાની છે.અને વતનવાળાથી ગદ્ધારી કરવી નાજાઇજ છે. આ તાલીમથી આપે યહુદી અને મુશરીકોથી મુઆએદા કરી તેમનાંથી મોહબ્બત અને ભાઇચારાની વર્તણૂંક કરી. અને મુસ્લમાનો તેમજ અરનય માનવીઓ માટે ઉચ્ચ નમૂનો કાયમ કર્યો (રીસાલા મૌલવી રબી. અવ્વલ હિ.સ.૧૩૫૧).

:: રાજા ઉદાર પ્રસાદ સહનાં બી.એ એલે.એલ.બી. ઓફ તીલુપો સ્ટેટ.

મોહમંદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમનું હરકામ આપની દરેકવાત સચ્ચાઇનાં સાંચામાં ઢાબેલ હતી આપનું કોઇ પણ કદમ અખલાક અને સચ્ચાઇ વગરનું ન હતું.

(રીસાલા-મહિના જુલાઇ ઇ.સ.૧૯૩૨)

::: <u>સ્વામી બુરજ નારાયણ સ્વામી.</u>

પયગંબરે ઈસ્લામે એક પણ લડાઇ કોઇ પણ પ્રકારના જુલમથી નથી લડી.દરેક વખતે આપની સાથે સામેથી લડાઇ કરવા આવેલાઓને હાથ આડા આપવા લડાઇ કરવા આપમજબૂર થયા હતા.(રીસાલા મહિના જુલાઇ ઇ.સ.૧૯૩૨).

:: <u>ગાંધીજી:-</u>

તે રસૂલ રૂહાની પેશવા હતા. પરંતુ તેમની હું બધાંથી બહેતર સમજું છું.કોઇ પણ રૂહાની પેશવાએ ખુદાની બાદશાહત આવી જામેઅ અને ખુલાસાવાર નથી બતાવી શકયા સિવાય પયગંબરે ઇસ્લામ.(રીસાલા-ઇમાન પટી લાહોર,ઓગષ્ટ-૧૯૩૬)

રાયબહાદુર પંડીત મહવ બી.એ.એલ.એલ.બી. એડવોકેટ અને પ્રેસીડેન્ડ આર્યસમાજ, અજમેર:-

હજરત મોહંમદ મુસ્તફાએ જયારે ખુદા એક છે નું એલાન કર્યું ત્યારે હિદોસ્તાન, ઇરાન,અરબ,અજમમાં સાચા ખુદાની કોઇને પરખ ન હતી અને ઘણાં ખુદાની હસ્તીને ખુદાવિના એમ જ ચાલ્યા કરે છે.પરંતુ અલ્લાહુ તઆલાએ મોહંમદને કહયું કે તમે ફરમાવી દો અને સાબિત કરી દયો કે ખુદા એક છે.

(રીસાલા ઇમાન પટી જીલ્લા લાહોર,ઓગષ્ટ-૧૯૩૬)

:: પંડિત સીતાધારી :-

પેશવાએ દિને ઈસ્લામ હઝરત મોહમંદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમની જીંદગી દુન્યાને બહુજ કિમતી સબક આપે છે.આપની જીન્દગી હર રીતે દુનિયાને સબક આપે છે પણ શરત એ છે કે જોવાવાળી આંખ સમજવા વાળો દિમાગ અને મહેસુસ કરવાવાળું દિલ હોવું જોઇએ.(મોજેઝાતે ઈસ્લામ સફા નં ૭૪)

:: પંડિત હરદેવ પ્રસાદઃ-

જો કોઇ મારાથી પૂછે કે હઝરત મોહંમદ કોણ હતા તો હૂં એના જવાબમાં તરતજ કહીશ કે આપના જમાનાના મહાન પયગંબર ખુદાઇના અલમ બરદાર હકકનાં તરફદાર સચ્ચાઇ ઉપર દિલથી કાયમ,એક જ ઇશ્વરનાં પરીસ્તાર હતા તેમની સુધારણા કાબિલેદાદ હતી અને તે કયામત સુધી કાયમ રહેશે.(મોજેઝાતે ઈસ્લામ).

:: હીઝ હાઇનેસ મહારાજા નરસીગ ગઢ

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નીં જીંદગી સારા અમલ આચરણથી ભરેલી હતી.આપે જહાલત અને અંધકારનાં સમયમાં સુધારો કર્યો અને પોતાની અથાગ મહેનતથી જમાનાને રોશન કર્યો.એજ કારણ છે કે પયગંબરે ઈસ્લામનું નામ પૂરી દુનિયામાં રોશન છે.(રીસાલા ઇમાન પટી જુન ૧૯૩૨)

::ડો.આંબાલાલ એમ.એસ.:-

આપ રસૂલે કરીમ મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખૂબજ સમજદાર ઉચ્ચ સેનાપતિ અને જજ હતા.આપનું જીવન બિલકુલ સાદું હતું.
(રીસાલા ઇમાન પટી જૂન ૧૯૩૨)

:: લાલા રામલાલ વર્મા ઓડીટર અખબાર - તેજ -

લોકશાહી, ભાઇચારા,ભેદભાવમુકત સમાજએ મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સમાજને મોટામાં મોટી દેન છે.

:: લાલા સદાસુખલાલ :-

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ પોતાનાં વિશાળ કલામ અને સારી વાણીથી અરબના મોટા નામવરોને મુરીદ કરી લીધાં.(તારીખે હિન્દ)

:: લાલા દેશબંધુ એડીટર અખબાર ''તેજ'' દિલ્હી

હઝરત મોહંમદ સાહેબનાં જીવનમાં કોઇ એક પણ દાખલો એવો નથી મળતો કે આપે કોઇ કોમ તો કોમ પણ કોઇ વ્યકિતને પણ ઈસ્લામ ધર્મમાં દાખલ થવા મજબૂર કર્યો હોય.આ તો ઇસ્લામ ધર્મમાં દાખલ થવાની વાત છે.પરંતુ મુસ્લીમોનો વર્તાવ અન્ય કોમો સાથે એટલો માનવતા ભર્યો રહયો છે કે એની મીસાલ કયાં પણ મળતી નથી. ઈસ્લામ જેહાદ જેને બુરી રીતે જમાના સામે પેશ કરવામાં આવે છે.ખરેખર એવો કોઇ દાખલો ઇતિહાસમાં નથી કે મુસલમાનોએ પોતાના ધર્મના ફેલાવા માટે અન્ય કોમો પર ત્રાસ ગુજાર્યો હોય.ઈસ્લામી જેહાદમાં એ પણ હુકમ આપવામાં આવ્યો કે ફોજ આગળ

વધે તો રસ્તામાં કોઇને નુકશાન ન થાય. દુશ્મન ઉપર જુલ્મ ન કરવો તેને આશરો આપવો. સ્ત્રીઓ,બાળકો,વૃધ્ધો,બીમારો,પૂજારીઓને જરા પણ ઈજા ન કરવી. આ કેવા ઉચ્ચ હુકમો છે.

લડાઇઓ હમેશા થતી રહી છે.અને થતી રહેશે પણ કોઇ પણ કોમે કોઇ દુશ્મન ઉપર કયારે પણ દયા નથી ખાધી.પૂરી ક્રૂરતા સાથે તેણે દુશ્મનને લૂંટયો બરબાદ કર્યા પરંતુ હઝર મોહંમદના વખતમાં આવો કોઇ દાખલો જોવા મળતો નથી.(તારીખે હિન્દ)

:: માસ્ટર તારાસીંગ પ્રેસીડેન્ટ શીખલીગ

જયારે મારાથી કોઇ કહેછે કે મોહંમદ સાહેબે પોતાનો ધર્મ તલવારથી ફેલાવયો હતો તો મને તે માણસની મુર્ખતા પર હસવું આવે છે.(અખબાર અલ અમાન દિલ્લી જુલાઇ ૧૯૩૨)

:: પંડિત ધર્મદિવે શાસ્ત્રી

એમાં કોઇ શંકા નથી કે મોહંમદ સાહેબ તમામ ઇન્સાનોના ભલાઇ માટે જીવ્યા (અખબાર અલ અમાન,દિલ્લી જુલાઇ ૧૯૩૨)

:: ડો.જે.રામ બરીયા

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસ્સલમઅએ ઉચા આદર્શો અખલાકોની માત્ર ભલામણ જ ન કરી પરંતુ પોતે પણ એ ઉમદા અખલાકો ઉપર અમલ કરી બતાવ્યો. તેમનું જીવન બીજાની ભલાઇ કરવી ત્યાગની ભાવના વાળું જીવન હતું
(મોજેઝાતે ઇસ્લામ બહવાલા યન્ગ ઇન્ડીયા)

:: લાલા સરદારીલાલ

અજ્ઞાની દુનિયામાં ઝેરીલી અબોહવા અને વિનાશકારી સમયનાં માહોલમાં એક હસ્તી એવી ઉછરી જવાન થઇ કે જેણે તે સમયમાં પણ ન તો પોતાના પવિત્ર હાથથી દારૂને અડયા, ન તો કોઇ સ્વરૂપવાન સ્ત્રી ઉપર ખરાબ નજર કરી તે કયારે પણ ખૂનામરકી સામેલ ન થઇ અને ન તો કોઇનાં દિલને કદી ઠેસ પહોંચાડી.

જુગારમાં કયારે ભાગ નથી લીધો.તે સમયમાં માણસો કેવા બદતર કામોમાં ઓત પ્રોત હતા.પરંતુ મોહંમદ સાહેબ આવા કામોમાં કયારે પણ ભાગ ન લીધો.

(રીસાલા. ઇમાન)

:: લાલા મહેરચંદ લુધ્યાનવી

બાની ઇસ્લામ (હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુશ્મનોની ઝુબાન અને તેમના હાથોથી એવા જુલ્મો સહન કર્યા કે જે સહન કર્યા પછી કોઇ પણ કમજોર માણસ પણ હથિયાર ઉપાડી લે.પરંતુ બાનીએ ઇસ્લામે પૂરી તાકાત હોવા છતાં ન તો કોઇના ઉપર ઝબાન ચલાવી કે નતો કોઇના ઉપર હાથ (હથિયાર) ઉપાડવાનું પસંદ કર્યું.પણ અફસોસ આપનાં દુશ્મનોની જુલ્મો ઝડી વધી ગઇ અને આપને લાગયું કે દુશ્મનો આપની મદદગાર નાની જમાતને કતલ કરી નાખશે ત્યારે આખરે આ રહેમ

કરવાવાળા નબીએ જેને ખુદાએ દુનિયા માટે રહેમત બનાવીને મોકલ્યા છે તે મજબૂર થઇ ગયા અને મજબૂરીથી તલવાર ઉપાડી અને તે તલવાર વડે પોતાના કમજોર માણસોની હિફાજત કરી અને એ આખરી ફંસલો એવો હતો કે જેના સિવાય બીજો કોઇ બચાવનો રસ્તો ન હતો બાનીએ ઇસ્લામની જાત મહેરબાન અને દયાના સાગર હતાં જો આપના હાથમાં હોત તો સરજમીને અરબ ઉપર એક ટીપું પણ લોહીનો રેડવા ન દેત જે પણ લડાઇઓ થઇ તે મજબૂરીના હિસાબના હિસાબે થઇ.

:: પ્રોફેસર ઇશ્વરી પ્રસાદ

મોહંમદ સાહેબ અમન શાંતિના ચાહક હતા અને માણસોને તાલીમ આપતા કે ખુદાની બંદગી કરો અને સારાં કામ કરો.(તારીખે હિન્દ)

:: લાલા લજપતરાય :- હું કુર્આનની તાલીમ ઘરેલુ સીયાસત અખલાકી અને રૂહાની તાલીમનો સાચા દિલથી પ્રશંસનીય છું.(રીસાલા મોલવી,રમઝાન ૧૩૫૨)

:: ઇકબાલ :- અઝ કલીદે દી દર દુન્યા કુશાદ
હમ ચુઉ બંતને ઉમ્મ ગીતી નઝાદ

અર્થ:- નબીએ કરીમ દિને ઇસ્લામની ચાવીથી દુનિયાનો દરવાજો ખોલ્યો
દુનિયાની માતાઓએ એમના જેવો બીજાને જન્મ નથી આપ્યો.

પ્યારા વાચકો તમે જોયું કે રસુલુલ્લા સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ વિશે આપણા ભારત દેશનાં અન્ય ધર્મનાં વિદ્વાનો કેવા ઉંચા અભિપ્રાયો ધરાવે છે. જો કે મોહંમદ મુસ્તફા સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમની જાત અલ્લાહ સિવાય કોઇની તારીફની મોહતાજ નથી.પરંતુ આમ મુસ્લમાનો તથા અનય ધર્મનાં લોકો જ્યારે આવા મહાપુરૂષોનાં અભિપ્રાયો જાણે છે ત્યારે એમને આકા સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ વિશે વધારે જાણે છે અને આપની જાતને ઓળખે છે. પોતાની વિચાર સરણીમાં ફેરફાર લાવે છે.

આવો હવે આપણે હઝરત મોહંમદ મુસ્તફાસલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ વિશે યુરોપનાં મહાન ફિલસૂફીઓ અને હસ્તીઓનાં અભિપ્રાયો જાણીએ અને આપ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ વિશે વધારે ઉંચા અભિપ્રાયો ધરાવતા થઇએ.

:: સર વિલિયમ મિયોર

અમે મજબૂત કયાસથી કહીએ છીએ છે કુરાનની હર આયત જે મોહંમદ ઉપર ઉતરી છે.તે સહીહ શબ્દોમાં છે.(લાઇફ ઓફ મોહંમદ)

:: જર્યોજ બર્નાડ શો

ઇસાઇઓએ તઅસ્સુલ અને જહાલતનાં હિસાબે ઇસલામની ઘણી ભયાનક તસ્વીર પેશ કરી છે.તેઓએ ઇસ્લામ અને મોહંમદ સાહેબ માટે એક ભયાનક તહેરીક ચલાવી છે. તે સાહેબ અને મોસન્નીફ ખોટા પડયાં છે. કેમકે મોહંમદ એક અઝીમ હસ્તી છે. અને ખરેખર તેઓ નજાત દેવાવાળા છે.

:: ડો. આરનોલ્ડ

અખલાક અને અહકામ જે પણ કુરાન માં છે તે તેની જગ્યાએ કામીલ છે.(પરીચીન્ગ ઓફ ઇસ્લામ).

:: ડો.લીબાન

કુરઆની ફસાહત અને બલાગત નવા નવા મુસ્લીમ પૈદા કરી લે છે.

(તમદ્દુને અરબ)

:: નેપોલીયન બોનાપાર્ટ :-

આપ સલ્લલાહો અલહે વસલ્લમનાં બારામાં લખે છે કે મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમએ અરબવાળાને એકતાનો સબક દીધો.તેમનાં આપસી ઝગડા અને વાંધાઓને ખતમ કર્યા થોડા જ સમયમાં આપની ઉમ્મત અડધી દુનિયાને ફતેહ કરી લીધી.પંદર વરસનાં ગાળા દરમિયાન જ માણસોએ પથ્થર અને મનગડત ખુદાઓની પૂજાથી તોબા કરી લીધી.માટીનાં માબૂદ માટીમાં જ મેળવી દીધા.આ હેરત અંગેજ કારનામું મોહંમદની તાલીમ થકી જ થઇ શકયું.

:: બીઓ ટોલ્સ્ટોય:-

આ પશ્ચિમી દુનિયાનો મોટો ફિલસૂફી છે. તે લખે છે કે મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમનું તરજે અમલ અને ઇન્સાની અખલાક ઉપર અમલ કરવા ઉપર મજબૂર થઇ જઇએ છીએ કે મોહંમદની સઘળી તાલીમ માત્રને માત્ર સચ્ચાઇ ઉપર જ કાયમ છે.

:: એ.ગેલુમ લખે છે કે:-

ઇન્સાની તવારીખમાં મોહંમદનું મકામ ઉંચો અને બધાથી બુલંદ છે. તેમની એ મોટી સફળતા છે. કે તેમણે લોકોને ખુદા એક છે અને મુસ્લિમની ઉમ્મત એક છે. એ અકીદો કબૂલ કરવાં આમાદા કર્યા.

:: ડો.કલાર્ક

લખે છે કે ઉચામાં ઉચો તો મઝહબ જો દુનિયામાં જોઇએ તો તે એકજ મઝહબ ઇસ્લામ છે

મિસ્ટર હોલ્ડરસન:

લખે છે કે હઝરત મોહંમદનો ફેલાવેલ દીન ઇસ્લામ બિલકુલ સીધો અને સાફ છે. તેમાં એક મોટો અકીદો છે કે તે એક જ કિતાબ કુરઆન પાક ઉપર છે. તે સખતી સાથે તોહિદનો મઝહબ છે.

"A history of intelectual
Developmant of Europe"

જોન વિલીયમ ડ્રેપર,એમ.ડી.એલ.એલ.ડી. (ઇ.સ.૧૮૭૩)

અરબનાં શહેર મકકામાં એવો ઇન્સાદ પૈદા થયો જેણે બધાથી વધીને ઇન્સાનોનાં વંશ ઉપર એક મોટો અસર નાખ્યો હઝરત મોહંમદ કેટલીય હુકુમતોની તકદીરનાં ફૅસલો કરવાવાળા હતા.

કાયમી હકીકકતનું એલાન કર્યા પછી એમ જે બેકાર,મસરૂફ ન હતાં પણ જાતે પાકીઝગી,સંજીદગી નમાઝ,રોઝાનાં અમલ બીજાથી વધારે પ્રમાણે અદા કર્યા તેમણે સદકા ખૅરાતને વધારે મહત્વ આપ્યું હતું તે સિવાય તેમણે હર ધર્મનાં પેરૂકારનાં નેક માણસોની નજાતને કબૂલ કર્યુ હતું. ખુદા એક છે એનાં એલાનની સાથે તેમણે એમ પણ કહયું. કે મોહંમદ ખુદાના રસૂલ છે.

એમણે માત્ર એલાન જ ન કર્યુ પરંતુ રસૂલ હોવાનાં તમામ અખલાક તેમણે દૂનિયાની સામે પેશ કર્યા જેનાં થકીજ આજે દુનિયાની ત્રીજા ભાગની વસ્તીનાં હાદી બની ગયા દુનિયાએ આજનાં આલીમોને જોઇ આ બાબત ચકાસી શકે છે.

Islam Her moral and spiritval value

ઇસ્લામ અને એની અખલાકી રૂહાની કદર કિમત લેખક-મેજર આર્થર ગુણાન લીઓનાર્ડ

આ કિતાબ લડંનમાં ૧૯૦૯માં લખાઇ આ કિતાબનાં પેજ નં ૧૦૩ ઉપર મેજર આર્થર લીઓનોર્ડ લખે છે કે હઝરત મોહંમદની વિચાર સરણી બુધ્દિગમ્ય અને કેળવણીથી સજજ હતી સીયાસતી દૂરંદેશી,લોખંડી,ઇરાદો અને અતિશ્ય ધીરજ એ એમનાં ઉચ્ચગૂણો પૈકી હતા.

હઝરત મોહંમનો સ્વભાવ અને મકસદનું સાબિત કદમ રહેવું એક એવસ હકીકત જેને આપણે નજર અંદાજ ન કરી શકીએ એજ કારણથી મજહબ સાથે જકડી દીધા.

ટૂંકમાં અટલું સમજી શકાય કે ઇસ્લામ કોઇ માન્યતા નથી પણ એક અમલી ધર્મ છે. ઇસ્લામની શરૂઆત જ અમલથી થઇ અને અમલ ઉપર જ જીવીત છે.કેમકે હઝરત મોહંમદ જે વાતનું ધર્મ પ્રચાર કર્યો તેને તેમણે અમલ(આચરણ)નો જામો પહેરવ્યો હતો.

આથર ગોલમેલીન :-

હઝરત મોહંમદ ઘણીજ તારીફને લાયક છે. કે જેમણે ફતેહ મકકાના મૌકા ઉપર પોતાનાં વિરોધી કે જેઓ એ તેમની સાથે જુલમ કર્યા હતા. પોતાની નારાજીને પડખે મૂકી પોતાની ફૌજને બદલો લેવાથી રોકી હતી.દરેક રીતે આજીજી અને નરમાઇનો વર્તણ કરી અલ્લાની મહેરબાનીનો શુક્ર અદા કર્યો.

માત્ર ચાર જ જણને મોતની સજા આપી કે જેમણે મુસલમાનો ઉપર અત્યંત જુલ્મ અને ખૂની ખેલ ખેલ્યા હતા.

આ ચાર જણાની મોત અન્ય ફતેહમંદ હાકીમોનાં મુકાબલામાં બિલકુલ ઇન્સાનીયતનો મુકાબલો માની શકાય.

જેવી રીતે સલીબી જંગોમાં તવારીખમાં તમે જાણી શકો છો કે આ આ જંગોમાં ઇસાઇઓ એ ઇ.સ. ૧૦૯૯માં જેરૂસલેમ ફતેહ કરીને ૭૦,૦૦૦ મુસલમાનો મર્દ,ઓરતો અને બચ્ચાને મોતને ઘાટ ઉતાર્યા.

અન્ય એક સલીબી જંગ કે ગોલ્ડ કોસ્ટની જંગ કહેવાય છે. ઇ.સ.૧૮૭૪માં આ જંગમાં એક આફ્રિકી દારૂલ હુકુમતને આખી આગથી સળગાવી દેવાઇ હતી.

મોહંમદની ફતેહ અસલમાં ધાર્મિક ફતેહ હતી ન કે સીયાસી પોતાની જાતી અકીદતની હર અલામતોને એક બાજુ અળગી રાખી દીધી.તમામ શાહી ઠાઠમાઠ આપે ઇનકાર કરી દીધો ફતેહ મકકા સમયે જયારે મકકાના સરદારોને આપની સમક્ષ પેશ થયા ત્યારે હઝરત મોહંમદે તેમનાથી સવાલ કર્યો કે તમે મારાથી કેવા વર્તાવની અપેક્ષા રાખો છો? ત્યારે સરદારો જવાબ આપ્યો કે હે સખીભાઇ અમારા ઉપર રહેમ કર તેમની વિનંતીને કબૂલ રાખીને ફરમાવ્યું હું તમારા ઉપર રહેમ કરૂં છું તમે જાઓ આઝાદ છો.(અરબ મુસલમાન,સફા નં૧૮૪-૧૮૫ લંડન ૧૮૮૭)

Muhammed The educator રોબાર્ટ એલ.ગલગ

રોમની સલતનતથી મોટી હુકુમતે ઇલાહીનાં ગલબા ઉપર ઇસ્લામનો ઉદય હઝરત મોહમદ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ એક એવો કાયમી નિઝામ જારી કર્યો કે જેણે ઇસ્લામી કલ્ચરની પ્રખ્યાતીને બેમિસાલ તહરીક અને ચેલેન્જ કરવાવાળી તાકાતને સાચો ઇન્કીલાબ બનાવ્યો.

(હઝરત મોહંમદ બતોર મોઅલ્લીમ સફા નં ૫ ૧૯૭૨)

એક સદીથી વધારે સમય પહેલાં પાદરી જયોર્જ બુશ ઇસ્લામ અને એની તાસીર વિશે પોતાની કિતાબ(હયાતે મોહંમદ)માંલખ્યું કેઃ-

મોહંમદ મજબૂત ઇરાદાવાળા ,કામીયાબીનાં કુખથી જન્મ લેવા વાળા હતા. એમના જેવો ઇન્કલાબ દુનિયામાં બીજો.

કોઇ ઇતિહાસમાં મળતો કે જડતો નથી જે ઇન્કલાબે દુનિયાની સકલ બદલી નાખી હોય.(હઝરત મોહંમદ બતોર મુઅલ્લીમ સફા નં-૬-૭ લાહોર,૧૯૭૫)

નતીજો નીકળે છે કે એક મોટા અરબી કલ્ચરની શરૂઆતની ખાસ હસ્તી હઝરત મોહંમદનું મોજેઝો કુરઆન હતો.

(હઝરત મોહંમદ બતોર મુઅલ્લીમ સફા નં-૬-૭ લાહોર,૧૯૭૫)

:: ડીન્કન બ્લેક મેકેડોનાલ્ડ :-

હજરત મોહંમદ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ આમ શાએરી મુખાલીફ હતાં પરંતુ હઝરત હસ્સાન પોતાની ખાસ શાએરીથી આપને ખાસ હેતુ હતો તેને કાયમ રાખ્યો. હઝરત હસ્સાનની શાએરી રસૂલનાં વિરોધીઓનાં તન્જ અને બદઝબાનથી ભરેલા બોલ અને શેરનાં જવાબ રૂપે ખાસ અંદાજમાં લખાયેલા હતાં.હઝરત મોહંમદ સલ્લલાહો

અલહેસલ્લહો અલહે વસલ્લમ મસ્જીદમાં મીમ્બર લગાવતાં અને હજરત હસ્સાનને તેના પર ઉભા રહી શાયરી સંભાળવવાનું કહેતા.હઝરત હસ્સાન મીમ્બર ઉપર ઉભા રહી ઈસ્લામનાં વિરોધીને મૂંહતોડ જવાબ રૂપે શાયરી કહેતા તો હઝરત મોહંમદ તેમની બાજુમાં ઉભા રહી ખુશ થતાં.એવા ઘણાં ઓછા પ્રસંગો છે કે જયારે હઝરત મોહંમદ શાયરી બરદાસ્ત કરી હોય.

ઈસ્લામ શાયરીનું બિલકુલ મુખાલીફ નથી પરંતુ તે બુરી શાયરી પસંદ નથી કરતો અને સારી શાયરીને વખાણે છે. કુરઆન જયાં શાયરોને વાદીમાં ભટકેલા કહયા ત્યાં શાયરોને અલગ કરાર દીધા કે જેઓ ઈમાન અને નેક આમાલનાં હામીલ હોય જયાં રસૂલે ખુદાએ અરબનાં શાયરો ઉમર ઉલ કૈશને શાયરોનો સરદાર અને જહન્નમનો કાએદ બતાવ્યો ત્યાં વળી પોતાનાં દરબારી હઝરત હસ્સાનની તારીફ કરી હતી જયારે પણ દુશ્મનાને ઈસ્લામ હૂઝુરની કે ઈસ્લામની શાયરીમા બુરાઇ કરતા તો આપ હસ્સાનને કહેતા કે તમે અખલાકી અંદાજમાં એનો જવાબ આપો. ત્યારે જ આ ઈસ્લામનાં અવ્વલ શાયરે રસુલુલ્લાહની અને ઈસ્લામની ખુબીઓ બયાન કરતાં જયારે કોઇ પણ ફન કે ઈલ્મ નેકીનાં ફેલાવા માટે કે જીવનને સુધારવા માટે છે તો તે તારીફને લાયક છે. નહિંતર તે નફરત ને લાયક છે.

સર્વથી પ્રથમ નાતીયા રાયરી હઝરત હસ્સાને શરૂ કરી ત્યારબાદ અરબી,ફારસી, ઉર્દુ,પંજાબી વગેરે ભાષાઓમાં ફેલાઇ ફારસીમાં મોલાના રૂમ,સાદી,જામી જાને કુદસી,અમીર ખુશરો અને ઉર્દૂમાં અમીર મીનાઇ,હાલી,ડો.ઇકબાલ ઝફરઅલીખાં હફીઝ જાલંદરી અન્ય અગણિત શાયરોએ મોહસીન ઇન્સાનિય્યતથી પોતાની મોહબ્બત અકીદતનું ઈઝહાર કર્યું

ગૈર મુસ્લિમ શાયરોએ પણ અઝમતે રસૂલનું ઝીકર કર્યું છે અગર તમે ધ્યાનથી જોશો તો કુરાનપાક પણ હઝરત મોહંમદની ઝીક્રેખૈર ની નાત જ છે.

(અરબ મુસલમાન પેજ નં ૧૮૪ થી ૧૮૫ લંડન ઇસ.૧૮૮૭)

અગનઝ ગોલ્ડ ઝીહર :-

રસૂલે ખુદાની દુનિયામાં તશરીફ આવરીથી પહેલાં આમ અરબ ખાસ કરીને તાએફ, મદીના નાં અરબોની અખલાકી,દુન્યવી,આર્થિક,ધાર્મિક અને સીયાસી હાલત કોઇ કરતાં કોઇ રીતે પણ ખુશગવાર ન હતી. તમામ ઇતિહાસકારો એકમત છે. કે હાદીએ બરહકની આમદથી એક નવી રોશની પૈદા થઇ અરબોમાં નશાખોરી, જુગાર,લુટમાર,વ્યભિચાર, વ્યાજખોરી,વંશાભિમાન,લડાઇઓ,મૂર્તિપૂજા વહેમ,દીકરીઓને મારી નાખવું,એયાસી લડાઇ વગેરે દુષણો ઉપરાંત કોઇપણ રાજકીય છત્ર કે વ્યવસ્થા વગર જીવન ગુજારતા હતા. કોઇ પણ મામૂલી વાત એમની વચ્ચે જગડો થતો તો તે ઝગડો સદીઓ સુધી ચાલતો.બીજાના માલને લૂંટી લેવાને પોતાની બહાદૂરી,સમજતા વંશનાં ફરકથી અલગ-અલગ કબીલાઓમાં ફંટાયેલા રહેતા.આ કબીલાઓ વચ્ચે લડાઇઓ ચાલુ જ રહેતી એટલા માટે કોઇ હુકુમત કાયમ ન થઇ સ્ત્રીઓને આ સમાજમાં કોઇ સ્થાન ન હતું.

અમૂક અરબો પોતાની દીકરીઓને જીવતી જમીનમાં દાટી દેતા હતાં.સ્ત્રીઓ સાથે લગ્નની કોઇ હદ મુકરર ન હતી અને ન સ્ત્રીઓને વારસાનો કોઇ હક હતો.દરેક રીતે સ્ત્રીઓની હાલત ખરાબ હતી.

ખોટી અંધશ્રધ્ધા,જાડ પથ્થર,સૂરજ,ચાંદ,સીતારા અને બીજી ઘણી બધી વસ્તુઓની તેઓ પૂજા કરતા આ બધા ઇશ્વરોમાં સૌથી મોટા ખુદા લાત, મનાત,ઉઝઝા,હુબલ વગેરે હતા.તે જાહીલ અરબો ખુદાનાં ઘર કાબા શરીફમાં ૩૬૦ મસ્નોઇ ખુદા રાખ્યા હતા.

રસૂલે ખુદાએ પોતાની તોહીદ અને રીસાલતની તાલીમનાં લીધે તેઓને આ બધી ગંદકી (દુષણોથી પાક કરવાની હર મુમકીન કોશીસ કરી.તેમની ૨૩ વર્ષની એકધારી જધ્દો જેહદનું પરીણામ એ આવ્યું આ જાહીલ અરબો જહાલતમાંથી નીકળી જીલ્લતથી નીકળી બુલંદીઓ પર ફાએજ થયા.પછી તેઓએ દુનિયાની બીજી ગુમરાહ કોમોને નેક અને ધર્મ લાયક બનાવી દીધી.

સુબ્હાનલ્લાહ પ્યારા વાચકો તમે જુઓ કેવી તસ્વીર બતાવી છે. અને હાદી એ દોજહાં સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમની શું શાન નિખારી છે.
અહીં અલ્લામાં ઇકબાલનાં થોડા શેરથી રૂહને મોઅત્તર કરીએ ઇમાનને રોશન કરીએ.

શેર

હકક તઆલા પૈકરેમાં આફ્રીદ
વઝ રીસાલત દર તનેમાં જાં હમીદ
હરફ બેસુરત અંદરી આલમ બદેમ
અઝ રીસાલત મીસર અ મોઝુ શુદેમ
અઝ રીસાલત દર જહાં તકવીનેમાં
અઝ રીસાલત દિનેમાં આઇનેમાં
અઝ રીસાલત સદ હઝારમાં યક અસ્ત
જુઝ વમાં અઝ જુઝવમાં લા યુનફીક અસ્ત

અનુવાદઃ- અલ્લાહ તઆલાએ અમારા જીસ્મને પેદા કર્યા અને નબુવ્વતનાં જરીએ અમારા જીસ્મમાં રૂહ ફૂંકી દીધી અમે દુનિયામાં બે અવાજ હતાં પણ રીસાલતનાં જરીએ અમને લાયક(જેવી રીતે કલામમાં ગોઠવાયેલા શેર હોય) તેની રીત અમારા કલામને બનાવી દીધો.

નંબુવ્વતે મુહમ્મદીનાં લીધે અમારી હસ્તી અમારો દીન અમારો આઇન બની ગયો તે રીસાલાલતનાં લીધે અમારા લાખો એક-બીજા માણસો તોહીદનાં હામીલ છે એટલા માટે અમે એકબીજાથી જુદા નથી.

:: એસ.ડી. કોઇટન

સરદારે અંબીયા સરદારે રસૂલ હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમની મકકા જીંદગી એમની નબુવ્વતનો સમય તરેહ-તરેહની મુશ્કેલીઓ અને મુસીબતોથી ભરેલ હતો. જયારે આપે હકકનું પૈયગામ દેવાનું શરૂ કર્યુ તો મકકાવાસી આપને તરેહ-તરેહની ઈજાઓ,તહોમતો,બદનામ કરવાનું શરૂ કરી દીધું તેઓએ હુઝુર અને તેમના સાથીઓનું જીવન તંગ(દુષ્કર) બનાવી દીધું.જયારે મકકાવાસીઓએ આપના પયગામ તરફ ધ્યાન નઆપ્યું તો આપ તાએફની તરફ પોતાની તબ્લીગનો રૂખ કર્યો પણ ત્યાં પણ આપને કામયાબી ન મળી મકકાવાળા આપને પોતાનાં માબુદ પોતાનાં માઅબુદ(ખુદા) અને પોતાનાં વડીલોની રીત રસમોનાં વિરોધથી રોકવા આપને ઘણી લાલચો આપી.સમજાવટ કરી પણ આપ પોતાનાં મજબૂત ઈરાદાથી ન હટયાં.

જયારે દુશ્મનોનાં બધા પ્રયાસ નાકામ થયાંતો અલ્લાહના રસૂલને શહીદ કરી નાખવા મનસૂબો બનાવ્યો જેને અલ્લાહ તઆલાએ નિષ્ફળ બનાવ્યો આવા જુલ્મો સિતમથી ભર્યા માયુસી વાળા હાલાત જયારે મકકાને મૂકી આપના સાથી હઝરત અબુબકર સાથે મદીના શરીફ જવા સફર શરૂ કર્યો.આ હિઝરત ઈસ્લામી તવારીખનો મહત્વનો સમય છે.કારણ કે આ હિજરત બાદ ઈસ્લામ અને મુસલમાનોને પ્રગતિ અને સફળતા નસીબ થઇ.જો હાદીએ રહેબર મકકામાં જ સીમીત રહી જાત અને દુનિયામાં ફેલાવાનો મોકો ન મળત.પોતાનાં વતનને મૂકી આપ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ અને તેમનાં સહાબીઓને અઝમત અને બુલંદી નસીબ થઇ.એટલા માટે હિજરતથી મુસલમાનોને મજબૂતી નસીબ થઇ. હવાલા

(ઈસ્લામી તવારીખ ઈસ્લામી ઈદારોંકા મુતાએલા પેજ નં ૩૪ નેધરલેન્ડ ૧૯૬૮)

ઈકબાલ

હિજરત આઇને હયાતે મુસ્લીમ અસ્ત
ઇઝ અસબાબે સુબાતે મુસ્લીમ અસ્ત.
રોનકે અઝમાં મહેફીલે ઐયામરા
ઉ રોસોલ રા ખતવમ વમાં અકવામરા
ખીદમતે સાકીં ગીરી બાબા ગુદાશત
દાદ મારા આખરી જામે કે દાસ્ત

::- જોન ડીયોન પોર્ટ :-

મોહંમદ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમની મજબૂત અને સચ્ચાઇની ગવાહીએ છે કે ઈસ્લામમાં દાખલ થવાવાળા સર્વ પ્રથમ સૌ પ્રથમ મિત્રો તેમજ તેમનાં નજીકના કુટુંબીજનો જ હતા.જે તેમની અંગત જીંદગીથી ખૂબ જ વાકેફ હતા.

બાનીએ ઇન્સાનનાં અંજીમ મહાન અને બધાથી વધારે ગમખ્વારીવાળી ઝાત ઉપર નુકતેચીની કરવાવાળા મુશરીકોનાં વિરોધને રદબાતલ કરતો આ જોન ડીયોન પોર્ટનો

જવાબ છે.આગળ તેમણે લખ્યું છે કે જયારે રસૂલે કરીમ નબુવ્વતનું એલાન કર્યુ તો સોથી એ નેક રૂહો તેમના ઉપર ઇમાન લાવી જેમાં તેમના નજીકનાં દોસ્ત કુટુંબીજનો અને નજીક રીશ્તેદાર હતા. તવારીખે ઈસ્લામ એ જાતની ગવાહી આપે છે કે રસૂલે મકબૂલ સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમની જીંદગી ખેર બરકત,સચ્ચાઇ, દયાનતદારી ગમગુઝારી અને નરમાશ અને ઇન્સાફની ખૂલ્લી દલીલ હતી. એટલું જ નહિ પરંતુ નબુવ્વતથી પહેલાં પણ મકકાવાળાઓએ તેમની પાકીઝા અને ઉંચા અખલાકવાળી જીંદગી જોઇ તેમને અમીન(અમાનતદાર) અને સાદીક(સચ્ચાઇવાળો)નો લકબ આપ્યો હતો.

હઝરત મોહંમદ જયારે બીબી ખદીજતુલ કુબરા સાથે શાદી કરી ત્યારે આપની ઉમર ૨૫ વરસની હતી.ખદીજતુલ કુબરા આપની શરાફત અને પાક જીન્દગી અને ઉમ્દા આદતો જોઇને તેમનાથી શાદી કરી લીધી.

હઝરત મોહંમદ ઉપર જયારે અલ્લાહ તરફથી પહેલી વહી નાઝીલ થઇ અને આ વહિની વાત તેમણે ખદીજતુલ કુબરાને સંભળાવી તો તેમની આ બીબીએ કાંઇ પણ શંકા રાખ્યા વગર આપની નબુવ્વતનો સ્વીકાર કરી લીધો અને ઇમાન લઇ આવ્યા.અને એતો સર્વ સ્વીકૃત નિયમ છે કે કોઇ પણ વ્યકિત પોતાની રફીકે હયાથી(પત્ની)પોતાનાં કીરદાર છુપાવી શકતો નથી કારણ કે તે એકબીજાનાં ભેદથી ખૂબજ વાકેફ હોય છે. કુરાને પાક એટલે જ મર્દ-ઓરતને નજીકનાં સબંધથી એકબીજાનાં લીબાસ કરાર દીધા.

હુન્ન લીબાસલ્કુમ વ અનતુમ લીબાસુલ્લહન્ન

અર્થઃ- ઔરતો તમારી લીબાસ છે અને તમે પણ તેમનાં લીબાસની હૈસીયત રાખો છો.

એવી રીતે હઝરત ખદીજા તેમાનાં જાહેર બાતીન,ઉમદા અખલાકી કીરદારથી ખૂબ જ પરિચિત હતા.હઝરત મોહંમદનાં આ ઉંચા અખલાક અને સચ્ચાઇ થકી તેણીએ કોઇ પણ શંકા રાખ્યા વગર ઇસ્લામ કબૂલ કરી લીધું નબુવ્વતે મોહંમદીની સચ્ચાઇનો સબૂત તેણીએ આપી દીધો તેથી આપનો મરતબો ઔરતોમાં બુલંદ છે.કે સોથી પહેલાં ઇમાન લાવ્યા.

(હવાલા હઝરત મોહંમદ ઔર કુરાનસે માઝેરત કે સાથ પેજ નં.૧૭ લંડન ૧૮૬૯)

:: મેજર આર્થર ગોલોન લીયોનાર્ડઃ-

(કિતાબ-ઇસ્લામ અને તેની અખલાકી કદર-કિમત લંડન-ઇ.સ.૧૯૦૯)

જયારે આપણે હઝરત મોહંમદ અને તેમનાં કાર્યો ઉપર દરેક બાજુએથી ચકાસણી કરીશું ઘર અંદર-બહાર બરાબર પાકીઝા અમલવાળી હતી.

આપનો સમય આટલો બા બરકત હતો કે તેમના જાનીસાર પરવાનાની માફક આપ ઉપર જાન ન્યોચ્છાવર કરવા તૈયાર રહેતા અને આપના હુકમ પર લબ્બેક હકેતા.તેઓ ઘણાંજ ખુશ નસીબ હતા.જેઓએ આપનો દીદાર કર્યો અને આપની પાક સોહબતથી ફૈઝ લીધો. એવો એક દોર છે જે સમયમાં આપના સાચા આશીક અકીદત અને

મહોબતનો ઇજહાર ન કર્યો હોય પાછળવાળાનો આપની જીયારત પણ નસીબ ન થઇ અને નતો આપની જબાન મુબારકથી કોઇ કલામ સાંભળ્યો છતાં ઇશકે રસૂલ માં કોઇ કમી ન આવી.આપની ઇઝઝત અને હુરમત,બુઝુર્ગી, અને મુહબ્બતનુ પ્રતિક છે.

જયારે આપણે હઝરત મોહંમદ અને તેમનાં કાર્યો ઉપર દરેક બાજુએથી ચકાસણી કરીશું ત્યારે માલુમ પડશે કે તે માત્ર એક બહાદુર નબી ન હતાં પરંતુ તેનાથી પણ કંઇ વિશેષ હતા.તે સાચે જ ઇન્સાનોનાં સાચા રહેનુમા હતા.જયારે તેમની ઇન્સાનીયતની અસલી કદરથી આપણે નજર કરીશું તો તવારીખમાં તેઓ મર્દાનગી,સીયાસી,મઝહબી સુધારણામાં અલમ બરદારની હૈસીયતથી અલગ જ તરી આવે છે.જયારે માનવીઓમાં ભેદભાવ ઓછો થશે ઇન્સાનિય્યત વધારે પ્રમાણમાં હશે ત્યારે હઝરત મોહંમદ એ જમાનામાં વધારે રોશનીમાં નજર આવશે.

(ઇસ્લામ અને તેની અખલાકી કદર કિમત સફા નં.૧૦૮ થી ૧૦૯ લંડન ઇ.સ.૧૯૦૯)

હઝરત મોહંમદ ફકત નબી જ ન હતાં પણ તે મોટા મોહિબ્બે વતન અને સીયાસતદાન પણ હતા. તેમણે દુન્યવી અને રૂહાની બંને બાજુથી એક અઝીમ સલ્તન અને તેનાથી વધીને પણ એક અઝીમતર ધર્મનાં બાની હતા તે પોતાની ઝાત પોતાની કૌમ અને પોતાના ખુદાથી એકદમ મુખલીસ હતા. આ વાતને માનીને ઇસ્લામનો એક તાલીબે ઇલ્મ ઇસ્લામનો એક વિશાળ સાચો ધર્મ તસ્લીમ કરશે.જે પોતાના માનવા વાળાનાં અંધકારની ખાઇમાંથી કાઢી સચ્ચાઇની દુનીયા તરફ લઇ જવાની કોશીશ કરશે.

હવાલા(ઇસ્લામ અને તેની અખલાકી કદર કિમત સફાનં ૨૦-૨૧ લંડન ઇ.સ.૧૯૦૯)

:: મલટન એ.આર્ગબ (લંડન યુનિવર્શીસીટી અરબી પ્રોફેસર)

હઝરત મોહંમદ પોતાના મકશદની સચ્ચાઇ અને નેકીમાં ડુબેલો ઇમાન રાખી જે પણ કાંઇ કર્યુ તે બીજો કોઇ પણ માણસ ઉંડા વિશ્વાસ વગર કાંઇપણ ન કરી શકે તેમની નાની વયમાં ઇમાન લાવનાર આપનાં પિતરાઇ (કાકાના દીકરા)ભાઇ હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હો આપ ઉપર ઇમાન લાવ્યા અને આપનાં પયગામને દીલો-જાનથી સ્વીકારી લીધું.હઝરત મોહંમદ આપનાં વાલીદ અબ્દુલા અને દાદા અબ્દુલ મુતલીબની વફાત બાદ આપ પોતાનાં ચાચા અબુતાલીબની પરવરીશમાં આવ્યા હઝરત અલી અબુતાલીબનાં દીકરા છે. એટલે હઝરત મોહંમદ પયગંબર અને હઝરત અલી વચ્ચે પણ ઘણી વધારે નજીકતા હતી.

એના સિવાય ગુલામો જે ઘરનો જ સભ્ય ગણાય છે તે ગુલામોમાંથી આપનો આઝાદ કરેલ ગુલામ હઝરત ઝૈદબીન હારિશ ઇમાનલાવ્યા તેણે રસૂલે કરીમની આદતોને નજીકથી જોઇ હતી કોઇ જાતની શંકા રાખ્યા વગર આપની નબુવ્વતનો સ્વીકાર કર્યો હતો.મકકામાં આપનાં તદન નજીકનાં મિત્ર હઝરત અબુબકર હતા.જે તે સમયે મકકાનાં પ્રતિષ્ઠિત,વ્યકિત માલદાર અને ઇજજતવાન હતા.મકકાવાળા આપની શરાફતનાં કાએલ હતા.જયારે હઝરત અબુબકરને જાણ થઇ કે હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમે નબુવ્વતનો એલાન કર્યુ છે તો આપ પણ તેજ ક્ષણે ઇસ્લામનો સ્વીકાર કરી લીધો.

હઝરત અબુબકરનાં લીધે હઝરત ઉસ્માન,અબ્દુલ રહેમાન બીન ઓફ,સાદ ઇબને અબી વકકાસ અને બીજા લોકો આપની નબુવ્વત ઉપર દિલજાનથી ઇમાન લાવ્યા.

ત્યાર બાદ આપના પાકીઝા અખલાક ઉચા કીરદારને જોઇ બીજા ઘણાં માણસો આ પવિત્ર ગિરોહમાં દાખલ થયા.આ આપની પાકીઝા અને સચ્ચાઇવાળી જીંદગીની અસર હતી.પેલા મુશરીકોમાંથી ટોળે ટોળા ઇસ્લામમાં દાખલ થતાં ગયા જે આપની અખલાકી જીંદગીનો જ પ્રતાપ હતો.

હઝરત મોહંમદની અજમત અને સચ્ચાઇનો એકરાર પોતાના શું પણ પારકાને પણ કરવું પડયો.કુરાન પાક આપની જીંદગીને બધાનાં માટે નમૂનો ઠેરવ્યો.જે માણસ આપની શીરત અપનાવશે તે કુન્દન બની જશે.

ઇસ્લામ પ્રાઇવટ લાઇફ અને પબ્લીક લાઇફ ને અલગ-અલગ ખાનાં નથી રાખતો એટલા માટે સાચો મોમીન પોતાની જીન્દગીમાં અંદર-બહાર સરખો અમલવાળો બની રહે નહિ કે તે ઘરમાં પારસ જેવો અને બહાર શૈતાની કીદ્દાર કે બહાર હમદર્દ અને ખુશ અખલાક હોય અને ઘરવાળા માટે મુસ્સીબત હોય હાદી-એ-દો જહાંની સીરત ઘરમાં ને ઘર બહાર બરાબર પાકીઝા અમલવાળી હતી.

આપનો સમય આટલો બા બરકત હતો કે તેમના જાનીસાર પરવાનાની માફક આપ ઉપર જાન ન્યોચ્છાવર કરવા તૈયાર રહેતા અને આપના હુકમ પર લબ્બેક હકેતા.તેઓ ઘણાંજ ખુશ નસીબ હતા.જેંઓએ આપનો દીદાર કર્યો અને આપની પાક સોહબતથી ફૈઝ લીધો. એવો એક દોર છે જે સમયમાં આપના સાચા આશીક અકીદત અને મહોબતનો ઇજહાર ન કર્યો હોય પાછળવાળાનો આપની જીયારત પણ નસીબ ન થઇ અને નતો આપની જબાન મુબારકથી કોઇ કલામ સાંભળ્યો છતાં ઇશકે રસૂલ માં કોઇ કમી ન આવી.આપની ઇઝઝત અને હુરમત,બુઝુર્ગી, અને મુહબ્બતનુ પ્રતિક છે. જીંદગીની દરેક ઘરના તેમને હકીકત પસંદ અને પૂરજોશ ઇન્સાન સાબિત કરે છે જે પોતાના અકીદા અને માન્યતાઓ સુધી તકલીફો સહન કરીને પહોંચવાની કોશીસ કરેછે.

(મોહંમદ મોહંમદ ન અઝમ સફા ૮૭-૮૮ લંડન ઇ.સ.૧૮૭૬)

જો હઝરત મોહંમદ બુરા કામો જેવાકે માનવીનું બલીદાન નાની બાળકીઓની હત્યા ખૂની ઝગડા,સ્ત્રીઓએ સાથે જુલમ ગુલામોની સાથે ખૂની વર્તાવ દારૂ,જુગાર જેવી બદીને નરોકી હોત તો તે બેરોકટોક ચાલુ જ રહેત.

(મોહમંદ મોહંમદ ન અઝમ સફા ૧૨૬ લંડન ઇ.સ.૧૮૭૬)

:: <u>રોબર્ટ એલ. ગલગ</u>

એ વાત સાચી છે કે હઝરત મોહંમદ આવ્યા એ પહેલાં પણ કાબા શરીફનો હજજ થતો હતો પરંતુ તે સમયે હજજ માટે માત્ર આજુબાજુ ના જ માણસો આવતા હતા.દૂર દૂરનાં લોકો હજજ માટે આવતા ન હતા.પહેલાં કાબો માત્ર અમૂક કબીલાઓ માટે આસ્તાનો હતો.પરંતુ હઝરત મોહંમદના આવ્યા પછી ઘણી કૌમો માટે એક મુકદસ મુકામ બની ગયું.૧૩૦૦ વર્ષ ઉપર હઝરત મોહમંદે સ્ત્રીઓને એ હક આપ્યો કે

જાયદાદની વારસ બની શકે છે.યુરોપમાં ૧૮૭૫ ઇ.સ.સુધી સ્ત્રીઓને આ હક ન હતો.

હઝરત મોહંમદને સર્વ પ્રથમ ઇન્સાફ પસંદનો એજાઝ હાંસીલ છે જેમણે સર્વ પ્રથમ ઇરાદા પૂર્વકનું મૌત અને કુદરતી મૌત વચ્ચેની ભેદરેખા દોરી બતાવી ઇસ્લામનાં કાનૂન નાં જાણકારને એ તાકીદ કરવામાં આવી છે તે બને પક્ષોનાં બયાન સાંભળ્યા બાદ અદાલતમાં પેશ કરવામાં આવેલ સબૂતને નજર સામે રાંખી મુકદમાનું ફેસલો કરે.

અનપઢ શિક્ષક એટલે હઝરત મોહંમદનો સાચો અને મોટામાં મોટો મોજીઝો અને અરબોને માટે મોટામાં મોટો તોહફો કાયમ રહેવાવાળી કિતાબ કુરઆન હતી આ કિતાબ મકકાની માતૃભાષાને અરબોની અદબીની ઝબાનની હેસિયતથી દવામ બક્ષયું.

આખરે તમામ ઇન્સાનો માટે ઇસ્લામની આસમાની નોઇયતનાં હિસાબે અરબી ઝબાન દુનિયાની એક અલગ ભાષા બની ગઇ.

હઝરત મોહંમદ એક ચોકકસ જગ્યાએ સૂરજ અને સગીર સીતારાની વાત કરી હતી.મોહંમદની આ વાતને જાળવા માટે વૈજ્ઞાનિકોને એક હજાર વર્ષ લાગ્યા દૂનિયાના ઇન્સાનોને જબરદસ્તી આઝાદી અને સાચી ખુશીની તરફ રહેબરી કરવાવાળા તરીકે હજરત મોહંમદ હકીકતમાં મોઅલ્લીમ શિક્ષક) નો દરજ્જો રાખે છે.

(હજરત મોહંમદ બતોરે મોઅલ્લીમ લાહોર-ઇ.સ.૧૯૭૫)

ઇકબાલ

દરદિલે મુસ્લીમ મકામે મુસ્તફા અસ્ત
આબરૂએ માં ઝ નામ મુસ્તફા અસ્ત
મુસ્તફા બરસાં ખ્વેશ રાકે દિં હમાં ઉસ્ત,
અગર બાઉ ન રસીદી તમામ બુ લહબી.

હઝરત મોહંમદ દરેક રીતે ઘણાં જ અમલ કરવાવાળા ઇન્સાન હતાં જયારે તેમનાં લાડલા પુત્ર ઇબ્રાહીમનું મૃત્યુ થયુ ત્યારે સૂરજને ગ્રહણ લાગેલું હતું લોકોમાં એકદમ અફવા ફેલાઇ ગઇ કે ખુદા પોતે ઇબ્રાહીમ ઉપર માતમ કરે છે.(એટલે ગ્રહણ લાગ્યો છે) આ અફવાને સાંભળી હઝરત મોહંમદે તરત જ એલાન કર્યું કે ગ્રહણ એક કુદરતી ઘટના છે.એને કોઇની મૌત કે પેદાઇશ સાથે કોઇ સંબંધ સ્થપિત કરવું એ નરી અજ્ઞાનતા છે.

હઝરત મોહંમદની વફાત સમયે તેમને ખુદાઇ દરજ્જો દેવાની કોશીસ કરવામાં આવી.પરંતું આપની પાછળ આપના માનવાવાળા આપનાં મિશનને સાચવાવાળા જાંનિસારો પોતાની એક તકરીરમાં એ વાતનું ખંડન કરી નાખ્યું.તેમની આ તકરીર મઝહબી તવારીખ એક ઉત્તમ તકરીર મનાય છે.

<u>તેનો ટુંકશાર આ પ્રમાણે છે :-</u>

અગર તમારામાંથી કોઇ મોહંમદની ઇબાદત કરતો હોય તો તે જાણી લેકે મોહંમદ આજે વફાત પામ્યા છે. અલ્લાની ઇબાદત કરતા હો તો તે સદા જીંદા છે અને રહેશે. (ઇસ્લામ ગલત સમજા હુઆ મઝહબ રીડર ડાઇજેસ્ટ,સફા નં.૬૮ થી૭૦ ઇ.સ.૧૯૫૫).

આગળ આપણે રહેબરે દો આલમ,નુરે મુજસ્સમ, રહેમતે આલમ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલાહો અલહે વસલ્લમની નાતે પાક અને આપનાં ફઝાઇલ આપની સચ્ચાઇ આપના મરતબા કમાલાત આપની અઝમત-બુઝુર્ગી વિશે અહેલે હિંદ તથા અહેલે યુરોપનાં મહાન ફિલોસોફરો રહેબરો,પાદરી વિદ્યાનોનાં વિચારો વાંચ્યા એ સિવાય હજી ઘણી જ કિતાબોમાં આપ સલ્લલાહો અલહે વસલ્લમની શાને પાક ઉપર વિસ્તારથી લખવામાં આવ્યું છે પરંતુ એબધી કિતાબોનાં જો ટુંકસાર પણ અહીં લખવામાં આવે તો એક મોટું દબદાર પુસ્તક બની શકે એટલે જ માત્ર મુખ્તસર નમૂના રૂપે માત્ર અમુક જ કિતાબનાં હવાલા આપેલ છે.જેથી આપણે આ દિનની સચ્ચાઇ હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમની ઝાતનાં કમાલાત -અઝમત વિશે જાણી શકીએ.

આપણે જોયું કે હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમની જાત વિશે ગેર મુસ્લીમો નાં કેવા ઉંચા અભિપ્રાયો છે જયારે આજે અમૂક મુસલમાન ભાઇઓની નજર આ કમાલાત ઉપર ન ગઇ એમની નઝર હૂઝૂર માત્ર બશર જ છે હુઝુરની પાસે ઇલ્મ પણ મહેદુદ છે હુઝુરને કોઇ ઇખ્તિયાર નથી હૂઝુર ઉમ્મતનાં હાલ જોઇ શકતા નથી બસ આવી દલીલોમાં જ અટવાઇ ગયા.

ભાઇઓ તઅસ્સુબને એક બાજુએ મૂકી હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમનાં ગુણ ગાનારા બની જાઓ દિમાગોને હાજર રાખી અકકલનાં પડદા ઉપાડી ઇન્સાફ એતેકાદ,ઇખ્લાસ,મોહબ્બતની નજરે જોશો તો પ્યારા આકા સલ્લલાહો અલહે વસલ્લમની તમામ તર ખૂબીઓ આપનાં કમાલાત નજરે નજર આવશે. સાબિત થાય છે કે આપણાં ઇમાનનો ઇસ્લામનો પાયો મોહબ્બતે મુસ્તફા સલ્લલાહો અલહે વસલ્લમ ઉપર જ છે.

આ હવે આપણે પ્યારા આકા પોતાની સાથે આપણી હિદાયત માટે લાવેલી આસમાની કિતાબ <u>કુરઆન મજીદ</u> વિશે થોડી જાણકારી મેળવીએ જેથી કુરઆન અને સાહેબે કુરઆન બન્નેનાં ફઝાઇલ જમા થઇ જાય

કુરઆને પાક આસમાની કિતાબ,ખુદાની તરફથી મોકલેલ કિતાબ જ છે. એ વિશે આપણે અકલ અને ઇલ્મ બંને બાજુએથી ચકાસી શું કુરઆનનો અર્થ થાય છે. વધારે પઢવામાં આવતી કિતાબ હવે તમે જરા નજર કરો.આજે અંદાજે ચૌદશો વર્ષ થયા પૂરી દુનિયામાં કોઇ કિતાબ પઢવામાં આવીનથી હાફીઝોની કિરઅતમાં બાળકોનાં મદ્રેસામાં આમ આખી દુનિયામાં દરરોજ લાખો કરોડોની તાદાતમાં કુરઆને પાકનો ખતમો(પઢન) કરવામાં આવે છે.વિતેલા જમાનાંમાં તો આપણા બુઝુર્ગો બેકુરઆન દરરોજ ખતમ કરતા હતા.

દુનિયામાં બીજી પણ આસમાની કિતાબો ઉતરી પણ તે કિતાબોની અસલ પ્રત શોધ્યે જડતી નથી.જે છે તેમાં પાદરીઓએ પોતાના સ્વાર્થ માટે ફેરફાર કરી શંકાસ્પદ કિતાબો બનાવી નાખી તવારીખ તે કિતાબોને સાબિત કરવા આજીઝ છે.

દૂનિયામાં કુરઆને પાક જ મ્રા એક એવી કિતાબ છે જેનો એક-એક શબ્દ કોઇ પણ

જાતનાં ફેર બદલ વગર પોતાની અસલીયત ઉપર કાયમ છે.આ કિતાબ લાખો માણસોનાં દિલોમાં ઝબાન ઉપર મૌજુદ છે કરોડોની સંખ્યામાં જીલ્દની સૂરતમાં મોજુદ છે.જેની તીલાવત થાય છે અને થતી રહેશે.

કુરઆનઃ-અલીફલામમીમ ઝાલીકલ કિતાબુ લા રૈબ ફી

અર્થઃ-- આ હરફે મોકત્તેઆત છે. પેલી કિતાબ જેમાં કોઇ શક નથી મતલબ ખુદાનો કલામ ખુદાના તરફથી આવવામાં કોઇ શકની ગુંજાઇશ નથી.

કુરઆને પાક એ ખુદાનો કલામ જ છે એ વિશે થોડું વધુ ઉંડાણથી જોઇએ દુનિયામાં કુદરતી રીતે બનેલ વસ્તુ જેમ કે સજીવમાં દા.ત.મંકોડો કે મછછર કે એક નાનો છોડ તમે જોશો તો વિજ્ઞાને આજે અદભૂત પ્રગતિ કરી છે પણ ખુદાનાં તરફથી બનેલ કુદરતી જંતુ કે છોડ જેવો બીજો સજીવ બનાવી શકતું નથી એટલે કે અલ્લાહનાં તરફથી બનેલ દરેક ચીઝ બેમીસ્લ એટલે કે ઇન્સાન તેને બનાવવાથી આજીઝ છે. વિજ્ઞાને આજે વિમાન રોકેટ,મોબાઇલ,કોમ્પ્યુટર વગેરે બનાવ્યા.પરંતુ એક મચ્છર કે મંકોડો બનાવી દરેક વસ્તુ બનાવવા માટે શકિતમાન નથી તો કુરઆન પણ ખુદાનો કલામ છે.એટલે જ કુઆને મજીદમાં દુનિયાનાં તમામ ઇન્સાનને પડકાર(ચેલેન્જ) કરવામાં આવ્યો છે કે કુરઆન ખુદાનો કલામ ન હોય તો તમે એની એક નાનકડી આયત બનાવીને લાવો.કારણ કે જો ઇન્સાનની બનાવીને લાવેલી હશે તો જરૂર ઇન્સાન બનાવી લેશે.

પરંતુ કુરઆને મજીદ ચેલેન્જ કરે છે કે ફાતુ બે હદીસન મીસ્લેહી ઇન કુનતુમ સાદેકીન

અર્થઃ- જો તમે સાચા હો તો એક આયત યા એક વાકય પણ બનાવી લાવો.જેમ તમે ખુદાઇ બીજી વસ્તુ નથી બનાવી શકતા તો આ કુરઆન પણ ખુદા નો કલામ છે એને પણ તમે હરગીઝ નહિં બનાવી શકો.

આજ દિવસ સુધી કોઇ પણ કુરઆને પાકની જેવી એક નાની આયત પણ બનાવી શકયો નથી.કારણ કે બેશક કુરઆન ખુદાનો જ કલામ છે.

ત્યાર બાદ કુરઆને મજીદમાં પોતાની સચ્ચાઇ વિશે વધારે ચેલેન્જ કરવામાં આવ્યું કે લ ઇન ઇજ તમ અનલ ઇન્સો વલ જીનનો અલા એયાતું બે મીસ્લેહી હાઝલ કુર્આન લા યાતુન બે મીસ્લેહી વલોકાન બાદોહુમ લે બાઅદીન.

આ આયતમાં દુનિયાનાં ઇન્સાનો અને જીન્નાતોને પણ સાથે ચેલેન્જ કરવામાં આવ્યું કે તમે ભેગા મળીને એના જેવી એક આયત પણ બનાવો.પરંતુ બનાવી સકશો નહિ.કારણ કે કુર્આન ખુદા પાકનો જ કલામ છે.

દરેક સમયે કુરઆને પાકને જુઠી સાબિત કરવા હર જમાનાથી કરી આજ દિવસ સુધી દુશ્મનોનાં અથાગ પ્રયત્નો બાદ પણ એક આયત બનાવી શકયો નથી કે એનેગલત સાબિત કરી શકેલ નથી.આ ખુદાઇ કલામની એક મોટી દલીલ છે.કુર્આન પાક આપણાં પ્યારા આકાની નબુવ્વતની સચ્ચાઇને સાબિત કરે છે હૂઝૂરે બતોર મોજીઝા આ કિતાબને દુનિયા સામે પેશ કરી છે.

કુરઆને પાકથી બીજી દલીલ તરફ નજર કરીએ કુરઆન મજીદ અલ્લાહનું કલામ છે. કુરઆન ને તેણે જ ઉતાર્યો છે.મખલુક માં ન તેને કોઇ બનાવી શકયું કે નતો બનાવી શકશે આ ખુદા ના કલામની સચ્ચાઇની સાબિતી એ પણ છે કે કુરાને પાકમાં અમુક જગ્યાએ ભવિષ્યવાણીઓ તદન સાચી પૂરવાર થઇ છે અને તે પણ કોઇ પણ જાતનાં ફેરફાર વગર.અલ્લાહ તઆલાએ જે-જે વાયદા કર્યા ખુશખબરી સંભાળાવી અને હવે શું થશે ? વગેરે ખુલાસાવાર કુરાને પાકમાં બયાન ફરમાવ્યું.

જો આપણે આ વાયદા ખુશખબરી અને ભવિષ્યવાણી તરફ નજર નાખીશું તો ચોકકસ પણે તે સાચા જોવા મળશે.કુર્આનમાં અલ્લા તઆલા એ દુશ્મનોનાં દિલની વાતો દુશ્મની વગેરે વિશે પ્રકાસ પાડયો છે.જે કોઇ પણ વ્યકિત ન જ બનાવી શકે.

મુસલમાનોને જંગે બદરમાં તેમની ફતેહની ભવિષ્યવાણી એવા સમયે બતાવવામાં આવી કે જયારે તે વખતે મુસલમાનો બેહદ કમજોર હતા તેમની સામે મુશરીકો બેહદ તાકાતવાન અને શસ્ત્રોથી સજજ હતા.એ વખતે કોઇ કલ્પના પણ ન કરી શકે કે આવા કકમજોર અને બે સહારા લોકો વિરોધીઓની તાકાતવાન ફોજ સામે તેઓને દરેક રીતે ખુવાર કરીને ધૂળ ચાટતા કરી દીધા.

આ ભવિષ્યવાણી વિશે જાણતાં પહેલાં તેની પૂર્વભૂમિકા જોઇએ તો જયારે રહેમતે આલમ સલ્લલાહો અલહે વસલ્લમે મકકાની ગલીઓમાં અને સફા પહાડી ની ચોટી ઉપર ઉભા રહી તૌહીદની સદા બુલંદ ફમાવી તો આ પથ્થરને પૂજવાવાળાઓમાં હલચલ મરી ગઇ અને દરેક રીતે અલ્લાહનાં નબીનો વિરોધ કરવા લાગ્યા.અલ્લાહનાં પાક કુરઆનની આયતોને જુઠલાવી.જોર જોલમ ઉપર ઉતરી આવ્યા.

અર્થઃ- અય મકકાવાળા અમે તમારાથી પહેલાં એવી જમાઅતોને હલાક કરી છે કે જે આવવા વાળા રસૂલો છતાં પણ સચ્ચાઇની નિશાની ની મુખાલેફત કરતાં અને તેના ઉપર ઇમાન ન લાવ્યા હર મુજરીમ ના ફરમાન કૌમ સાથે અમારો આ જ વહેવાર રહયો છે.

હુઝુર સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમ આ આયત મકકાવાળાઓને સંભળવી તો એમણે ઉલ્ટાની આપની સતામણીમાં વધારો કરી દીધો મુસલમાનો ઉપર હદથી વધારે જુલ્મો થવા લાગ્યા મુસલમાનો તેમના માટે મજાકનું સાધન બની ગયા.રાત-દિવસ તેમનાં ઉપર જુલ્મ થવા લાગ્યા.

આવા સમયે જ મુસલમાનોનાં દિલને રાહત પહોંચાડનારી આયત ઉતરી

અર્થઃ-રસૂલોનાં હકમાં અમારો આ ફેસલો થઇ ચૂકયો છે તે દરેક રીતે કામિયાબ ગાલીબ રહે આપ થોડા દિવસો રાહ જુઓ.

પરંતુ આ ફતેહ અને ખુશખબરીની આયતો સાંભળી અહેલે મકકાની ગુસ્સાની આગ વધુ ભડકી ઉઠી અને તેઓ મુસલમાનોને વધુ તકલીફો આપવા માંડયા જયારે મોમીન મુસલામાનો ઉપર ઝુલ્મ હદથી વધી ગયા ને અલ્લાહ પાકે જયારે મકકાવાસીઓને હરાવવા ચાહયું ત્યારે પ્યારા આકા અને તેમના સહાબીઓને મકકા છોડી મદીના તરફ

ચાલ્યા જવા હુકમ ફરમાવ્યો અને મકકાવાળાનાં મુકાબલામાં ફતેહ અને મદદની ભવિષ્યવાણી સંભળાવી નજીક છે કે મકકાનાં સરદારો આપને પરેશાન કરીને મકકાથી કાઢે પરંતુ આ હાલત પણ વધારે સમય રહેશે નહિં.

ઉપરોકત આયત ઉતરી ત્યારે આપ સલ્લલાહો અલહે વસલ્લમની નબુવ્વતને તેર વર્ષ થઇ ગયા હતાં પણ મુસલમાનો આટલા કમજોર હતા કે ત્યારે કોઇ કલ્પના પણ ન કરી શકે મુસલમાનો મકકાની શકિતશાળી સેના સામે મુકાબલામાં પણ ઉભા રહી શકે પરંતુ આ આયત દ્વારા ભવિષયવાણીની થઇ ચૂકી હતી કે મુસલમાનોની ફતેહ થશે.

હઝરત ઉમર રદીઅલ્લાહો તઆલા અનહો ફરમાવે છે કે જયારે આ આયત ઉતરી ત્યારે મને ઘણી જ નવાઇ લાગી કે અમે કમજોર મુસલમાનો આ મકકાવાળા સામે કેવી રીતે ફતેહમંદ થશુ ? પણ જયારે બદરની લડાઇ શરૂ થઇ ત્યારે પ્યારા આકાને આ આયત તિલાવત કરતાં સાંભળ્યા એટલે મને સમજાઇ ગયું કે આ આયત આ બદરની લડાઇ માટે જ ઉતરી હતી અને ભવિષ્યવાણી સાચી પડવાનો આ જ સમય છે.

બુખારી શરીફમાં હદીશ છે કે મકકા શરીફમાં આયત સુરએ દુખાન ઉતરી.

અર્થઃ- અમે અહેલે મકકાથી સખ્ત પકડનાં દિવસે બદલો લેશું.

આ જંગે બદરની ભવિષ્યવાળી માટે હતી.

આ ભવિષ્યવાણી સાચી પડવાનો સમય જયારે આવ્યો.અચાનક બનેં લશ્કર વચ્ચે ઘમાસાણ ચાલુ થઇ ગયું.અબુ જહલને પોતાની તાકાત પર ભારે અભિમાન હતું. તે મુસલમાનોને મીટાવીદેવા પૂરી તાકાત સાથે આવ્યો હતો.૯૦૦ થી ૧૦૦૦ના દુશ્મનોનાં લશ્કર સામે મુસલમાનોની સંખ્યા માત્ર ૩૧૮ હતી દુશ્મનો પાસે લડવા માટે ૧૦૦ ઘોડા,૭૦૦ ઉંટો અને શસ્ત્રોનો પાર ન હતો તો સામે મુસલમાનો પાસે માત્ર ૭૬ ઉંટ અને બે ઘોડા એ પણ એમના માલીકનાં કબજા માં હતાં,

બદરની લડાઇ શરૂ થઇ એ પહેલાં એ પણ બતાવી દેવામાં આવ્યું હતું અબુ જહલ, ઉતબા,શૈબા,વલીદ બીન ઉતબા,ઉમ્મૈયા બીન ખલફ,ઉકબા બીન અબુ મુઇન વગેરે મકકાનાં મોઢા સરદારો કઇ જગ્યાએ કતલ થશે તે જગ્યા પણ બતાવી દેવામાં આવી હતી.આ જગ્યા બતાવવા માટે લાકડીથી લકીર ખેંચી જગ્યાની નિશાનીઓ કરાવાઇ હતી. આ હદીસનાં રાવી હઝરત અનસ રદી અઠલાહો તઆલા અનહો ફરમાવે છે કે બદરની લડાઇ પછી અમે જોયું કે બતાવેલ જગ્યા ઉપર એજ જગ્યાએ મકકાનાં સરદારોની લાશો પડી હતી.જેનેજે જગ્યા અગાઉ બતાવી દેવાઇ હતી.

દુશ્મનોએ બદરમાં પાંચ દિવસનાં રોકાણ દર મ્યાન ૯ થી ૧૦ ઉંટ દરરોજ ઝબહ કરીને ખાતા હતા એટલા તેઓ પહેલવાન હતા.તો આમ મુસલામો અડધા ભૂખ્યા રહીને લડાઇ કરતા હતા.પ્રરંતુ લડાઇ શરૂ થઇ અને હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમે આગળ આપેલી આયત દ્વારા જયારે મુસલમાનોને ખુશખબરી સંભળાવી તો મુસલમાનોમાં

અનેરો જોશ પેદા થયો અને તેઓ પૂરી તાકાત સાથે દુશમનો ઉપર આક્રમણ કર્યું.પરિણામ આવ્યું મુસલમાનો ની ફતેહ થઇ દુશમનો ભાગ્યા દુશમનોનાં ૧૦૦ ઘોડામાંથી ૩૦ ઉપર મુસલમાનોનો કબજો થયો બાકીનાં ઘોડા ભાગી ગયા.દુશમનોનાં ૭૦ માણસો આ લડાઇમા મરાયા ૭૦ માણસો પકડાયા.જયારે મુસલમાનોનાં માત્ર ૧૪ સહાબીઓ શહીદ થયા.કુરાને પાકમાં અલ્લાહ કરેલો વાયદો પૂરો થયો.

ભવિષ્યવાણી નં.૨

નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમ ઉપર મકકા શરીફમાં એક આયત ઉતરી આયતઃ-સયકુલુન સલાસુન રાબેઓહુમ કલબોહુમ વ યકુલુન ખમસતુન સાદે સોહુંમ કલબોહુમ રઝમમ બીલ ગૈબ(સી.૧૬ રૂકુઅ ૧૫)
અર્થઃ-અન કરીબ અહેલે કિતાબ આપની ખીદમતમાં હાજર થઇ અસ્હાબે કાફની સંખ્યા બતાવશે.જેમાં એક ૩ માણસો અને ચોથો કુતરો બતાવશે જયારે એમાથી એક ૫ માણસ છઠો કૂતરો કહેશે.આ ખબર મકકામાં આપવામાં આવી અને પૂરી મદિનામાં થઇ આપ સલ્લલાહો અલહે વસલ્લમ જયારે મદિના શરીફ તશરીફ લઇ ગયા ત્યારે ત્યાં નજરાનનાં ઇસાઇઓનું એક પ્રતિનિધિ મંડળ હઝરત ઇસા અ.સ.નાં બારામાં વાતચીત કરવા આવ્યું સૈયદ અને આકિબ એ બે જણ પ્રતિનિધિ મંડળનાં મુખ્ય માણસો હતા.સૈયદ યાકુબીયા પંથ અને આકીબ નસ્તુરીયા ખ્યાલનો ઇસાઇ હતો. હૂઝુરનાં દરબારમાં અસહાબે કાફની ચર્ચા ચાલુ થઇ ત્યારે સૈયદ કહયું કે તેમની સંખ્યા ૩ માણસોની ચોથો કૂતરો હતો જયારે આકીબે કહયું કે આ ખોટું છે.ખરેખર ૫ માણસો અને છઠો કૂતરો હતો. આ ચર્ચાનો ભવિષ્યવાણી કુરઆને પાકમાં પહેલાં જ આપી દેવામાં આવી હતી.જે પૂરી થઇ.

ભવિષ્યવાણી નં.૩

કુરઆને પાકમાં એક આયત ઉતરી :-અલીફ લામ મીમ ગોલેબતી રૂમ ફી અદનલ અરદે વ હુમ મીન બાદે ગલબેહીમ સયગલબુન ફી બિદએ સીનીન(સી.૧૬ રૂકુઅ ૪)
અર્થ :- રૂમી નજીકની જમીનમાં મગલુબ થઇ જશે એનાં પછી નજીક જ નવ વરસની અંદર પાછા અહલે ફારીસ ઉપર ગાલીબ થઇ જશે.

આ આયતે કરીમાંમા રૂમ ફરીથી ફારીસ ઉપર ગાલીબ થઇ જશે.ની ભવિષ્યવાણી કરવામાં આવી.તીરમીઝી શરીફની રીવાયતમાં છે કે જયારે આ આયત નાઝીલ થઇ તો હઝરત અબુબકર સીદીક રદીઅલ્લાહો અનહો મકકાની ગલીઓમાં પોકારી-પોકારીને આ આયત પઢતાં જતા હતા ઉબે બીન ખલફ કે જે મકકાનો સરદાર હતો તેણે આ આયત સાંભળીને હજરત અબુબકર ને કહયું કે તમારી અને મારી વચ્ચે આ બાબતે હું શરત લગાવવા તૈયાર છું જો નવ વરસની અંદર રૂમ ફારીસ ઉપર ગાલીબ થઇ જાય તો હું તમને ૧૦૦ ઉંટ આપીસ નહિંતર મને ૧૦૦ ઉંટ આપવા પડશે.(મઝહબમાં શરત લગાવવી મનાઇ છે). હઝરત અબુબકર સીદીક રદીઅલ્લાહો તઆલા અનહોએ એ શરત

મંજુર ફરમાવી ઈબને માજામાં અબ્દુલા ઈબને મસ્ઉદથી રીવાયત છે કે આ આયતે પૂરા નવ વરસ પણ ન વીત્યા રૂમે કિસરાનાં મશહુર શહર મદાનઈ ઉપર કબજો કરી લીધો સુલેહ હદૈબીયા ચા ખેબર ફતેહ થયું તે દિવસે મુસલામનોને રૂમ ગાલીબ થયાની ખબર મળી ઉબે ઈબને ખલફ તો હિ.સન ૩ માં ઓહદની લડાઈમાં જ હુઝુરનાં હાથે ખંજરથી જખમી થઈને મરણ પામ્યો હતો હઝરત સીદીક અબર તેનાં વારીસઓએ શરતનો મુતાલબો કર્યો તે લોકો શરત મુજબ ૧૦૦ ઉંટ દેવા પડયાં હઝરત અબુબકર એ ૧૦૦ ઉંટ લઈ હૂઝૂર સલ્લલાહો અલહેસલ્લહો અલહે વસલ્લમની બારગાહમાં આવ્યા હુઝુરે હજરત અબુબકરને એ ૧૦૦ ઉંટ સદકામાં આપી દેવા જણાવ્યું એ ઉંટ સદકા કરી નાખવામાં આવ્યા

આપ ફારીસ ઉપર રૂમ ગાલીબ થઈ જશે ની ભવિષ્યવાણી જે નવ વરસ પહેલાં જણાવી દેવાઈ હતી તે પણ પૂરી થઈ.આ બધી વાતોનું પૂરું કરવું એ અલ્લાહનું જ કામ છે કોઈ ઈન્સાન નથી કરી શકતો.

ભવિષ્યવાણી - ૪

૬-કબીલા કે જે જયાંસુધી મુનાફીક મુખલીસ મોમીન ન હતા તેઓનાં માટે કુરઆને પાકમાં પેશાનગોઈ આપવામાં આવી.

આયતઃ- કુલ લિલ મુખલ્લફીન મીન આરાબે સ તુદઉન ઈલા કોમીન અવ લીબાસીન શદીદ(સી.૨૬ રૂ.૧૦)

અર્થઃ-પેલાં ગામવાળા જે તમારી સાથે હુદૈબીયાના સફરમાં ન હતા તેમને જણાવી દો અન કરીબ તમને તાકાવર દુશ્મન તરફ બોલાવવામા આવશે અમુક સમય પછી તે સાચા મોમીન બની જશે.

થયુ પણ એમ જ હઝરત ઈમામ રાઝી તફસીરે કબીરામાં લખે છે કે માત્ર એક સાલબાને મૂકી બધા મુખલીસ મોમીન બની ગયા. ત્યારબાદ તેઓ સીદીક અકબરનાં જમાનામાં મુસલમએ કઝઝાબનાં લશ્કર સામે લડયા એના પછી ફારૂકે આઝમનાં જમાનામાં રૂમ અને ફારિસની લડાઈઓમાં પણ શરીક થયા. આમ તાકતવર દુશ્મનોનો સામનો કરવાની ખબર પણ સાચી પૂરવાર થઈ.

મકકા અને ખૈબરની ફતેહ સિવાય અલ્લાઅ પાકે મુસલમાનોને ખુશ ખબરી આપી.

આયતઃ-વઅદ કો મુલ્લાહો મગાનેમાં કસીરતન તા ખુઝુનહા (સી.૨૬ રૂ.૧૧)

અર્થઃ- અય મુસલમાનો તમને કસીર માલ યાને માલે ગનીમત આપવાનો અલ્લાહ તઆલા વાદો કરે છે.

થોડા સમય બાદ જ કેસર કીસરાનાં ખજાના મુસલમાનોનાં હાથમાં આવ્યા ગરીબ મુસલામાન કે જેઓ આ જંગમાં શામેલ હતાં તેઓ દોલતમંદ બની ગયાં હઝરત ઝુબેર ની જમીન જે ગાબ્બામાં હતી અને બીજા મકાન તથા માલની કિંમત તેમના વારસદારો એ લગાવી તો પાંચ કરોડ બે લાખની થઈ હતી.આ બધો માલ આપને માલે ગનીમત

માંથી મળ્યું હતું.

હઝરત ખાલીદ બીન વલીદ જેઓ ઈસ્લામનાં સીપે સાલાર હતા.તેમને ગઝવા ઝાતુલ સલાસીલ માં હરમુઝને કતલ કર્યા બાદ એક ટોપી મળી હતી.જેની કિમત એક લાખ દિરહમ હતી.આમ કુરઆનની આ પેશગોઈઓ અલ્લા તઆલાએ પૂરી કરી.

આયતઃ- વમીનાન્સે મય યોજીબોકા કોલોહુ ફીલ હયાતી દુનિયા વ યુશહેદુલ્લાહો અલામાં ફી કલબેહી વહોવા અલદ્દલ ખીસામ (સી.૪ ૩.૯)

અર્થઃ- અમૂક માણસો એવા જેની વાતો આપને મળતી વખતે સારી લાગે છે. પણ અલ્લાહ તઆલા તેનાં દિલનાં જઝબાને ખૂબ જાણે છે. તે આપની સાથે વેર રાખવા વાળા અને મુસલમાનો નાં સખત દુશ્મન છે.

આ આયત અખનસ બીન શીરકનાં બારામાં નાઝીલ થઈ.અખનસ તાઈફનો રહેવાસી હતો.બોલવામાં તેની ઘણી મીઠાસ હતી હૂઝુર સલ્લલ્લાહો અલહે વસ્સલમનાં દરબારમાં આવી તે મીઠી-મીઠી વાતો કરતો અને પોતે મુસલમાનોનો અને હૂઝુરનો જાન્સિાર તથા હમદર્દ હોવાનું જાહેર કરતો.સહાબા પણ તેને સાચો અને સારો મોમીન માનવા લાગ્યા તેજ સમયે અલ્લાહ પાકે ઉપરોકત આયત ઉતારી જણાવી દીધું કે એ માણસ નું દિલ તમારા માટે હસદ અને અદાવતથી ભરેલું છે.અમૂક સમય પછી અખનસે પોતાની ઓકાદ જાહેર કરી એક વખત તાઈફ જતી વખતે રસ્તામાં મુસલમાનોનાં પાકને તેણે બાળીને ભસમ કરી દીધું અને તે મુસલમાનોનાં બધા જાનવરોને પણ તેણે મારી નાખ્યા આમ પોતાની અંદર છુપાયેલા વેરનાં ધુમાડા તેણે જાહેર કર્યા આમ કુરઆન પાકમાં અલ્લાહ તઆલાએ તેના વિશે આપેલી પેશગોઈ પૂરી રીતે સાચી સાબિત થઈ.

ઘણાં સમયથી યહુદીઓનાં દિલમાં તમન્ના હતી કે મુસલમાન ઈસ્લામને મૂકીને બાતલ પરસ્તીને અપનાવે.એના માટે યહુદીઓએ મુસલમાનો સામે એક મુદો પેશ કર્યો કે તોરાતમાં લખેલું છે કે મુસા અ.સ.ની શરીઅત કયામત સુધી વાજીબુલ અમલ રહેશે એનો કોઈ અમલ રદ નહિં થાય હઝરત મોહંમદ પણ મુસાને નબી માને છે. તો તેમના ફૈસલાને કેમ નથી માનતા.

તેજ સમયે કુરઆને પાકમાં તેમના આ દાવાનેરદ કરતી આયત ઉતરી કે યા અહલલ કિતાબે લમ તલબે સુનલ હકક બીલ બાતીલે વ તક તુમુલ હકક વ અનતુમ તાલમુન(સી.૩. રૂકુ - ૫)

અર્થઃ- અય અહેલે કિતાબ તમે જાણી જોઈને હકકને શું કામ છુપાવો છો ? અને તેના બદલામાં બાતીલને પેશ કરો છો !!

યહુદીઓનો દાવો હતો કે મુસાની શરીઅત રદ નહિ થાય તેવું તોરાતમાં લખેલ છે. આ બિલકુલ જુઠ છે.હકીકતમાં તોરાતમાં આવું કાંઈ લખેલુ છે જ નહિં યહુદીઓ કુરઆનની ઉપરોકત આયત સાંભળી ખામોશ થઈ ગયાં પોતાની કોઈ સાબિતી પણ તેઓ રજૂ ન કરી શકયા.જો તેઓ તોરાતની કોઈ આયત સંભળાવત તો હૂઝુર અને તેમના સાથીઓ તેનાથી બિલકુલ નાવાકીફ હતા. એટલે તેઓ કાંઈ બોલી પણ ન

શકત પરંતુ હર જગ્યાએ હર સમયે મૌજુદ રબ તઆલાની સામે તેઓ લાજવાબ હતા. જે દિલોનાં ભેદ પણ જાણે છે.

તે સમયે અમુક યહુદીઓ આવીને હુઝુરની ખીદમતમાં આવીને પોતાને મુસલમાન જાહેર કરતાં હતા.હુઝુર પણ તેમને વાયેઝ નસીહત કરતા.કુરઆન પાકે એવા માણસોની ખબર આપી.

·· વ ઈઝા જાઅકુમ કાલુ આમન્ના વ કદ દખલુ બીલ કુફરે વ હુમ કદ ખરજુબેહી વલ્લાહો આલમો બેમાં કાલુ યકુતમુન(સી.૬ રૂકુઅ.૧૩)

અર્થઃ- તે આપની પાસે આવીને પોતાને મુસલમાન કહે છે.તે જેમ આપની મજલીસમાં આવ્યા પહેલા કાફીર હતાં એવી જ રીતે અહીથી નીકળ્યા બાદ પણ કાફીર જ છે. અલ્લાહ તઆલા તેમનાં દિલનાં ઈરાદાથી ખૂબ વાકીફ છે.

પેલા લોકો આપની વાયેઝને દીલથી સાંભઈયું જ નથી.પરંતુ તેમના દિલમાં આપના પ્રત્યે સખત નફરત છે આપને દગો દેવા મુસલમાન બનીને આવે છે.

મુસલમાન પણ તેઓની મુખલીસ મોમીન સમજવા લાગયા હતા.પરંતુ કુરઆને મજીદ એમના દિલની હાલત મુસલમાનો ઉપર જાહેર કરી દીધી અને ત્યાર બાદ આ લોકોએ મજલીસમાં આવવાની હિમત ન કરી.

પ્યારા વાચકો તો આ અલ્લાહ તઆલાના પ્યારા કલામની સચ્ચાઈની પેશનગોઈની વાત થઈ.જે માત્ર થોડા મુદા જ પેશ કર્યા છે.

આવો આપણે તે સમયનાં એક ગૈર મુસ્લીમ શાયરનો વાકેઓ જાણીએ જે વાચ્યા બાદ આપણું ઈમાન કુરઆન પાક પ્રત્યે તાજું થઈ જશે.

અરબનો આ મશહુર જે જમાઅતે કુફ્ફારથી હતો.તેણે રૂકાવટો અને શોરો ગુલથી બચવા માટે એક ગાર માં રહેતો હતો.તેના ઘણાં શિષ્યો હતા. આ શિષ્યો પોતાની લખેલી શાયરીની તપાસ કરાવવા લખીને આ ગારનાં મોઢા ઉપર રાખી આવતાં અને બીજા દિવસે આ શાયર જે જવાબ લખીને રાખતો તે લઈ જતા એક દિવસ એનાં શિષ્યોમાંથી એકે કુરાનપાકની એક સુરતને પોતાનો કલામ બનાવી એની ચોથી મિસરા બનાવવા માટે રાખી ગયો.

આયતઃ- ઈન્ના આ તૈના કલ કૌસર ફ સલ્લે લે રબ્બેક વનહર ઈન્ન શાને અક હો વલ અબતર

આ આયતની ચોથી મિસરા બનાવવા તેને ગાર ઉપર મૂકી ગયો.બીજા દિવસે જવાબ માટે ગયો તો ચોથી મિસરાની જગ્યાએ લખેલ હતું ·· લૈસ હાઝા કૌલુલ બશર ··

અર્થઃ- આ કોઇ ઈન્સાનનું કલામ નથી.

આમ મોટા અદીલો શાયરોને પણ તસ્લીમ કરવું પડયું કે કુરઆન અલ્લાહ નું જ કલામ છે.

આમ કુરઆને પાકમાં આના સિવાય પણ ઘણી બધી પેશનગોઈઓ ઉપરાંત માણસો તથા કૌમોનાં દિલની વાતો જાહેર કરી છે.પરંતુ આ નાની કિતાબમાં એ બધી મિસાલો

રજુ કરવી મુશ્કેલ છે.માટે અમુક જ મુદા રજુ કર્યા છે.

હદીસ પાકમાં છે કે કુરઆન પડવામાં એક એક અક્ષરનાં બદલામાં દસ-દસ નેકીઓ મળે છે બાળકોનાં કુરઆને પઢવાથી અઝાબ-મુસીબતો ટળે છે કુરઆને પાકને પઢવું અને અમલ કરવું બાઇસે રહમત અને સવાબ છે. કુરઆને પાકમાં હર સમસ્યાનો હલ અને બીમારીનું ઇલાજ છે.કુરાનેપાક ઇલ્મે ઇલાહીનું ખજાનો અને મોમીનોની હિદાયત માટે માટે જીવન જીવવાનું એક કારન છે.

આવો આપણે કુરઆને પાકની વિશે થોડીક અન્ય જાણકારી મેળવીએ.

કુરાને પાકમાં અક્ષર,જેર-જબર વિશે માહિતી.

પ૩૨૨૩ જબર,૩૯પ૨૮ જેર,૮૮૦૪ પેશ,૭૭૧ ઇમદાદ,૧૨૭૪ તશદીદ,૧૦પ૬૮૪ નુકતા,૧૧૪ સુરતો,જેમાં ૮પ મકકી અને ૨૯ મદની છે.કુરઆનમાં ૧૪ સીજદા,પપ૮ રૂકુઅ,૭ મન્ઝીલ ૩,૨૩,૬૭૦ અક્ષર,૬૨૩૬ આયતો, ૭૭૯૩૪ કલેમાત છે.

કુરઆને પાકમાં ૧પ૦ થી વધારે જગ્યા ઉપર ખેરાતનું બયાન છે.૭૦૦ જગ્યાએ નમાઝનું બયાન છે.૭૦ જગ્યા ઉપર દુઆ માંગવાની તાકીદ છે,૨પ જગ્યા ઉપર મોહંમદ રસુલુલ્લા નું નામ આવ્યું.એમાં બધાથી નાની સૂરત કોસર છે. સૌથી મોટી સૂરહ બકરહ છે.એમાં સરદાર આયત આયતુ કુરસી છે. કુરઆને પાકનું દિલ સુરએ યાસીન શરીફ છે.કુરઆને પાકનું ઝહેન સુરએ રહેમાન છે.

કુરઆને પાકની આયતો અલગ-અલગ વિભાગોમાં વહેચાયેલી છે.જેમા ૧૦૦૦ વાયદાની,૧૦૦૦ વઇદ ૧૦૦૦ મનાઇ કરેલી વસ્તુ,૧૦૦૦ મીસાલો,૧૦૦૦ કિસ્સાઓ,૨પ૦ તહલીલ(હલાલ) ૨પ૦તહરીમ (હરામ) ૧૦ તસબી ૬૨ અલગ-અલગ છે.

આવો કુરઆને પાક વિશે ગૈર મુસ્લીમોનાં થોડા અભિપ્રાય જોઇએ.

:: કુરઆન કરીમ બધાથી વધારે મહાન છે.(મેશન એમ્બર ઇનફાર)
:: કુરઆનનું મકસદ એક ખુદાનું બનાવવાનું છે.(ડો.માર્ટન)
:: કુરઆનને સાંભળી માણસ બેઇખ્તેયારે સીજદામાં પડી થાય છે (જાનરીક)
:: કુરઆને મજીદે જ ઉચા આદર્શો બતાવયાં છે.(આરન્ડ વાયેટ)
:: કુરઆનની ખૂબી દરેક વાતની સચ્ચાઇમાં છુપાયેલી છે.(ગારલા એલ.)
:: કુરઆન મજીદ એક મોટી જમ્હુરીયત નું કાનૂન છે.(ટેફ કરેલ)
:: કુરઆને કરીમ અમન અને સલામતીના મજહબનું સંદેશ આપે છે.(પાદરી વાલરઇસ)
:: બેશક,કુરઆન એક ઇલ્હામી કિતાબ છે.(પાદરી આરલીકો કિંગ)
:: કુરઆનની મિસાલ આખી દુનિયામાં કયાંય મળતી નથી.(ડો.ગબન).
:: કુરઆન મજીદ અઝમત અને પાકીઝની હિસાબે એકજ છે.(લીઓનાર્ડ)
:: કુરઆને મજીદ સાચે જ એક મોજીઝો છે.(જો સુરથ ઇસ્મીથ).

મિસ્ટર લીમોર પોતાની કિતાબ '' ઇસ્લામકા જવાબ '' માં લખે છે કે કુરઆન ઇલ્હામી કિતાબ છે. તેની સાબિતી એ છે કે તે મોકમ્મીલ હિફાઝતથી રાખવામાં આવી છે.જે દિવસથી આ કિતાબ નાજીલ થઇ તે દિવસથી આજ દિવસ સુધી દુનિયા એને

વારંવાર પઢે છે,દોર કરે છે પરંતુ કોઇ મુસલમાન કયારે પણ એને પઢવાથી કંટાળતો નથીઉલ્ટાનું એને પઢવાથી મોહબ્બત વધે છે. કુરઆન એવી કિતાબ છે કે એને પઢે છે અને સાંભળે છે તેના ઉપર હયબત તારી થઇ જાય છે.

વાંચકો કુરઆનનું આ એજાઝ એક ગેર મુસ્લીમ આપી રહયો છે.

::-:: ગીતા બોલીબાન કુરઆન મજીદનું ઝીકર કરતાં

લખે છે કે કોઇ પણ મઝહબી કિતાબની અસરનો અંદાજો નકકી કરવા એ નજોવાય કે એમાં ફિલસુફીનું પ્રમાણ અને નજરીયો કેવો છે.પરંતુ તેમા જે દિની તાલીમ આપવામાં આવી છે.તેણે દુનિયામાં કેવી અસર પેદા કરી છે તે જોવું પડે અને જયારે ઇસ્લામની તાલીમને આરૂષ્ટિથી જોઇએ તો જાણી શકાય છે દુનિયાના તમામ ધર્મોમાં ઇસ્લામી તાલીમ દીલો ઉપર હુકુમત કરી રહી છે.ઇસ્લામ એક આલીશાન મઝહબ છે.કુરઆની તાલીમ એવી સરળ છે કે દરેક માણસની સમજમા આવી જાય છે. અમે કુરઆની આયતોમાં જોઇએ છીએ કે પયગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમ આપથી પહેલાંનાં મઝહબ ખાસ યહુદ અને નસારાની ઘણી જ રવાદારી કરી છે. તે એવી રવાધારી છે કે અજાતની રવાદારી બીજા મહાન મઝહબ નાં બાનીઓમાં કયાંક જ જોવા મળે.

:: ડો. સમોઇલ જોન્સ

લખે છે કે કુરઆને પાકનાં મતલબ મકસદ એટલા આલમગીર છે કે હર જમાના અને દરેક સમયે પ્રસ્તુત છે. દરેક જમાનાને એની વાત સ્વીકરવા મજબૂર થવું પડે છે. તેનો અવાજ રેગીસ્તાન મોટા શહેરો અને હુકુમતો માં પણ ગુંજે છે.કુરઆન દરેકને પોતાનાદિલને કાબુ કરવા માટે દુનિયાને રોશન કરી.

:: માપોહી ફારટી મોહંમદ એન્ડ કુરઆનમાં જો ડીયોન પોર્રટનાં

હવાલાથી એક અંગ્રેજ મોહકીક લખે છે કે એ વાતનું ખ્યાલ રહે કે અમૂક વ્યકિતઓનું એવું માનવું છે કે કુરઆને મજીદમાં જે અકાઇદની તલકીન કરવામાં આવી છે.તેનો ફેલાવો તલવાર અને બળથી કરવામાં આવ્યું છે. પરંતુ આવું માનવું એક મોટી ભૂલ છે. જે વ્યકિતનું દિલ અદેખાઇથી ખાલી હશે તે વગર સંકોચે કબૂલ કરેલ છે.હઝરત મોહંમદનો દીન હકીકતમાં એક બરકત છે.

:: જર્મન મુશ્તરીક અમાનવેલ ડયુશ

કુરઆને મજીદની મદદથી આરબો સીકંદર અને રૂમીઓની સલ્તનતથી પણ વધારે દુનિયાને ફતેહ કરી લીધી જે કામ રૂમીઓથી સૈંકડો વર્ષોમાં થયું આરબોએ એને એના દસમાં ભાગમાં અંજામ આપ્યો આ જ કુરઆન મજીદની મદદથી આરબો યુરોપમાં શાહી હૈસિયતથી દાખલ થયા.

:: સર વિલિયમ લખે છે ::-

મુસલમાનો નાં તમામ ફીરકામાં કુરઆન એક જ છે. દરેક જમાનામાં બધાં જ મસલકમાં સીલ સીલાવાર એક જ પઢયું તે પોતેજ એક ઠોસ દલીલ સબૂત છે.

આજે આપણી સામે તે જ સહીફો છે જે ખલીફાનાં હુકમથી જમા કરવામાં આવ્યો. કદાચ આખી દુનિયામાં બીજી એવી કોઇ કિતાબ નથી જેની ઇબાદત સદીઓ સુધી વગર ફેર બદલ અસલમાં જ રહી ગેય. કુરઆને પાકની કિરઅતમાં ઇખતેલાફ પણ આશ્ચર્ય જનક રીતે ઘણાં જ ઓછા છે.

::-કાન્ટ હુનરી ડી કાસ્તરી

પોતાની કિતાબ '' અલ ઇસ્લામ '' કે જેનો અરબીમાં તરજુમો મીસરનાં મશહુર આલીમ મુહકકીક ફતહી બ્રુક ઝાગુલે કર્યુ ઇ.સ.૧૮૯૮માં એમાં લખે છે ક લફઝી અને માનવી હરેક રીતે આ કલામની મીસાલ કરવી બની એ આદમનાં વશથી બહાર છે. આ તે જ કલામ છે જેની અજમત અને કમાલ હઝરત ઉમરનાં દિલને મુતમઇન કરી દીધો અને તેમણે અલ્લાહ તઆલાની એકતાનો તયારે જ ઇકરાર કરી લીધો.આ તે જ કલામ છે જેની હજરત યાહયાની વિલાદતની આયતો સાંભળી નજજાશી બાદશાહની આંખોમાંથી આસું જારી થઇ ગયા અને બાદશાહ પુકારી ઉઠયો આ તેજ કલામનું સર ચશ્મુ છે જે હઝરત ઇસાનું હતું.

:: મારો ગોબીથ રાડવીલ :-

કુરઆન નો તરજુમો કરેલ છે. એમાં એક જગ્યાએ દિબાચામાં લખ્યું છે ક કુરઆને મજીદ અરબમાં જઝીરાનાં અલગ-અલગ જંગલી તેમજ દેહાતી અરબોનાં કબીલાઇ વિચારોને એક જ વિચારો ખ્યાલોવારી કોમમાં બદલી દીધાં ત્યારબાદ ઇસ્લામી દુનિયાની એક અજીમુશ્શાન સીયાસી અને મજહબી જમાઅત કાયમ કરી જે આજે યુરોપ અને મુશરીકો સામે એક મોટી તાકાતનો દરજજો રાખે છે..કુરઆનની એ ખાસીયત છે કે
એણે વિદ્યાનો અને બુધ્ધિશાળી યહુદીઓ અને ઇસાઇઓ ઉપર ઉંડી અસર નાખી છે. તાકીકથી એ સાબિત થઇ ચૂકયું છે કે યુરોપનાં ફિલોસોફરો અને વૈજ્ઞાનીકો કે અન્ય જેટલા ઇલ્મ તેઓ જાણે છે તે બધું ઇલ્મ તેમણે અરબીની અસલ કિતાબોનો તરજૂમો કરેલ કિતાબોમાંથી પ્રાપ્ત કરેલ છે.કુરઆન પાકે જ આ બધા ઇલ્મ અને કલાને શીખવાનો ઝોકશોક પૈદા કર્યો છે.

::બ્રિટનનાં કશહુર પ્રોફેર ઓ.જી. આરબીરી

એ કુરઆને શરીફનું અંગ્રજીમાં માંતરજુમો કર્યો.જેનું નામ THE KURAN ENTERETED રાખ્યું.આ તરજુમા ના મોકદદામાં પ્રોફેસર કુરાઆનની અજમત અને તેની ફસાહત બલાગતનું બયાન આ પ્રમાણે કર્યુ છે.

કફસાહત બલાગત સિવાય કુરાનની મોજેઝાનો તાસીરનુ કારણ એની જામીયત છે. દૂનિયામાં આજે જેટલા આસમાની સહીફા હાલે જે સૂશ્રતમાં મૌજુદ છે. તેમાં કુરઆન સિવાય બધા જામેઇયતથી મહેરૂમ છે તૌરાત દુનિયાની કૌમોની તવારીખ અને હુકમ કાનુન નું મજમું છે.ઝબૂર દુઆ મૂનાજાતોનો ઝખીરો છે.સફરે એયુબ માં પણ ફકત અકીદાઓને સ્વીકાર કરવાની તાલીમ છે. અમ સાલે સુલેમાન ફકત વાયેઝ હુકમ

પર છે ઈન્જીલ હઝરત ઈમામ મસીહની સીરત અખલાકી તાલીમનો મજમુઆ છે. પણ કુરઆન આ સઘડી કિતાબોની જામેઅ છે.એમાં તોરાત અને ઈન્જીલની જેમ અકવામ અને અખલાકનું ઝીકર છે. બલ્કેતેનાથી વધારે છે.તેમાં વાએઝ પણ છે.દુઆઓ પણ છે. ઈબાદતનાં તરીકાઓ પણ છે.મઅમલાત અને ફરીજા પણ છે.કામીલ હિદાયત અને ખૂલ્લી તાલીમાત છે. તે મુસલમાનો માટે હર સમસ્યાનો હલ અને હર સવાલનો જવાબ મોજુદ છે.

:: જયોર્જ સીલ લખે છે કે :- બેશક કુરઆન અરબી ભાષાની બધાંથી બહેતર અને મુસ્તનદ કિતાબ છે.કોઇ પણ માણસ બુધ્ધીથી આવી મોજીઝાનાં કિતાબ નથી લખી શકતો.કુરઆને પાક મુર્દાને જીવતો કરવાનાં મોજીઝાથી પણ વધુ મોજીઝો છે. એક અજાણ આવી વગર એબવાળી અને બેમીસાલ તરજે ઈબારતવાળી કિતાબ તહરીર કરી શકે એ પણ એક મોજીઝો છે.

:: રેયોરેન્ડ મિકસોઇલ કિંગ પોતાની કિતાબમાં લખે છે કે કુરઆન ઈલ્હામતનો જખીરો છે. એમાં ઈસ્લામી કાનુન,આદર્શ,અખલાકી તાલીમ દરેક દિવસનાં કારોબારની નિસ્બત અને સરળ હિદાયત છે. એ હિસાબે ઈસ્લામને ઈસાઇયત ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે કે એની મઝહબી તાલીમ અને કાનુન અલગ નથી.

:: કોન્ટ હુનરી વી. કાશટરી પોતાની કિતાબ અલ ઈસ્લામ માં લખે છે કે કુરઆનને જોઇ વાંચી તાજજુબ થઇ જવાય છે કે એનાં બે ઐબ અને લાસાની કલામ તે માણસની ઝબાનથી નીકળ્યા જે બિલકુલ અભણ હતા.

:: મોસીયો કાસ્ટનકાર અખબારે શગારોમાં લખે છે કે જમીન ઉપરથી હુકુમતે કુરઆન જો ઉપડી જાય તો દૂનિયામાં અમન (શાંતિ) કયારે પણ કાયમ ન રહી શકે.

પ્યારા વાંચકો તમે આગળ કુરઆન અને સાહેબે કુરઆનની ફઝીલત કમાલાત વિશે ગૈર મુસ્લીમોનાં અભિપ્રાયો વાંચ્યા હવે તમે જ વિચારો આવા લેખ વાંચવાથી આપણાં ઈમાનમાં તાજગીનું પ્રમાણ કેટલું વધી જશે? પરંતુ જેને ઈસ્લામ સાથે દુશ્મની છે. જેનાં મનમાં કુરઆન અને સાહેબે કુરઆન વિશે હસદ,ઘૃણા અને અદાવતની લહેરો લહેરાતી હોય તેમની સામે ગમે તેટલી સાબિતી દલીલો રજુ કરીશું તો પણ તેમના માટે કોઇ ફાયદો નથી.ફાયદો જરૂર થાય જો તટસ્થતાથી જો આ કિતાબને વાંચો. પરંતું જે અદાવતથી વાંચશે તેને કોઇ ફાયદો નથી. સાપનાં મોઢામાંથી કયારે પણ રૂહની ઠંડકની આશા ન રખાય.જેવી રીતે વડવાગોળ સૂર્યથી હમેશાં અદાવત રાખી છે.પોતે સૂર્યને જોઇ ન શકે એ માટે આખો દિવસ પોતાની આંખો ઉપર પાંખો ઢાળી મૂકીદે છે. પરંતુ એને કયાં ખબર છે કે સૂર્ય તો આખી દુનિયા માટે રહેમત અને અમન છે એનાં લીધેજ આખી દૂનિયાનાં સજીવ જીવીત છે.એનાં થકી જ અલ્લાહ ત્આલાએ અનાજ, વનસ્પતિ,

ફલફૂલનાં ઉગવાનું નિઝામ કાયમ કર્યુ છે.એના થકી જ મનુષ્યની તંદુરસ્તી કાયમ છે. એ જ રીતે રહેમતે આલમ હઝરત મોહંમદ સલ્લલાહો અલહે વસલ્લમ આખી દુનિયાનાં સજીવો માટે રહેમત છે. જેનો ઇકરાર દુનિયાભરનાં ઇન્સાનો કરે છે પરંતુ વડવાગોળ જેવા અમૂક બદ બખ્ત બદ દિમાગ લોકો હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમનાં જીવનમાંથી એબ અને ખામીઓ શોધવાની તજવીજ કર્યા કરે છે. અને લોકો હુઝુર સલ્લલાહો અલહે વસલ્લમની ઝાતે પાક પિશે આગ ઓકયા જ કરે છે.

હમણા સુધી આપ રહેમતે આલમ હઝરત મોહંમદ મુસ્તફા સ.અ.સ. તથા કુરઆને મજીદ પિસે હિન્દુસ્તાન તથા યુરોપનાં મશહુર પાદરી વિદ્વાનો ફલાસોફરોના દિલનાં ઉદ્ઘગાર તથા સાચા વિચારથી વાકીફ થયાં હવે આપણે દિને ઇલામ જે રસુલુલ્લા સ.અ.સ. કુરઆન અને આપનાં અમલથી કરી બતાવ્યો તેનાં પિસે હિન્દુસ્તાન નાં મહાપુરૂષો અને ફલાસોફરો વિદ્વાનોનાં આપણે ખ્યાલ વાંચી ઇમાનને તાજો કરીએ.

<u>હિન્દુ ફાઝલિ બાબુ બીપીનચંદ પાલ કહે છેઃ-</u>

કુરઆનની તાલીમમાં નાત-જાતનો કોઇ ફરક નથી અને ન કોઇને માલ કે નસબ હિસાબે મોટો સમજવામાં આવે છે.

<u>મિસ્ટર શંકદાસ ગ્યાની કહે છેઃ-</u>

આપની તાલીમમાં ખૂબીઓ નજરે આવે છે જેને જોઇને દિલ બે ઈખ્તીયાર આપની તારીફ કરવા ઉપર આવી જાય છે. જો આપ માત્ર ખુદાની ઇબાદત કરત અને એકતાની તાલીમ ઉપર જ બસ કરત તો તે પણ પુરતું હતું પણ એમ ન કરતાં આપ એનાથી પણ વધુ આપની તાલીમમાં તૌહીદ(એક ખુદાનું માનવું)તકવા(ગુનાહથી બચવું)નેકી પહરેઝગારી,મોહબ્બત,સદવર્તન અને ઔરતોને તેના હકકોની આઝાદી વગેરે જોવામાં આવે છે.એટલે દુનિયા તેમના કદમ ઉપર ફૂલ ન્યોછાવર કરે છે આપની આવી અઝીમ તાલીમ જોઇને તેમની તારીફ ન કરીએ તો એ ઇર્ષાનો જ ભાગ કહેવાય.

ભારતનાં સીયાસી રહેનુમા એમ. એન.રાએ એક પ્રસંગે કહયું ખરેખર ઇસ્લામી તવારીખ મઝહબી ભાઇચારો અને દરેક મોડ ઉપર સુલેહ પસંદીની તવારીખ છે.

<u>લાલા લજપત રાયઃ-</u>

હું ઇસ્લામ ધર્મને ચાહું છું ઇસ્લામનાં પયગંબર મોહંમદને મહા પુરૂષ સમજું છું અને કુરઆની રોજીંદી જીંદગી સીયાસી,અખલાકી અને રૂહાની તાલીમની હું દિલથી તારીફ કરું છું એ રંગમાં ઇસ્લામને બહેતર રંગ સમજું છું જે હઝરત ઉમરનાં સમયમાં હતું.

<u>હિન્દુસ્તાનનાં મશહુર અફસાના નીગાર (નવલ કથાકાર) મુન્સી પ્રેમચંદ</u>

ઇસ્લામી બીરાદરી એક રૂહાની અને સામાજિક હકીકત છે.ઇસ્લામ ફકત એક અકીદો નથી પણ પૂરેપૂરો એક સામાજીક અને જીવનનો કાનૂની નીઝામ છે.

પંડીત જવાહરલાલ નહેરૂ :- ઇસ્લામની રૂહાની તાકાતનો એ કરીશ્મો છે કે

આરબોની હાલત એકાએક બદલી નાખી. અને એક અલગ અંદાજથી આરબોમાં જાગૃતની રૂહ ફુંકી આરબોમાં આત્મવિશ્વાસની સલાહિયત પૈદા કરી અજબવાત છે કે જે કોમ સદીઓથી નાકારા પડેલાં હતાં તેને જગાડીને જોશ પૈદા કર્યો આખી દુનિયા મોઢામાં આગળી નાખીને જોઇ રહી તે આરબો વીજળીની રફતારથી એશિયા અને યુરોપમાં પોતાનો સિકકો બેસાડી દીધો. ત્યારબાદ પણ કેટલાય કામયાબીનાં શિખર સર કર્યા તવારીખની નજરે એક મોજીઝાથી કમ નથી.
ઉપર ફૂલ ન્યોછાવર કરે છે આપની આવી અઝીમ તાલીમ જોઇને તેમની તારીફ ન કરીએ તો એ ઇર્ષાનો જ ભાગ કહેવાય.

ભારતનાં સીયાસી રહેનુમા એમ. એન.રાએ એક પ્રસંગે કહયું ખરેખર ઇસ્લામી તવારીખ મઝહબી ભાઇચારો અને દરેક મોડ ઉપર સુલેહ પસંદીની તવારીખ છે.

ભારતનાં માજી રાવકીય અગ્રણી અને યુ.પી.નાં માજી વગર્નર શ્રીમતી સરોજની નાયડુ એક પ્રસંગે આપેલું મંતવ્યઃ- ઇસ્લામ પહેલો મઝહબ છે. જેણે લોકશાહીની ભલામણ કરી અને એનનાં ઉપર અમલ કર્યો. ઇસ્લામમાં ખાલીસ લોકશાહીનો રંગ જોવામાં આવે છે જે બીજા મઝહબની પેદાઇશ નથી.
:-: લાલા શ્યામનાથ એમ.એ.દેહલવી.

કોઇ શક નથી કે ઇસ્લામ દુન્યામાં ઘણીજ સુધારણાં અને ઇન્સાની ખીદમત કરી જેમાં ગુલામી માટે ઘણી જ કાબીલે કદર કોશીશ કરી હુઝુર સ.અ.સ.ગુલામો સાથે સારો વરતણ કરવાની ભલામણ કરી તે આખી દુન્યામાં આ આવાઝ પહેલી હતી.
:-: આરનીબલ ચૌધરી છોટુરામ.

હઝરત મોહંમદ સ.અ.સ.નરમી આજેઝી શરાફત પાકીઝગી.મોહબત મુરવતનાં પૈકર હતાં.આ ફકત નસલે ઇન્સાનીના ફકત હાદી નાં હતાં પણ ઇન્સાનીયતનાં જબરદસ્ત કાએદા પણ હતાં આપ ફકત એક મોટા મરતબા વાડા પયગંબર જ ન હતાં પણ જલીલુલ કદર કાએદ અને અઝીમુશાન ન હુકમરાન પણ હતાં પણ આપનાં એક અખલાકમાં રહમત કરમ વકાર એવા સમાઅતા હતાં.જે જે તમામ હયાતે આમાલ ઉપર હાવી હતાં. આપ ઘણોજ સાદું જીવન ગુજારતાં જયારે આખો અરબ આપનાં કદમો માં હતું ત્યારે પણ આપનાં જીવનનાં અમલમાં કોઇ ફરક નહીં આવ્યો ઇસ્લામની રૂહ ભાઇચારો અને સમાનતા છે.બીજા ધર્મ પણ ભાઇચારો અને સમાનતાને ભલામણ કરે છે. પણ અમલી જીવનમાં ફકત મઝહબે ઇસ્લામ જ એક એવો ધર્મ છે. જે ભાઇચારો અને સમાનતાને અમલી અને હકીકી બુનિયાદ ઉપર કાયમ કરે છે.પયગંબરે ઇસ્લામ રંગ નસલ નસબ અને તમામ કૌમોનાં અભીમાની ફેરફારને સખતીથી મીટાવયાં પયગંબરે ઇસ્લામ પોતાના દુશ્મનોથી પણ માફી એસાન અને સખાવત નો હૈરત અંગેજ વરર્તણ કરી જતાં આપ પોતાનાં દુશમનોનાં એસાન અને જઝબાતનો પુરો ખ્યાલ રાખતા પયગંબરે ઇસ્લામની આવી મુરરવત અને ઉચો વરતાવ ઇતિહાસમાં કયાં પણ એનાં જેવી મીસાલ મલતી નથી. (પયગંબરે ઇસ્લામ લેકચરર આરનીબલ છોટુરામ).

:-: લાલા શ્યામલાલ કપુર

હઝરત મોહંમદ સ.અ.સ.દુનિયાની મોટી હસ્તી છે.જેના ઉપર દુનિયાની તાકાત,રોબ અને હિમ્મત જેટલો પણ ફખર કરે ઓછો છે. તે એવા ઇન્સાન હતાં જેને મજબુતીનો પહાડ કહીએ તો લાયક છે.

:-: રવીન્દ્રનાથ ટાગોર

તે વખત દુર નથી કે કુરઆન પોતાના તમામ સચ્ચાઇયો અને રૂહાની કરીશ્માથી બધાને પોતાની અંદર સમાવી લેશે તે દિવસ પણ દુર નથી કે ઇસ્લામ દુનિયાનાં તમામ મઝહબો ઉપર ગાલીબ આવી જશે.(મહિના જુલાઇ ઇ.સ.૧૯૩૦)

:-: હકીમ ચન્દ્રકુમાર બી.એ.

જવાની નાં જમાનામાં આપની આ હાલત હતી કે આપ તાજી નિકાહ કર્યા પછી. કેટલાં-કેટલા દિવસ આપ ઘરથી દુર રહી અને પોતાની નફસની પાકીઝગી માટે ઇબાદત કરતાં અને હઝરતબીબી આયેશાં સિવાય જેટલી પણ બીબીઓ આપની નિકાહમાં આવી બધી વિધવા હતી આ વાત ઉપર વિચાર કરવાથી તરી આવે છે કે
પહેલી શાદી ઓ નિકાહ માટે નહીં પણ કોઇ અખલાકી જિમ્મેદારી અદા કરવા માટે હતી. (રીસાલા ઇમાન પટટી જીલ્લા લાહોર ઓગષ્ટ ૧૯૩૬)
આ લખાણ રાય સાહેબ લાલા રઘુનાથ સ્હાએ બી.એ. નો લખેલ છે. બટવારા થી પહેલાં અંજુમને ઇત્તેહાદ મઝહબ લાહોરનાં સદર હતાં તેઓ ૧૯૦૪ ઇ.પંજાબ આરટીસ્ટ પ્રેસ બેરૂન મુરીદરવાજા લાહોરથી એક કિતાબ શાએ કરી હતી તેનાં ૧૮૩ સફા હતાં અને તેનું નામ હતું રોશન સીતારે તેમાં દસ નામવર બુઝુર્ગ હસ્તીઓનાં જીવન ચરીત્ર વિષે લખેલું હતું તેમાં એક ભાગ પયગંબરે ઇસ્લામ ઉપર લખેલ હતું તેમાં આ ભાગનો છેલ્લો થોડો લખાણ લખવામાં આવ્યો છે.

હઝરતની આદત બહુજ સાદી સીદી હતી હમેશા જાડો કપડો પહેરતાં કુર્તા ચાદર સીવાય બીજો કપડો ન પહેરતાં તેમનાં કમરામાં એક ચાર પાઇ પાણીનું મટકું અને એક ગુણપાટ વગર બીજું કાંઇ પણ સામાન ન હતું અને ખોરાક એટલો સાદો કે આજનો ગરીબ પણ આટલું સાદો ખોરાક નથી ખાતો જેનો આટો(લોટ) હાંડીમાં ચડાવી જેમાં જેતુન નું તેલ,જીરો તથા કારી મરી નાખ્યા અને બસ ખાવાનું તૈયાર કયારે ફકત ખજુર ખાઇને વકત ગુજારી લેતાં જે પણ વકત ઉપર મલ્યું ખાઇ ખુદાનું શુક્ર અદા કરતાં સફાઇનું ઘણુંજ ખ્યાલ રાખતાં મકાનમાં જાડું પોતાના હાથે કરતાં પહેલી જીંદગીમાં બકરીઓ ચરાવતાં ઘર કામમાં પોતાની બીબીઓની મદદ કરતાં બકરીઓનો દૂધ દોતાં(દૂધ કાઢતા) હતાં મતલબ જાનવરથી પણ પ્યાર કરતાં કોઇ કામમાં આપ એબ ન સમજતાં મુસ્લીમો સાથે પણ આપ મસ્જીદમાં મજુરી કામમર્યુ ખાવાથી પહેલાં અને પછી હાથ ધોતા મોઢાની સફાઇ ઘણીજ કરતાં (દાતણ કરતાં), બાલોમાં કંગી કરતાં, તેલ નાખતાં,તેઓ પોતાની જીન્દગી થી સાબિત કર્યું કે આપ કોઇ કામને હલકું ન સમજયા.શીરફ સચ્ચાઇ અને ઇમાનદારી ધ્યાનમાં રાખીને

તબીઅતમાં આજીજી ઘણીજ હતી.કોઇ ગુલામ પણ આવવા બોલાવે આપ ચાલ્યા જતાં બધાની સાથે મળી ખાતાં અને બીજો કોઇ વાત કરે તો તેમાં કયારે પણ દખલ ન કરતાં અને જરૂરી કહેવું હોયતો ઘણીજ નરમાસથી અને આજીજીથી કહેતાં આપનો દિલ દુશમની અદાવત બદલો લેવું ઝુલમ સખત શબ્દોમાં બોલવું આ નાપાક જઝબાતથી પાક હતું હમેશા માફી અને દરગુજર કરવા પર તૈયાર રહેતાં જેવી રીતે ફતહે મકકાના વાકેઆતથી જણાયું કે સચ્ચાઇ દયાનતદારી લુતફો કરમ આપની તબીઅતના ભાગ બની ગયાં હતાં તેમની સખાવત બેમિસાલ હતી જયાં સુધી બનતું આપ કોઇનો સવાલ રદ ન કરતાં માલ દૌલત કયારે પણ જમઅ કર્યું નહીં પણ જયાં સુધી એને ગરીબ મીસ્કીન મહોતાજોને વેચી ન દેતાં ત્યાં સુધી ચેન(મજા) ન પડતું ગુલામોનાં હકક આકાઓ ઉપર અને ઔરતો અને બચ્ચાઓનાં હકક માણસો ઉપર નકકી કર્યા કોઇ બિમાર પડતો તો તેને બોલાવા જતાં કોઇ ગુજરી જતો તો જનાઝાયે(કબ્રસ્તાન) જાતાં લખાણ લાંબો ન થાય એટલે ઘણું જ ટુંકો લેખ લખેલ છે.

:: શરદે પ્રકાશ દિયોજી પ્રચારક બરહમાં ધર્મ:

અમે મોહંમદના અમુલ્ય ખીદમત ને જો નસ્લે(જાત)ઇન્સાની ઉપર તેમની ભલાઇ માટે કરી તેને ભૂલીને અહેસાન ફરમોશ નથી થઇ શકતા.

::ડો જયરામ બર્મા:-

હઝરત મોહંમદ સ.અ.સ. સદગુણોને બતાવીને પૂરો નથી કર્યો પણ તેનાં બધાં ઉસુલો ઉપર અમલ કરી બતાવ્યું તેમનો જીવન બીજાની ભલાઇ અને કુરબાની આપવા વાળો જીવન હતો (મોજેઝાતે ઇસ્લામ બ. હવાલા યંગ ઇન્ડીયા).

:: બુધ ધર્મનાં મહાન પાધરી ચીની લીડર મીસ્ટર ફુન.ચુન:-

પયગંબરે અરબેને જે તાલીમ દુન્યાએ ઇન્સાનીયત સામે પેશ કરી છે.તે તાલીમ પૂરી વજન કાયમ રાખવા વાડી છે.(રીસાલા પેશવા રબી.અવ્વલ ૧૩૫૬)

:: ડો.વિનું ગોપાલરાવ નાઇડુ એલ.એમ.તનાવી:-

કુરઆન ઇલ્હામી(કુદરતી) કિતાબ છે.તેમાં જરાપણ કલામ નથી એક અનપઢ અને તેની જબાનથી દુનિયાનાં બહેતરીન લેકચરમાં એક જબરદસ્ત પૈગામનું નીકડવું તેમની સચ્ચાઇનું કાફી સુબુત છે.

હવે યુરોપનાં મશહુર નામવર ઇતિહાસકાર ફિલાસોફર પાદરીઓ લેખકોનાં લખાણ વાંચીએ:-

ઇંગ્લેન્ડનાં નામવર ઇતિહાસકાર એડવર્ડ ગબન લખે છે કે:-

મોહંમદનું મઝહબે ઇસ્લામ શકથી પવિત્ર છે. ખુદાની ઝાત એક છે. ઉપર ઇસ્લામ એક રોશન દલીલ છે. રસુલે ખુદાએ બુતો,ઇન્સાનો,સીતારા,સચ્ચારાની પૂજાને અકલી દલીલથી રદ બાતલ કરી દીધી.તેમણે લોકોને સમજાવ્યું કે જે ઉગે છે તે આથમે છે. પેદા થયો તે મરશે. ઇસ્લામે જેને ઇબાદતને લાયક ઠહરાવ્યો તેના માટે યકીનથી

જોશભેર એલાન કરીને કહ્યું કે એ ન મીટવાવાળો અને હમેંશા રહેવાવાળો છે.તે નિરાકાર છે. મરતબામાં તેની સરખામણી કોઇ સાથે ન થાય તેની કોઇ ઔલાદ નથી તે આપણી અંદરનાં વિચારોથી વાકેફ છે. તમામ અખલાક અને કમાલનું સરચશમુ છે.

એડવર્ડ મોંનીટેન્ટ :-

ઇસ્લામ એક એવો આલમગીર મઝહબ છે જેણે બાતીલ માન્યતાઓને ખતમ કરી નાખી કે સામાન્ય માણસ સરળતાથી દીનને સમજી શકેછે. આ મઝહબમાં ખરેખર એવો ખેંચાવ છે કે માણસોનાં દિલમાં પોતાની મેળે જ માર્ગ બનાવી લે છે.

આરલેન્ડ ટવાએન બી :-

મોહંમદ ઇસ્લામ દ્વારા ઇન્સાનોમાં નાત જાત,રંગ,નસલ ખાનદાની દરજજાને એકદમ ખતમ કરી નાખ્યું કોઇ ધર્મે એનાંજેવી કામયાબી હાંસીલ કરી નથી જે મોહંમદનાં મઝહબને નસીબ થઇ આજની દુનિયાને જેની જરૂર છે અને માત્ર મોહંમદી તાલીમ જ પૂરો પાડી શકે છે.

સી.એફ.એન્ડ્રોઝ :-

પોતાના અંગેજી મજમૂનમાં ઇસ્લામી તાલીમ ની છણાવટમાં ખુલાસાવાર બહેસ કરતાં લખે છે કે ઇસ્લામ પોતાની સાથે માત્ર સાદું જીવન નહિં પરંતુ સાદો દીન પણ લાવ્યો એક જ ખુદા એમ જ દિન,એક જ માન્યતા.

સમજમાં ન આવે એવી વગર મકસદની રીતી-રીવાજોને દૂર કર્યા માત્ર તૌહીદ(ખુદા એક છે)ની તાલીમની સરળતા હતી જેનાં કારણે માત્ર અરબ નહિં પણ મસીહી દૂનિયાનાં પણ બુત પરસ્તીનો ખાતમો થઇ ગયો.સમાજ એકદમ સાદો બની ગયો અરબસ્તાનનાં ગરીબો અને શામનાં ગરીબ ખેડૂતોને ઇબાદતની અજમતનો અહેસાસ થયો.

પયગંબરે ઇસ્લામે પોતાના આખરી બોલ અને અમલ માટે કાયમ કરેલો નિયમ તેને પોતાનો અમલ બનાવી તેવી રીતે અમલ કરવા હુકમ આપ્યો જેમ કે અય મુસલમાનો એકબીજાને ઇજજત લાયક સમજો કોઇનુ નુકશાન ન કરો.પોતાની ઔરતોથી સારી વર્તણૂક કરો એટલા માટે કે તે તમારે હવાલે કરવામાં આવી છે અને તમે તેને ગુલામોને તેજ ખવડાવો જે તમે ખાઓ છો તેજ પહેરાવો જે તમે પહેરો છો.યાદ રાખો મોમીન-મોમીનો ભાઇ છે.તમે બધા એક સમાન છો.મેં મારુ કામ કરી ચુકયો છું તમને અલ્લાની કિતાબ અને ખુલ્લા શરીઅતનાં અહકામ આપી જાઉ છું જો તમે એને મજબૂત પકડી રાખશો તો ગુમરાહ નહીં થાઓ.

બ્રિટનનાં સાબીક મુમતાજ લીડર કેપ્ટન રોબર્ટ ગાર્ડન લખે છે.:- ઇસ્લામે જે જહેની અને જમહુરી આઝાદી અતા કરી હતી તેમાત્ર મુસલામનો માટે જ ખાસ ન હતી પરંતું આખી દુનિયાને તેનાથી પ્રેરણા મળી મુસ્લીમો એ પોતાના શાસનકાળ દરમ્યાન ઇલ્મી અને અખલાકી કામયાબીઓ મેળવી.તેઓએ પોતાની આઝાદીની સાથે સાથે દુનિયાની તમામ કોમોની આઝાદીનું એહતેરામ કર્યું આમ ઇસ્લામે દુનિયા ઉપર

પ્યારા વાચકો આપ જે કુરઆન સાહેબે કુરઆન અને દિને ઈસ્લામ વિસે બીજા ધર્મોનાં પાદરી ફિલાસોફર મહાપુરૂષોનાં વખાણ અને તારીફથી ભરેલાં લખાણ વાંચ્યા એ દુન્યામાં ઇસ્લામ વગર બીજો કોઇ ધર્મ નથી જેને આ એજાઝ હાસીલ હોય આપણે આ પ્યારા દિન ઉપર અમલ કરવું જોઇએ

હવે આપણાં પ્યારા આકાનાં ઉમદા અખલાકો તેમજ તે વિશે આપે ઉમ્મતને જે હુકમ કર્યા એ વિશે થોડુંક જાણી એ જેવી આપની સચ્ચાઇ અહેસાન મંદી નમ્રતા અમાનતદારી વાયદાની પ્રતિબધ્ધતા સબર,હિલમ,દરગુજારી,હયા સાચીવાત કહેવી રહેમ

અલ્લા ત્આલા આપણને એવા ઉમદા અખલાક હાંસિલ કરવાની તોફીક અતા કર આમીન.

આવો આપણે આપ સલ્લલાહો અલહે વસલ્લમની અખલાકો વિશેની થોડી હદીસો જાણીએ.

<u>હદીસ ::-</u> હજરત ઉમર રદીઅલ્લાહો ત્આલા અનહો રીવાયત છે કે રસૂલ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે '' આખરી જમાનામાં મારી ઉમ્મતને હુકુમરાનો થી સખત તકલીફો પહોંચસે. તેઓથી નજાત નહિં પામે પરંતું તે માણસ જેણે અલ્લાહનાં દિનનને ઓળખ્યો અને તેનાં ઉપર પોતાનાં હાથ દિલ અને ઝબાનથી જેહાદ કર્યો અને આ તે માણસ છે જે પૂરી રીતે સબકત લઇ ગયો બીજો તે માણસ છે જેણે અલ્લાહનાં દીનને ઓળખ્યો અને તેની તસ્દીક કર્યો.(સાચું માન્યું) ત્રીજો તે માણસ અલ્લાહનાં દીનને ઓળખ્યો અને ખામોશ રહયો જો કોઇ નેકી કરતાં જોયો તો તેનાથી મોહબ્બત કરે અને બુરાઇ કરતાં જુએ તો નાખુસ રહે આ લોકો પોતાનાં અંતરની ભાવના હિસાબે ન જાત પામશે.(રવાઓ બહેકી)

<u>હદીસઃ-</u> હઝરત અબુ સઇદ ખુદરીથી રીવાત છે કે એક વખત નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે કોઇ પણ માણસ પોતાનેં હકીર ન સમજે ત્યારે સહાબા એ કિરામ અરજ કરી યા રસુલુલ્લા અમારંમાંથી શા માટે પોતાનો હકીર ન સમજે ફરમાવ્યું એટલા માટે કે એને અલ્લાહ તઆલાનાં બારામાં એક વાતકહેવાની જરૂર હોય અને તે ન કહે કયામતનાં દિવસે ખુદા તેને કહેશે કે પેલી મારા બારામાં વાત કહેવા તને કોણે રોકયો ? તો તે કહેશે કે માણસોનાં ખોફ ત્યારે ફરમાવશે કે તમને મારો વધારે ખોફ રાખ્યું જોઇતું હતું (રવાહો ઇબ્ને માજા)

કુરઆન-- કાલ યા બુન્નેય અકે મે સ્સલાત વ અમૂર બીલ મારૂફે વન હા અનીલ મુનકીરે વસ્સબીર અલામા અસાબકા ઇન્ન ઝાલેક મિન અઝમીલ ઉમુર.....

અર્થઃ- હઝરત લુકમાન અ.સ.પોતાનાં ફરજંદ ને કહયું અય પ્યારા બેટા નમાઝ કાયમ કર ભલાઇનું હુકમ કરતો રહે બુરાઇથી રોકતો રહે સબર કર જે એનાં લીધે તને પહોંચે બેશક તેજ બુલંદ હિમ્મતનાં કામ છે.

હદીસઃ- હજરત અનસ રદીઅલ્લાહો અન્હોથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું જે માણસ ઇચ્છે કે એનાં રીઝકમાં બરકત થાય અને એની ઉમર લાંબી થાયતો એને જોઇએ કે એ ભાઇચારાને ઇખ્તીયાર કરે (મુસ્લીમ)

:: હઝરત અબ્દુલા ઇબ્ને ઉમર રદીઅલ્લાહો ત્આલા અન્હોથી રીવાયત છે

કે રસુહુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે બદલો લેવા વાળો ભાઇચારો કરવાવાળો નથી ભાઇચારો કરાવવો તે છે જેનાંથી તાઅલ્લુક તોડવામાં આવે તો એ અને જોડે.(બુખારી)

હજરત આયેશા રદીઅલ્લાહો ત્આલા અન્હાથી રીવાયત છે કે રસુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમ ફરમાવ્યું કે રહેમ અર્શથી લટકેલો છે. તે કહે છે કે જેણે મને મીલાવે અલ્લા એને મીલાવે જે મને તોડે અલ્લા તેને તોડે ..

હદીસ હઝરત અબુબકર રદીઅલ્લાહો અન્હોથી રીવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કોઇ ગુનો એનાથી વધારે નથી કે એનાં કરવાવાળાને અલ્લાહ ત્આલા બહુજ જલ્દી દુનિયામાં સજા આપે અને આખેરતમાં અઝાબ પણ તેના માટે બાકી રહે.તે ગૂનો ઇમામથી બગાવત અને કતએ રહેમી(તઅલુક તોડવો) છે. (તીરજી, અબુ દાઉદ)

હઝરત ઉસૈદ સાઅદી રદીઅલ્લાહો ત્આલા અનહોથી રીવાયત છેકે રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમની બારગાહમાં અમે મોજુદ હતાં તયારે બની સલમાનો એક માણસ આવીને અરજ કીર યા રસુલુલ્લા મારા મા-બાપની સાથે નેકી કરવામાં કોઇ નેકી બાકી છે જેથી હું તેમની વફાત પાછળ કરી શકું ફરમાવ્યું હા તેમના માટે દુઆ કરવી એમનાં માટે બખ્સીસ માંગવી એમનાં પછી એમનાં વાયદા પૂરા કરવા એમની રીશ્તેદારી જોડી રાખવું જે એમનાંથી જોડાયેલા છે અને તેઓનાં દોસ્તોની ઇજજત અફઝાઇ કરવી.(અબુદાઉદ ઇબ્ને માજા)

હઝરત સલમાન બીન આમીર રદીઅલ્લાહો અન્ઓથી રીવાયત છે કે નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે ..મિસ્કીનોને સદકો દેવો એ એક સદકો છે રીસ્તેદારોને દેવું બમણો સદકો છે. એક સદકો અને એક સુલેહ રહમ.(તીરમઝી).

એક રીવાયતમાં છે કે રસુલુલ્લાહો અલય વ સલ્લમે ફરમાવ્યું કે હું તમને બંને જહાનનાં બહેતરીન અખલાક બતાવું છુ.રીશ્તેદારી તોડવાવાળાથી તમે રીશ્તો જોડો ન આપવાવાળાને તમે આપો અને જુલમ કર્યો હોય તેનાં કસુરને માફ કરો.(તરગીબ).

રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું રીશ્તો તોડવાથી સુલેહ કર જે તને મહેરૂમ કરે તેને અતા કર અને જેણે તને ગાળો આપી તેનાંથી દરગુજર કર.

સચ્ચાઇ વિશેઃ-

હદીસઃ-હઝરત અબુ સઇદ ખુદરી રદી અલ્લાહો ત્આલા અન્હો રીવાયત છે કે રસુલુલ્લાહો સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું સાચો અમાનતદાર વેપારી નબીઓ સીદીકો અને શહીદોની સાથે હશે.

હઝરત હકીમ બીન હિઝામ રદીઅલ્લાહો ત્આલા અન્હોથી રીવાયત છે કે રસુલ્લાહો સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું ખરીદ વેચાંણ કરવાવાળો જુદા થવાથી પહેલાં એને ઈખ્તીયાર છે. અગર સાચું બોલે (પોતાની ચીજમાં ખામી હોય તો બતાવે)તો એનાં વેપારમાં બરકત થશે. અને જો છુપાવે ખોટું બોલે તો એનાં કારોબારમાંથી બરકત મટી જશે.(બુખારી)

હઝરત અબ્દુલા ઈબ્ને ઉમરથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમની બારગાહમાં અરજ કરવામાં આવી કે કયો માણસ અફઝલ (ઉચ્ચ ગુણવતાવાળો) છે ? આપે ફ.રમાવ્યું કે હર તેમાણસ જે સાફદિલ અને સાચી ઝબાનવાળો માણસ લોકોએ અરજ કરી સાચી જબાનવાળાને જાણી શકાય પણ મખમું મુલ કલ્બે શું છે? આપે ફરમાવ્યું કે તે પાકિઝા દિલ પાકિઝા સીરત(નેક) છે.તે ગુનાહ;જુલ્મ,ખયાનત કે હસદ કરતો નથી.(ઈબ્ને માજા-બહેકી શોઅબલ ઈમાન

હઝરત ઉબાદા ઈબ્ને સામીત રદીઅલ્લાહો ત્આલા અન્હોથી રીવાયત છે કે એક દિવસ રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે સહાબા કિરામને મુખાતીબ કરી અને ફરમાવ્યું લોકો મને છ વસ્તુની જમાનત આપો હું તમને જન્નતની જમાનત આપું છું (૧) બોલો તો સાચું બોલો(૨) વાયદો કરો તો એને પૂરો કરો(૩) તમારી પાસે અમાનત રાખે તો એને અદા કરો.(૪) પોતાને બધકારીથી બચાવો(૫) ગૈર મહરમ ઔરતોથી પોતાની નજરને બચાવો(૬)પોાતાનાં હાથથી કોઇને ઈજા ન પહોંચાડો. (અહમદ બહેકી)

ઝબાન હિફાઝત વિશે

હદીસઃ- હઝરત ઉકબા બીન આમીર રદી અલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે મે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમની બારગાહમાં અરજ કરી નજાત(મોક્ષ) કઇ વાતમાં છે? આપે ફરમાવ્યું પોતાની ઝબાનને કાબુમાં રાખો તમારા માટે તમારો ઘર કાફી છે. તમારા ગુનાહ ઉપર રોતા રહો (તીરમઝી અહમદ)

:: હઝરત સુફ્યાન બીન અબ્દુલા સકફી રદી અલ્લાહો ત્આલા અન્હોથી રીવાયત છે કે મેં રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમને અરજ કરી બધાથી વધારે ખોફનાક કઇ વસ્તુ છે ? જેનાથી મને ડરાવો છો. રાવી કહે છે કે આપ પોતાની ઝબાન મુબારક પકડીને કહયું આ છ.(તીરમઝી)

હઝરત અલી બી ન હુસેનથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમ ફરમાવ્યું કે માણસ માટે ઈસ્લામની ખૂબીઓ નકામી વાતચીતને મૂકવામાં છે (માલીક અહમદ)

:: હઝરત સોહેબ બીન સાદથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે જે મને બે જડબાંની વચ્ચમાં છે એની જમાનત અને બે ટાંગોની વચ્ચે છે એની જમાનત આપે તો હું તેને જન્નતની જમાનત આપું છું (બુખારી)

અહેસાન વિશે (ઉપકાર)

હઝરત અબુ હુરૈરા રદી અલ્લાહો અન્હોથી રીવાયત છે કે નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે વિધવાઓ અને મોહતાજો ઉપર પોતાનાં ધનનો ઉપયોગ કરવાવાળો અલ્લાહની રાહમાં જેહાદ કરવા વાળા જેવો છે.રાવી કહે છે કે મારા ખ્યાલ મુજબ આપે ફરમાવ્યું એ એના જેવો છે. ઇબાદત માટે ઉભો થવામાં આળસ નથી કરતો અને તે રોજાદાર જેવો છે જે ઇફતાર નથી કરતો(મુસ્લીમ શરીફ)

હઝરત અબુ દરદા ઉવૈમી રદી અલ્લાહો ત્આલા અનહોથી રીવાયત છે કે મેં રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમથી સાંભડ્યું કે આપ ફરમાવ્યું કે મને કમજોર (ગરીબ) માણસોમાં તલાસ કરો બેશક આ કમજોર માણસોનાં સબબથી તમારી મદદ કરવામાં આવે છે. અને તમને રોજી આપવામાં આવે છે.(અબુ દાઉદ)

હઝરત અબુ સઇદ ખુદરીથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમ ફરમાવ્યું મોમીન ભલાઇ કરવાથી સેર નથી થતો ત્યાં સુધી એની ઇન્તેહા જન્નત છે(તીરમઝી શરીફ)

અમાનત વિશે

હઝરત અનસ રદીઅલ્લાહો તઆલા અનહોથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું મોમીનમાં બધી ખસલતો પૈદા થઇ શકે સિવાય ખયાનત અને જુઠ.(મિશકાત શીરફ)

હઝરત અબુ હુરૈરા રદીઅલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવયું જે તમારી પાસે અમાનત રાખે તેની અમાનત અદા કરો અને જે તમારાથી ખયાનત કરે તો તમે તેનાથી ખયાનત ન કરો (અબુ દાઉદ તીરમઝી)

હઝરત ઇમામ માલીક રદીઅલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે ફરમાવ્યું કે મને ખબર મળી કે હઝરત લુકમાન હકીમને કોઇ પૂછ્યું કે તમને એવી કઇ વસ્તુએ આ જગ્યાએ પહોંચ્યાડયા જયાં તમે આજે આ મરતબા ઉપર છો? આપે જવાબ આપ્યો સાચી વાત કહેવી અમાનત અદા કરવી અને વગર કારણે વાતચીતને મૂકી દેવાથી (મોઅતા ઇમામ માલીક)

હઝરત અબ્દુલા ઇબને ઉમરથી રીવાયત છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલહે વ સલ્લમે ફરમાવ્યું કે તમારામાં જયારે ચાર વાતો હોય તો દુનિયાની બીજી કોઇ વસ્તુઓ ન મળેતો કાંઇ વાંધો નહિં.

(૧) અમાનતની હિફાજત (૨) વાતનો સચ્ચાઇ (૩) અખલાકની(સદગુણ) ખૂબી (૪) ખોરાકની પાકીઝગી (હલાલ કમાણી) (અહેમદ બહેકી)

અહેદની પાબંદી(વાયદાની પૂર્તતા)

હઝરત અબુ રાફેઅ કીબતી ગુલામ હતા મકકામાં રહેતા હતા એ ફરમાવે છે કે એકબ વખત મકકાવાળાઓએ સફીર બનાવીને મને મદિના શરીફ રસુલુલ્લાહો અલયહે વસલ્લમનાં દરબારમાં મોકલેયાં જયારે મેં આપને જોયા તો મારા દિલમાં ઈમાનનો ચિરાગ રોશન થઇ ગયું મેં રસૂલ સલ્લલાહો અલહે વસલ્લમથી અરજ કરી કે હવે હું કયારે પણ મકકાવાળાની પાસે નહિં જાઉ અલ્લાહની કસમ હવે હું ઈસ્લામ કબૂલ કરી અહિં જ રહીશ.તો હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે હું વાદાખીલાફી કરતો નથી અને નતો કાસીદને મારી પાસે રોકી રાખું છું તમે પાછા જાઓ જો તમારા દિલમાં ત્યાં પણ ઈમાનની સદાકત બાકી રહે તો ત્યાંથી પાછા આવીને પછી અહી રહેજો અબુ રાફેઅ કહે છે કે હું આપની વાત કબૂલ કરીને મદિનાથી પાછો મકકા ચાલ્યો ગયો ત્યાર બાદ મકકા મદીનાં આપની ખીદમતમાં આવ્યો ઈમાન લાવીને આપનો ખાદીમ બની ગયો.(અબુ દાઉદ)

હઝરત અબુ હુઝૈફા ઇબનુલ યમાન અને અબુ દરદા રદીઅલ્લાહો તઆલા અન્હો આ બંને સહાબી જંગે બદરનાં મૌકા ઉપર મકકાથી મદિના આવી રહયાં હતાં રસ્તામાં મકકાનાં દુશ્મનોએ તેમને પકડી લીધાં અને કહયું કે તમે મદીનાં મોહંમદની મદદ કરવા જઇ રહયાં છો અમે તમને હરગીજ જવા નહિં દીઇએ તો એમણે મકકાવાળા ઓને કહયું કે અમે મોહંમદની મદદ કરવા નથી જતાં પરંતુ અમારા કામે મદીના જઇ રહયા છીએ એટલે મકકાવાળાએ એ બંનેને મૂકત કરી દીધાં આ બનેલી સઘળી હકીકત કહી સંભળાવે છે અને જંગમાં શીરક થવાની હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમ પાસે અનુમતી માંગે છે. કારણ કે તેઓ હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમની મદદ કરવા જ મદીના આવ્યા હતા પરંતુ હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમે તેઓને રોકી લીધાં અને કહયું કે તમે મકકાવાળા સાથે રસ્તામાં વાયદો કર્યો છે તો તેના ઉપર કાયમ રહો આપે તેઓને જંગમાં શરીક ન કર્યા.

હિલમ (નરમી)

હજરત અબુ સુફીયાન બીન હારીસ,અબ્દુલા બીન અબુ ઉમૈયા ઈસ્લામ અને મુસલમાનોનાં સખત દુશ્મન હતાં તેઓએ હૂઝુરસલ્લલાહો અલહે વસલ્લમને ઘણી જ તકલીફો પહોંચાડી હતી હૂઝુર જયારે દસ હજારની ફોજ સાથે મકકાને જીતવા માટે મદીનાથી નીકળ્યાં.બીજી મંઝીલ ઉપર આ બંને જણાં આપની ખીદમતમાં હાજર થયાં આપે તેમને જોઇ પોતાનો ચહેરો મુબારકબ ફેરવી લીધું એ બંને જણા બીકથી થરથરવા માંડયાં ઉમ્મુલ મોમીન હઝરતે સલમાં રદીઅલ્લાહો ત્આલા અન્હાએ અરજ કરી યા રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમ અબુ સુફીયાન આપનાં સગા કાકાનો દિકરો છે અને અબ્દુલા આપની ફઇ આતીકાનો દિકરો છે આટલાં નજીકનાં સગાં આપની રહેમતથી મહેરૂમ ન રહેવાં જોઇએ એ બંને જણાં હુઝૂરની મજલીસથી ઉઠી

ગયાં હતાં અને સખત પરેશાન હતાં. હઝરત અલી રદીઅલ્લાહો તઆલા અન્હોએ તેમને સલાહ આપી કે તમે હૂઝુરની ખીદમતમાં જાઓ અને હઝરત યુસુફ અલયહે સલામનાં ભાઇઓએ જેવી રીતે હજરત યુસુફ અલયહિસ્લામથી માફી તલબ કરી હતી તેવી રીતે તમે પણ હૂઝુર પાસે માફી તલબ કરો.હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમ ઘણાં જ રહેમ દિલ છે તમને જરૂર માફી આપશે.બંને જણાં હુઝુરની ખીદમતમાં ગયા અને આ આયત પઢી.

તલ્લાહે લકદ આસર કલ્લાહો અલેનાં વ ઇનનાં કુન્નાં લ ખાતેઇન

અર્થઃ- અલ્લાહની કસમ બેશક અલ્લાહ તઆલા એ આપને અમારા ઉપર ફઝીલત દીધી બેશક અમે કસુરવાર હતા.

અલ્લાહનાં મહેબુબ આ સાંભડીને મુસકુરાયા અને જવાબમાં ફરમાવ્યું તમારા ઉપર કાંઇ મલામત નથી.અલ્લાહ તમને માફ કરે અને બધા મહેરબાનોથી વધારે મહેરબાન છે. હુઝુરની આ નરમી અને માફીને જોઇ ખુશ થઇને આ અશઆર પડવા લાગ્યા.

લ ઉમરોક ઇન્ની હિન અહમીલો રાયતન
લે તગલોબ લુલ્લાત ખૈલ મોહંદીન
લકા લ મદલજુલ હિરાન અઝલમો લૈલતન
ફ હાઝા અવાની હિન અહદા ફાહ તદેન
હદાની હાદીન ગૈર નફસી વ દલ્લની
ઇલ્લાહે મીન તરવત્તો હું કુલ્લો મતરદીન

અર્થઃ- તારી જાનની કસમ જયારે હું નીશાને જંગ એટલા માટે ઉપડતો હતો કે લાતનો લશ્કર મોહંમદનાં લશકરને હરાવી ખતમ કરે તે દિવસોમાં હું કાયરની પીઠ સમાન હતો તે તે અંધારી રાતોમાં હોકરો ખાતો-ખાતો હવે આ સમય આવી ગયો કે હું હિદાયત પાઉ અને સીધા રસ્તા પર આવી જાઉ મારા હાદીએ ન કે મારા નફસે હિદાયત દીધી.અલ્લાહનો રસ્તો મને તે જ માણસે બતાવ્યો જેને તરછોડી દીધો હતો.

આ સાંભડી હુઝુરે ફરમાવ્યુ હા, તમે તો મને છોડતા જ રહયા હતા.(ઝાદુલ મઆદ)

:: હઝરત ઇબ્ને અબ્બાસ રદીઅલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે હઝરત અશજાય બીન કૈસથી ફરમાવ્યું તમારામાં બે ખસલત છે. હિલ્લમ(નરમી) અને ખુધ્ધારી (ગૈરત) જે અલ્લાને ઘણી જ પસંદ છે. (મુસલીમ શરીફ)

હઝરત ઇબને અબ્બાસ રદીઅલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે આ ત્રણમાંથી એક પણ ન હોય તો એનાં અમલનો ભરોસો ન કરો.પહેલીવાત તકવા (અલ્લાથી ડરવું) જે ઇન્સાનને અલ્લાહની નાફરમાનીથી રોકે છે.બીજીવાત હિલ્લમ(નરમી) જે માણસને બેવકુફીથી રોકે છે અને ત્રીજીવાત ઉચા અખલાક જેનાં કારણે એ બીજા માણીસો સાથે રહે છે.(તીબરાની)

અફ્વ (માફ કરવું)

અફ્વની અર્થાત દરગુજર કરવું કે માફી આપવી એ નેક માણસોની આદતમાંથી એક છે. અફ્વ ખૂલાસો એમ છે. કે કોઇ માણસે તમારા ઉપર જુલમ કરે તકલીફ આપે તમે બદલો લેવાની શકિત ધરાવો છો છતાં બદલો ન લો એના બદલે માફી આપો દરગુજર કરવો તેને અફ્વ કહે છે. બીજાઓની ભૂલોને દરગજર કરવું એ અલ્લા તઆલાની સીફત છે અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવ્યું ખુઝીલ અફ્વ વ અમૂર બીલ ઉરફે વ આરીદ અનીલ જાહેલીન(સી.૯ સુ.આરાફ)

અર્થઃ- અય મહેબુબ અફ્વને (માફીને) ઇખત્યાર કરો અને ભલાઇનો હુકમ આપો અને જાહીલોથી કીનારો કરો.

કુરઆનઃ- ઇન તુબદુ ખૈરન અવ તુખફુહો અવ તઆફુ અન સુઇન ફ ઇન્નલ્લાહ કાન અ અફુવ્વન કદીરા(સી.૬ સુરએ નીસા)

અર્થઃ- જો કોઇ ભલાઇ જાહેર રીતે કરી કે છુપી રીતે કરી દીધી કોઇની પણ બુરાઇથી દરગુજર કરો.બેશક અલ્લા તઆલા માફ કરવાવાળો અને કુદરતવાળો છે.

હદીસઃ- હઝરત અબુ હુરૈરા રદીઅલ્લાહો તઆલા અનહોથી રીવાયત છે કે નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે સદકો દેવાથી (ખૈરાત કરવી) માલમાં કમી નથી થતી અને બંદાથી દરગુજર કરવીથી,માફી આપવાથી અલ્લાહ તઆલા ઇજજતમાં વધારો કરે છે.અને જે આજેઝી કરે છે.અલ્લાહ તઆલા તેના દરજજા બુલંદ ફરમાવેછે.(મુસ્લીમ શરીફ)

હઝરત આયેશા રદીઅલ્લાહો તઆલા અન્હા ફરમાવે છે કેનબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે કોઇ ઉપર હાથ નથી ઉપાડયો ન કોઇ ઔરત ઉપર ન કોઇ ગુલામ પરંતુ અલ્લાહની રાહમાં જેહાદ ફરમાવતા રહયા અગર આપને કોઇનાં હાથે નુકશાન પહોંચ્યું તો આપે તેનાથી બદલો ન લીધો જો કોઇએ અલ્લાહના કાનૂનની બેહુરમતી કરી હોય તો તેનો બદલો લેતાં (મુસ્લીમ શરીફ)

હિજરી સન ૫ (પાંચ)માં અમુક મુજાહિદોને રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે એક મુહિમ એક અંતર્ગત નજદ રવાના કર્યા પાછા ફરતી વખતે આ મુજાહિદોએ નજદનાં હાકીમ સમામા બીન અસાલને ગીરફતાર કરી લીધો. અને તેને મદીના લઇ આવી મસ્જીદે નબવીમાં એક સુતુન સાથે બાંધી દીધો નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમ મસ્જીદમાં જયારે તશરીફ લાવ્યા ત્યારે સમામાને પૂછ્યું સમામા શું હાલ છે? સમામા એ કહયું અય મોહંમદ મારો હાલ સારો છે. જો તમે મારા માટે કતલનો હુકમ કરસો તો એક ખૂનીનાં હકમાં જાએઝ હશે અને જો આપ રહેમ કરમ ફરમાવશો તો એક શુક્ર ગુજાર ઉપર રહેમ કરશો અને જો તમને માલ-સમાનની જરૂરત હોય તો કહો.બીજા દીવસે પણ હુઝુરે સમામાને એજ સવાલ કર્યો સમામા એ પણ એજ જવાબ આપ્યો ત્રીજા દિવસે પણ આજ પ્રશ્ન જવાબનું પુનરાવર્તન થયું. ત્રીજા દિવસે હુઝૂરે સમામાને છોડી મૂકવાનો હુકમ કર્યો.મૂકત થતાં

સમામા ખજૂરનાં બાગમાં ચાલ્યો ગયો.ત્યાંથી ગુસલ કરી મસ્જીદે નબવીમાં દાખલ થઇ ગયો અનેમોમીન બની ગયો.ત્યારબાદ સમામાએ અરજ કરી યા રસુલુલ્લાહ મને આખી દુનિયામાં તમારાથી વધારે નફરત બીજી કોઇની સાથે ન હતી પણ આજે તમારાથી વધારે મહેબુબ બીજો કોઇ નથી મને આપના શહેરથી નફરત હતી પણ આજે આ શહેર વધારે મહેબુબ છે. ખુદાની કસમ મને આપનાં દીનથી વધારે કોઇ દીન સાથે બુગજ ન હતો પણ આજે બધા દીનોથી વધારે આપનો દીન વધારે મહેબુબ લાગે છે. યા રસુઇલલ્લા હું મારા વતનથી ઉમરા માટે જતો હતો અને ગીરફતાર થઇ ગયો હવે ઉમરા માટે આપનો શો હુકમ છે.? હૂઝૂરે ફરમાવ્યું અય સમામા તમને ઇસ્લામ કબૂલ કર્યો એ મુબારક તને ઉમરા માટે રજા છે.

સમામા ઉમરા માટે મકકા પહોંચ્યા મકકામાં કોઇએ એને પૂછ્યું શું તમે બેદિન બની ગયા છો? જવાબ આપ્યો નહિં હું મોહંમદ મુસ્તફા સલ્લલાહો અલહે વસલ્લમ ઉપર ઇમાન લાવ્યો છું અને દિન ઇસ્લામને કબૂલ કરી લીધું છે. ત્યારબાદ એલાન કર્યુ કે હવે યાદ રાખજો મારા મુલકથી તમારા માટે ઘઉંનો એક દાણો પણ નહિં આવે જયાં સુધી મોહંમદ મુસ્તફા તમારા માટે રજા નંહિં આપે(બુખારી શરીફ).

ત્યાર બાદ સમામા પોતાના મુલકમાં જઇ મકકાવાસીઓ માટે ઘઉંની સપ્લાય બંધ કરી દીધી.મકકાવાળા મુસીબતમાં મૂકાઇ ગયા આખરે મકકાવાસી દુશ્મનોએ મજબૂર થઇ હુઝુરની બારગાહમાં ઇલતેજા કરી તેમની ઇલતેજા જોઇ હુઝુરે સમામા ઉપર મકકાવાળા ને ઘઉં સપ્લાય કરવાની ભલામણ લખી આપી હૂઝૂરની ભલામણથી સમામાએ મકકાવાસીઓને ઘઉંની સપ્લાય પાછી ચાલુ કરી આમ પોતાની જાની દુશ્મનોને પણ હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમ ભૂખે મરતા જોઇ ન શકયા.

શેખ શાદી ફરમાવે છે કે

દુસ્તાં રા કુજાકુની મહરૂમ
કે તુ બા દુશ્મનાં નજર દારી.

અર્થઃ- અય આકા તમે અપનાંથી મોહબ્બત વાળાને કયાં મહેરૂમ કરશો
જયારે કે આપ દુશ્મનો ઉપર પણ રહેમની નજર રાખો છો

પ્યારા વાચકો આ છે રહેમો કરમ તથા માફી નીખસલત રહેમતે આલમની ઝાતમાં

દુશમનોથી દરગુજર

જંગે બદરમાં સફવાનનો બાપ ઉમ્મૈયા મુસલમાનોનાં હાથે માર્યો ગયો ઉમૈર બીન વહબનો દીકરો પકડાઇ ગયો એક દિવસ આ સફવાન અને ઉમૈર બીન વહબ બંને જણાં કાબાનાં હતીમમાં બેઠા હતાં બંને બદરની લડાઇની હારની ચર્ચા કરી રહયા હતા.ચર્ચા દરમ્યાન સફવાને ઠંડો નિસાસો નાખીને કહયું કે અફસોસ મારો બાપ મુસલમાનો નાં હાથે કતલ થઇ ગયો.આ સાંભળીને ઉમૈર રડવા લાગ્યો અને કહયું કે અફસોસ મારો જવાન પૂત્ર મોહંમદની કેદમાં છે.મને જાણવા મળ્યું છે કે મારા પુત્ર ને રીફાઆ બીન રાફેઆ રદીઅલ્લાહો તઆલા અનહોએ ગીરફતાર કર્યો છે.મને ખબર

નથી કે મારો પૂત્ર કેવી હાલતમાં હશે ? સાચું પૂછો તો હવે જીવવાનો કોઇ અર્થ રહયો નથી મને સમજ પડતી નથી કે મોહંમદનાં માત્ર થોડા સાથીઓ સામે આપણાં આટલા બધા બહાદુર અને શસ્ત્રોથી સજજ લડયૈયા કેમ હારી જાય છે ? આપણા મોટા-મોટા સરદારો કતલ થઇ ગયા અને બીજા પકડાઇ ગયા છે. મને તો ચારે તરફ અંધકાર જોવામાં આવે છે.કંઇ પણ સુઝતું નથી છતાં આપણે કાંઇક કરવું જોઇએ સફવાને કહયું.

તો ઉમૈરે જવાબ આપ્યો દોસ્ત તું સાચું કહે છે જો મારા ઉપર કરજનો બોજ અને અહલો અયાલની ફીકર ન હોત તો હમણાં જ મદિના જઇ ને મોહંમદને કતલ કરી મારા દિલને ઠંડો કરૂં ભલેને તેમના સાથી મને કતલ કરી નાખે ઉમૈરની આ વાત સાંભળીને સફવાન તરત જ બોલ્યો જો તું આ કામ કરી બતાવે તો તારા કરજની હું જીમ્મેદારી લઉ છું અને તારા બાલ બચ્ચાનું સર્વે પાલન પોષણની જવાબદારી ભોગવવા તૈયાર છું સફવાનની આ વાત સાંભળી ઉમૈર બીન વહબ આ કામ માટે તૈયાર થઇ ગયો અને સફવાનને કહયું આ વાત આપણી બેની વચ્ચે જ રહેવી જોઇએ કોઇ ને આ વાતની હવા પણ ન આવે.તું યકીન રાખ આવાત વચ્ચે જ રહેશે.સફવાને કહયુ ઉપરોકત વાતચીત કરી બંને છુટા પડયા.ઉમૈર ઘરે જઇ પોતાની તલવારને જેરમાં ઝબોળી પોતાના ઘરે વાત કરયા વગર ઉંટ ઉપર સવાર થઇ રવાના થયો. મદીનામાં મસ્જીદે નબવીનાં દરવાજા પાસે સહાબીઓ સાથે તે વખતે હુઝુર મસ્જીદે નબવીમાં જ બેઠા હતા.ઉમૈર ઉંટ પરથી ઉતરી મસ્જીદમાં ઝાંકવા લાગ્યો તેને જોઇ ફારૂકે આઝમે ત્યારે જ કહયું આ ઉમૈર દુશ્મને ખુદા છે તે જરૂર શરારતની નિય્યતથી આવ્યો છે. ત્યારબાદ ફારૂકે આઝમ રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમની બારગાહમાં જઇને અરજ કરી યા રસુલુલ્લાહ ઉમૈર બીન વહબ મકકાથી તલવાર સાથે આવ્યો છે. હૂઝુર સલ્લલ્લાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે એને મારી સામે લઇ આવો ફારૂકે આઝમ એને તલવાર સહીત મજબૂતીથી પકડી હૂઝુરની બારગાહમાં લઇ આવયા હુઝુરે એને છોડી મૂકવા હુકમ કર્યો.ત્યારબાદ હૂઝુરને ઉમૈર ને નજીક આવવા કહયું ઉમૈર હૂઝુરની પાસે આવીને કહયું અન એમું સબાહન આ વાકય એ જાહેલીયત જમાનામાં દુઆની નીયયતથી બોલાતો હતો.એનો અર્થ થાય છે. તમારી સવાર બહેતર થાય હુઝુરે ફરમાવ્યું ઉમૈર તારી દુઆથી બહેતર દુઆ અલ્લાહે અમને અસ્સલામો અલયકુમ ની દુઆ આપી છે જે જન્નતીઓની દુઆ છે. ઉમૈર કહયું તમારી આવાતો અમારા માટે નવી છે. અમે એનાથી વાકેફ નથી હૂઝુરે એને મદીના આવવાનું કારણ પૂછયું તો ઉમૈર જવાબ આપ્યો હું મારા દીકરાને છોડવવા આવયો છું જે તમારી કેદમાં છે. તમે એને આઝાદ કરી મારા ઉપર અહેસાન કરો હૂઝુરે ફરમાવ્યું તો પછી તું તલવાર શું કામ લાવ્યો છે? તું તારા દીકારા માટે જ આવ્યો છે એ વાત શું સાચી છે ? ઉમૈરકહયું હા હું માત્ર મારા દીકરાને છોડાવાજ આવ્યોછુ.. હુઝુર ફરમવ્યુ તારીય વાત મને સાચી નથી લાગતી શુંએ વાત સાચી નથી

કે તુ અને સફવાન હતીમમા બેસીને મારા કતલનો મન સુબો કર્યો હતો સફવાને તારા કરજ અને અહલો અયાલ સગડી જેમ્મેદારી નથી લીધી ? અલલાહ તમારી આ વાતચીતનો ગવાહ છે હુઝુરે ઉમૈરને હતીમમાં થયેલી સઘવી વાતચીત કહી સંભડાવી ઉમૈર લાજવાબ થઇ ગયો કારણકે આ કાવતરાનીજાણ એનાઅને સફવાન સિવાય એના ઘરવારાને પણ નહતી તે હુઝુર ની આ વાત સાંભડી થર-થર કાંપવા લાગ્યો તેને આમ ધ્રુજતો જોઇ પ્યારા આકા સલ્લાહો અલયહે વસલમે ફરમાવ્યું અય ઉમૈર મેંતને માફ કર્યો? આ સાંભળી ઉમૈર તરતજ બોલી ઉઠયો કે બેશક? તમે અલ્લાનાં સાચા નબી છો. અલ્લાહનાં રસુલ અમે હમેશા આસમાની ખબરો અને વહીને ખોટી કહેતા રહ્યા પરંતુ આજે એ રહસ્ય ખૂલી ગયું છે હુ અલ્લાહનો શુક્ર અદા કરુછું કે અમારા કાવતરાને મારી હિદાયતનો સબબ બનાવયો.હુઝુર સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે તમારા ભાઇઓને દીન શીખવાડો કુરઆન પઢાવો ત્યાર બાદ પુત્રને આઝાદ કરવાનો હુકમ કરવામાં આવ્યો.ઇમાન લાવ્યા બાદ ઉમૈર અરજ કરી યા રસુલુલ્લા મને મકકા જવા રજ આપો તો હું ત્યાં જઇ લોકેને દિનની દાવત આપું હુઝુરે એને રજા આપી ઉમૈર મકકા આવ્યો.તે ખૂબજ શોક થી ઇસ્લામની દાવત આપતા રહયાં અને ઘણાંને મોમીન બનાવ્યા(તારીખે તીબરી)

પ્યારા વાંચકો તમે ઉપરોકત થોડા દાખલા(ઉદાહરણો) વાંચ્યા આવાં તો હજારો ઉદહરણો તવારીખ અને હદીસોની કિતાબોમાં મોજુદ છે. અમે માત્ર બે-ત્રણ ઉદાહરણો જ પેશ કરેલ છે.આપણે હઝરતે રહેમતે આલમ સલ્લલાહો અલહે વસલ્લમની મુબારક જીંદગી,આપની ઉમદા આદતો વિશે દુનિયાના મહાનઇન્સાનો,પાદરીઓ,સ્કોલરો, ફિલોસોફરો અને વિદ્વાનોની નજરમાં કેટલી મહતા છે.તે જોયું આવા રહેમતવારા દિલ આવા માફીનાં સાગર સમાન દુશ્મનોને પણ આવી એબ કે ખામી નજર નથી આવતી તેવા મહાન રસૂલની તાલીમ શું ત્રાસવાદી પેદા કરી શકે? પ્યારા વાચકો આ તો જેમની જેઓની આંખોમાં તઅસૂબ અને ઇસ્લામની દુશ્મનીનો સૂરમો આંજલો છે તેમની જ નજરમાં ખામીઓ દેખાય છે અને એવા લોકો જ અપપ્રચાર ઉપર કસમ ખાઇ લીધી છે.

કોઇ ધર્મસ્થાન ઉપર હજારો લોકો ઇબાદત કરવા આવ્યા હોય એમાં જો બે-ત્રણ ખીસ્સા કાતરૂ આવીને કોઇ ખિસ્સું કાતરી ગયા તેથી ન તો ધર્મસ્થાન ખરાબ છે અને ન તો બીજા અન્ય લોકો દુનિયામાં જયાં સારા લોકો વસે છે ત્યાં બુરા લોકો પણ છે.જયાં દાતાર છે. ત્યાં કંજુસ પણ છે.જયાં દયાળુ લોકો છે ત્યાં જુલમ કરવા વાળા જાલીમ પણ છે. માટે ઇન્સાફ અને સચ્ચાઇની નજરથી જોઇશું તો સીરતે પાક મુસ્તફામાં હજારો ગુણ છે. અને એનાં અમલથી આપણાં માટે હજારો ફાયદા સમાવેલ છે.

અલ્લાહ તઆલા દરેકને સદબુધ્ધિ અને સાચી સમજ અતા કરે આમીન.

આવો આપણે હજી પણ હૂઝુર સલ્લલાહો અલહે વસલ્લમની એવી હદીસોનો અભ્યાસ કરીએ કે જેમાં દૂનિયાભરનાં લોકોનું કલ્યાણ સમાચેલું છે.

રહેમ કરવું શાને ખુદાવંદી છે હૂઝુર પણ રહેમ ને પસંદ ફરમાવતા આપ જાનવર, પક્ષી,જીવ જંતુ,ઇન્સાન દરેક ઉપર રહેમ કરવાની તાકીદ ફરમાવતા અને આપ ખુદ ઘણાં જ રહેમદિલ હતા અને જેની વધારે ભલામણ કરતા.

હદીસઃ- હઝરત જરીર બીન અબ્દુલાથી રીવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તેના ઉપર રહેમ નથી કરતો જે લોકો ઉપર રહેમ ન કરે.

હઝરત અબ્દુલા ઇબને ઉમર રદીઅલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લાલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે રહેમ કરવાવાળા ઉપર રહમાન પણ રહેમ કરે છે માટે તમો જમીનવાળા ઉપર રહેમ કરો આસમાનવાળો તમારા ઉપર રહેમ કરશે.(અબુદાઉદ તીરમીઝી શરીફ)

હઝરત અબ્દુલા ઇબને અબ્બાસથી રીવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે તે અમારામાંથી નથી જે અમારા નાના ઉપર રહેમ ન કરે અને અમારા મોટાની ઇજજત ન કરે સારા કામોનો હુકમ ન આપે અને બુરા કામોથી રોકે નહિં.(તીરમઝી શરીફ)

હઝરત આયેશા સેદ્દીકા રદીઅલ્લાહો તઆલા અન્હાથી રીવાયત છે કે એક ગામવાસી હૂઝુરની બારગાહમાં આવ્યો અને અરજ કરી કે તમે નાના બાળકોને ચુંબન કરો છો (પ્યાર કરો છો)અમે તો ચુંબન નથી કરતા આપે ફરકાવ્યું શું મારા ઇખ્તેયારમાં છે કે જયારે અલ્લાહ તઆલા એ ન તમારા દિલમાં શફકત (રહેમ) નથી રાખી(મુસ્લીમ શરીફ)

હઝરત ઇબ્ને અબ્બાસ રદીઅલ્લાહો ત્આલા અન્હોથી રીવાયત છે કે રસુલુલ્લા સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે જેને દીકરી હોય અને તેણીને જીવતી ન દાટે(આ પહેલાં દીકરીને મારી નાખવાનો રીવાજ હતો)કે ન એને બે ઇજજત કરે અને ન પોતાનાં દીકારાને દીકરીથી વધારે મહત્વ આપે તો અલ્લાહ તઆલા તેને જન્નમાં દાખલ ફરમાવશે.(અબુ દાઉદ)

હઝરતે આયશા રદીઅલ્લાહો તઆલા અન્હાથી રીવાયત છે કે એક ઔરત મારી પાસે માંગવા આવી એની સાથે એની દીકરીઓ પણ હતી મારી પાસે ખજૂર સિવાય કાંઇ હતું નહિ મેં તેને ખજૂર આપી તે પોતાની બંને દીકરી વચ્ચે વહેંચી આપી. પોતે ખાધી નહિં ત્યારબાદ તે ચાલી ગઇ થોડીબાર બાદ નબીએ કરીમ સલ્લલાહો અલહે વસલ્લમ તશરીફ લાવ્યા તો મેં તેમને આ વાત કહી સંભાળાવી તો હુઝુરે ફરમાવ્યું કે જવાન છોકરીઓ એ આઝમાઇશ છે.અને તેનાથી સારું વર્તન કરે તો તે એનાં માટે દોઝખની આડ બનશે.(બુખારી શરીફ)

ફરમાને મુસ્તફા છે કે મારી ઉમ્મતનાં માણસોની જન્તમાં નમાઝ અને રોજાનાં વધારાથી નહિં પરંતુ દિલની સલામતી સખાવતથી અને મુસલમાનો ઉપર રહેમ કરવાનાં હિસાબે દાખલ થશે (મુકાશેફતુલ કુલુબ)

હઝરત આમીરનું બયાત છે કે અમે નબીએ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ખીદમતમાં હાજર હતાં ત્યારે એક માણસ ચાદર ઓઢીને આવ્યો. એની ચાદરમાં કાંઇક છુપાવેલું હતું.આવીને તેણે અરજ કરી ' યા રસુલુલ્લાહ હું ગીચ જંગલમાંથી પસાર થઇ રહયો હતો ત્યારે મેં પક્ષીઓનો અવાજ સાંભળ્યો મેં તે પક્ષીનાં બચ્ચાને પકડી ને મારી ચાદરમાં છૂપાવી લીધો.પરંતુ આ બચ્ચાને પકડીને મારી ચાદરમાં છૂપાવી લીધો પરંતુ આ બચ્ચાની મા મારા ઉપર આવીને ઉડવા લાગી મેં ચાદર ખોલી તો એ પણ મારી ચાદરમાં આવી ગઇ. તો તેને પણ મેં પકડીને ચાદરમાં છુપાવી લીધી આ આ સાંભળી હૂઝુરે ફરમાવ્યું કે એને નીચે રાખો 'પેલા માણસે ચાદરમાંથી કાઢી ને પેલા પક્ષીને પક્ષી બચ્ચાને સામે મૂકી મૂકત થતાં બચ્ચાની માં બચ્ચા ફરતે ફરવા લાગી અને મોહબ્બતથી પોતાનાં બચ્ચાને ચીમટવા લાગી.હૂઝુરે ફરમાવ્યું કે માં પોતાના બચ્ચાને મોહબ્બત કરે તેનાથી તમને તાજુબ થાય છે? પરંતુ તે જાતની કસમ જેણે મને હકકની સાથે મોકલ્યો છે.તે ખાલીક માલીક પોતાના બંદા ઉપર આનાથી પણ વધારે મહેરબાન છે. જાઓ આ બચ્ચા અને એની માં ને જયાંથી પકડાયા હતાં ત્યાં મૂકી આવો.પહેલો માણસ તેમને મૂકવા ચાલ્યો ગયો. (અબુ દાઉદ)

હઝરત અબુ હુરૈરા રદી અલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે રસુલે કરીમ સલ્લલાહો અલહે વસલ્લમે ફરમાવ્યું કે એક બદકાર ઓરતની બખ્શીસ એટલા માટે થઇ ગઇ કે તે એક વખત એક રસ્તા પરથી પસાર થઇ રહી હતી.જયાં એક કૂતરો તરસનાં કારણે હાંફી રહયો હતો ઔરત પોતાના માથાની ચાદર કાઢી તેના વડે કૂવામાંથી પાણી કાઢીને કૂતરાને પાણી પીવડાવ્યું એના લીધે અલ્લાહ તઆલા એ તેની બખ્શીસ કરી લીધી ' આ સાંભળી સહાબા એ કીરામે અરજ કરી કે જાનવરથી પણ સજીવ સાથે ભલાઇ કરવામાં સવાબ છે? ત્યારે હૂઝુરે ફરમાવ્યું હર સજીવ સાથે ભલાઇ કરવામાં સદકાનો અજર મલે છે.(મુસ્લીમ શરીફ)

પ્યારા વાંચકો તો આ છે કુરઆન અને સાહેબે કુરઆન હઝરત રહેમતે આલમ સલ્લલાહો અલહે વસલ્લમની મુબારક આદતો ખુદાના કાનૂન પ્રમાણે પોતાનું સમગ્ર જીવન વિતાવી દુનિયા સમક્ષ એક નમૂનો પેશ કર્યો દરેક વ્યકિતને પોતાનું જીવન ગુજારવા માટે આપે એક ધર્મ યા મઝહબ આપ્યો જેનું નામ ઇસ્લામ છે જેનું અર્થ થાય છે ' સલામતી ' ઇસ્લામ ધર્મ દરેકને શાંતિ અને સલામતી બક્ષે છે. આ મઝહબનાં સરળ કાનૂન અને સમાન હકક દરેક ને પોતાની તરફ આકર્ષિત કરે છે.

અલ્લાહ તઆલા અમને આવા ઉમદા કાર્યો,ઉમદા આદતો અપનાવવા તોફીક અતા કરે આમીન હવે આપણે

નામવર હિન્દુ-શીખ શાએરોએ રહમતે આલમ સ.અ.સ.ની બારગાહમાં અકીદતનાં ફુલ નિછાવર કર્યા છે.જેનાં થોડા નમુનાં અહી રજુ કરેલ છે.

વજીરે આઝમ હૈદરાબાદ દખ્ખણ
મહારાજા સરકસ પ્રસાદ કે.સી.આઇ.એ.

મદિના ભી અજબ પુરનુર બસ્તી હે
જહાં હર વકત ઔર હરદમ તેરી રહમત બરસ્તી હે
સુરૂરે ઇશ્કે અહમદ દિલમે ઔર આંખો મેં હરદમ
યે કેફીયત હમારી હે ઇસી નશા કી મસ્તી હે
તેરે રૂતબેમે કીસકો દખલ હે કયા કોઇ દમ મારે
જો મહેબુબે ખુદા કા રૂતબા પાએ કીસકી હસ્તી હે,
તસાવુર હે જમાલે પાક કા આઠોં પહર હમકો
હમારી તો યહી અય શાદ બસ સુરત પરસ્તી હે

ચૌધરી દલ્લુરામ કૌસરી

મુજે નાતને શાદ માની મેં રખ્ખા
કે મસરૂફ શીરી બયાની મેં રખ્ખા
મે લીખતા રહા નાત ઔર હક મેં શબ બર
કમર કો મેરી પાસબાની મેં રખ્ખા
મોહંમદ કો બેસાયા હકકને બનાયા
યે પહેલાં નીશાં નકશેસાની મેં રખ્ખા

કાલકા પ્રસાદ

ચાંદ સુરજ કોઇ હાથોં પેં મેરે લાદે,
કોનેનકી દોલત મેરે દામનમેં છુપા દે,
ફીર કાલકા પ્રસાદ સે પુછે કે તું કયા લે
તો નઆલેને મોહંમદ કો આંખોસે લગાલે
એ મોહંમદ તુમને ઝીલ્લતસે બચાયા હમેં
પ્રેમ ઔર પ્રીત કા રાસ્તા બતાયા હમેં

ફિરાક ગોરખપુરી

અનવાર બેશુમાર માહેદુદ નહિં
રહેમત કી શાહરાહ મસ્સદુદ નહિં
માલુમ હે કુછ તુમ કો મોહંમદકા મકામ
વો ઉમ્મતે ઇસ્લામમે મહદુદ નહિં

પંડિત હરિચંદ અખતર એમ.એ.

કીસને ઝરોં કો ઉઠયા ઔર સહેરા કર દીયા
કીસને કતરોં કો મીલાયા ઔર દરયા કર દીયા
કીસકી હિકમતને યતીમોં કો કીયા દુરરે યતીમ
ઔર ગુલામો કો ઝમાને ભરકા મૌલા કરદીયા
આદમીય્યત કા ગરજ સામાં મહયા કર દીયા
એક અરબને આદમીકા બોલબાલા કર દીયા
કહદીયા લા તકનતુ અખતર કીસીને કાનમેં
ઔર દિલ કો સરબર મહવે તમન્ના કર દીયા

શ્યામ સુંદર બાસીર કાશ્મીરી :-

દુનિયાકો તુમને આકર પુરનુર કર દિયા હૈ
ઔર ઝુલમતોં કો યકસર કાફુર કર દિયા હૈ
ગારે હિરા સે નીકલી યે નુર કી શોઆ એં
તારીક વાદીયોં કો પુરનુર કર દિયા હૈ
ઇકબાર તો દયારે તૈબા કો દેખ લેતા
પાબંદીએ જહાંને મજબૂર કર દીયા હૈ
ફારાં કી ચોટીયોં પર વો આફતાબ ચમકા
ચશ્મે ફલક કો જીસને મહેસુર કર દીયા હૈ
બાશીર સે કયા રકમ હો વો શાન હૈ તુમ્હારી
જીસને ગદા ગરોં કો ફગફુર કર દીયા હૈ.

અરશ મલસીયાની :-

મોઅત્તર ફીઝા મસ્ત સારી ખુદાઇ
સબા મુશ્ક અફસાં મદિને સે આઇ
વોહી નુર નુરે આફરી
અરબમેં હુઇ જીસકી જલવાનુમાઇ
ચલ અય અરશ હો તું મદિનેકા આઝીમ
નહીં રાસ દુનિયા કી હંગામા આરાઇ

શેરસીંગ શમીમ ફરખઆબાદી સાબીક સીટી મેજીસ્ટ્રેટ :-

રવાં હો જાનીબે કુએ મોહંમદ
દિખા દે અચ ખુદા રૂએ મોહમ્મદ,
હૈ અમ્બરબાર ગેસુએ મોહમ્મદ
સબા લાઈ હૈ ખુશબુએ મોહંમદ,
જીન્હે દેખના હો નુરે ઈલાહી
વો દેખે જલવએ રૂએ મોહંમદ,
શમીમ ઐસા બશર કોઈ હોગા
ન હો જો શાએક કુએ મોહંમદ

લાલા ધરમપાલ ગુપ્તા વફા :-

માજી એડીટર રોજનામ તેજ દિલ્લી

સીખાયા અહલે અરબકો બરાબરી કા દરસ
કે ઈમ્તીયાજ કા કિસ્સા તમામ હોજાયે,
સીયાસત સે મજહબ મીલા દીયા તુને
કે દિન વ દુનિયા કા સબ ઈન્તેજામ હોજાયે.
અરબકો તુને જહાલત સે પાક કર ડાલા
તો કયું ન દિલમેં તેરા એહતેરામ હોજાયે,
વફા જહાંમેં વો આલી મકામ હોતા હૈ
અતા જીસે મએ ઈરફાં કા જામ હોજાયે.

સાહેર હોશીયારપુરી પ્રોફેસર,દિલ્લી કોલેજ :-

એક ઝમાના તક રહા હૈ મુજકો તાઝીમ સે
હૈ મેરી આંખો મેં જલ્વાઓ સૈયદે અબરારકા.
જીસ્મ ખાકીમે નેહાં એક મખઝ ને તનવીર હૈ
હૈ મેરે દિલમે તસવ્વુર અહેમદે મુખ્તાર કા
સારા આલમ હૈ મુનવ્વર આપકે અનવાર સે
સારા આલમ આઈના હૈ આપકે અનવાર કા
મોજીઝે સે કમ નહીં યે ભી કે સાહેર હૈ ગુલામ
અપને આકા અપને મોલા અહમદે મુખ્તાર કા

રોશનલાલ નઈમ :-

તેરે મોઅજીઝે જો કે થે યે મોહંમદ
ઉન્હી બરહક વ બરમલા દેખતે હૈં
તબીબ આપ હૈં યા મોહંમદ દિલો કે
હમ ઈસ દરકો દારોશ્શીફા દેખતે હૈં
તેરા ઈશ્ક હૈ મેમિનો કે દિલોં મેં
વો હર વકત શાને ખુદા દેખતે હૈં

નરદેવશીંગ અશક જાલંધરી :-

ઉસે દોનો જહાંકી નેઅમતે હાંસીલ હૈ દુનિયામેં
બનાયા જીસને દિલમેં અય રસુલુલ્લાહ મકાં તેરા
અગર કોઇ તમન્ના હૈ મેરે દિલમેં તો યે આકા
દમેં આખીર જબી મેરી હો સંગે આસ્તાં તેરા
બહોત ગભરા ગયા હું યા નબી આલમે દુનિયા સે
સુકું મીલ જાએ મુજકોભી મીલે જો આસ્તાં તેરા

બાબુ બુરંજ ગોપીનાથ બેકલ અમરતસરી :-

એક જહાલત કી ગટાથી ચારસુ છાઇ હુઇ
હરતરફ ખલકે ખુદા ફીરતીથી ગભરાઇ હુઇ
શાખ દિનદારી કી થી બે તરહ મુરજાઇ હુઇ
લહલહા ઉઠઠી તેરી જબ જલ્વા આરાઇ હુઇ
કયું ન હમભી ઈસ જહાં કા પેશવા માને તુઝે
કયું ન રહે હકમેં અપના રહનુમાં માને તુઝે
નુરસે તેરે અંધેરે મેં દરખશાની હુઇ
તેરે આગે આબરૂ દુશ્મન કી પાની હુઇ

સલાતો સલામ :-

જગન્નાથ આઝાદ એમ.એ.

સલામ ઉસઝાતે અકદસ પર સલામ ઉસ ફખરે દૌરા પર
હઝારોં જીસ્કે અહેસાન હૈ દુનિયાએ ઈમકા પર

સલામ ઉસ પર જો હામી બનકે આયા ગમ નશીબોંકા
રહા જો બેકસોં કા આસરા મુશફીક ગરીબોં કા

મદદગારોં મોઆવીન બેબસોંકા ઝેરે દસ્તોં કા
ઝઈફોં કા સહારા ઔર મોહસીન હક પરીસ્તોંકા

સલામ ઉસ પર જલાઇ શમએ ઇરફાં જીસને સીનોં મેં
કીયા હક કે લીયે બેતાબ સીજદોં કો જબીનોં મેં

બડે છોટોં મેં જીસને એક વખત કી બીના ડાલી
ઝમાજે સે તમીઝે બંદા આકા મીટા ડાલી

સલામ ઉસ પર જો આસુદા હૈં ઝેરે ગુંબદે ખીઝરા
જમાના આજ ભી જીસકે દરપે નાસીયાં ફરસાં

સલામ ઉસ પર જો આયા રહમતુલ્લીઆલમી બનકર
પયામે દોસ્ત લેકર સાદીકોલ વઅદે અમી બનકર

સલામ ઉસ ઝાતે અકદસ પર હયાતે જાવે દાનીકા
સલામ આઝાદ કા આઝાદી કી રંગી બયાનીકા

મોલાતઆલાનાં લાખ-લાખ શુક્ર છે. જે પોતાના મહેરબાની અને પોતાનાં પ્યારા હબીબનાં સદકે આ કિતાબને પૂરી કરવાની તૌફીક આપી ઘણીજ મસરૂફીયાત ને લીધે આ કિતાબને એક વરસથી વધુ સમય વિતીગયો સાથે હું શુક્ર ગુજાર છું જનાબ મો.રફીક અબ્બાસ માસ્તરનો તેઓએ આ કિતાબને ગુજરાતી ભાષામાં તૈયાર કરવા માર્ગ દર્શન આપતા રહયાં અલ્લાહ તઆલા તેઓને દોરૈનમાં બહેતરીન બદલો અતા ફરમાવે આમીનં મુજ નાચીઝ ની આ નાકડી તાલીફને રબ્બે તઆલા કબુલ ફરમાવે અને વધુ દિનીખિદમત રવાની તૌફીક અતા કરે આમીન અંતમાં આ કિતાબમાં કયાં પણ કોઇજાતની ક્ષતિ રહી ગઇ હોય તાલીબે ઇલ્મ સમજીને ક્ષમ્ય ગણશો એવી અરજ સહ....

ખાદીમે દિન

ખાકપાએ ઔલીયા

સૈયદ જહાંગીરશા હાજી મિયાં સાહેબ

(પિંઝાણ,તા.અબડાસા-કચ્છ.)

હીજરી સના ૧૪૩૦,મું.૨૩ રબીઉલ અવ્વલ

અંગેજી તા:-૧૮-૦૨-૨૦૦૯,

અલહમ્દો લીલ્લાહે હમ્દન કસીરા વસ્સલાતો વસ્સલામ અલા સૈયદેના મોહમ્મદીન સીરાજન મુનીરા વઅલા આલેહી વઅસ્હાબેહી કસીરન કસીરા આ કીતાબ-કદ-ઝખામતમાં નાની પરંતુ ઉનવાનમાં એક મહાન કીતાબ છે.ગાગરમાં સાગર સમાએલો છે જે કીતાબને બહુજ ગેહરા અભ્યાસ થ્થા વાંચન કિયાપછી મૌલવી સૈયદ હાજી જહાંગીરશાહ વિંઝાણવાલા એ માનવ સમાજને અર્પણ કરી છે-જે કીતાબ જેમાં નબીએ અકરમ રહમતુલબીલ આલમીન હઝરતે મોહમંદ મુસ્તફાના નબુવત-રીસાલત-સદાકત-અદાવત-રહમત ઉખુવત અને ઉમદા અખલાક અને પાકીઝા જીવન વીસે ગવાહી શહાદત હિન્દુસ્તાન તથા યુરોપનાં ધાર્મીક વિધ્વાનો દાનીશવરો પ્રોફેસરો અને પાદરીઓએ આપી છે તથા રસુલે બરહક વીસે ઉમદા દાનશમંદીની દલીલો અને હવાલાઓથી પવિત્ર હસ્તીનાં સ્વીકાર કર્યો છે તેમજ જીવનની સાદગી રહેમદિલી દરેક માનવીઓનો સ્નમાન નાં દાખલા આપી ખુદાનાં આખરી પયગમ્બર ની હકાનીયત અને સદાકતની ગવાહી આપી છે. તેમજ પવિત્ર સદગુણો અને પાકીઝા તાલીમનાં દાખલા આપ્યા છે.તેસીવાય કુરઆન ખુદાનો જ કલામ છે. જેની તાસીર અને ફૈઝથી ગણાજ દાનમંદો પોતાનો સરખમ કર્યો છે જે કીતાબ અક્ષરે - અક્ષર સહી અને સલામત છે સલામત રહેશો જેનો ઈકરાર કર્યો છે થ્થા દીન દીને ઈસ્લામ ખુદાઈ દીન છે અને તેનાં બધા કાનુન માનવ જાતી માટે તારણ હાર છે. તેમાં પ્યાર મોહબ્બત ભાઈચારો દયા રહેમદીલી સભાવત-માનવ જાતીમમાં સમાનતા થ્થા સદગુણની તાલીમ છે. તેની દરેક તાલીમ ઉપર ખુદ રસુલે કરીમ જીવનભર અમલ કરી સુબુત પેશ કર્યો છે અને તે વિષય ઉપર આપનાં ફરમાન આ કીતાબમાં રજુ કરવામાં આવ્યા છે. હિન્દુસમાજનાં ધર્મગુરૂ અને દાનીશમંદો ઈસાઈ સમાજના,યહુદી સમાજના તેમજ સીખોના સમાજનાં ધર્મગુરૂઅખો રહેબરો નાં જીવન ચરીત્ર અને તાલીમનાં અભ્યાસમાંથી તે બધા તારવણી કરીમને સૌથી શ્રેષ્ઠ અને ઉતમ વિધવાન રહેબર રસુલે કરીમને સ્વીકાર કર્યો છે.જેના પુસ્તકો તથા અખબારોના હવાલા આ કીતાબમાં આપવામાં આવેલ છે. જેનાથી દરેક અકલમંદ માનવીઓને કદર કરવા અને તેનો અનુકરણ કરવાની હિદાયત પ્રાપ્ત થાસે જેથી મોલવી સૈયદ હાજી જહાંગીરશાહ આ કીતાબનો અનોખો અંદાજ રજુ કર્યો છે.જે બીજી કીતાબોમાં કમવાર મળી શકતો નથી બારગાહે રબ્બુ જલીલમાં અને દરબારે મુસ્તફામાં આ કિતાબ મકબુલ અને મનઝુર થાય તેનાં મુઅલ્લાહને દારૈનની સઆદત અને જઝાએ ખૈર અતા કરે તથા મોમીન બિરાદરોને તેની કદરકારી થાને મુસ્તફાની અઝમત ઉપરે ઈમાનની દૌલત નસીબ કરે આમીન યા રબ્બીલ આલમીન..

લી. ખાદેમુલ ઈસ્લામ સૈયદ અહમદશાહ બુખારી વિઝાનવી ઉફેય અન્હો.

એવું કહેવું બિલકુલ ખોટું નથી કે ઇસ્લામ ધર્મ અને મુસ્લિમ સમાજ એ બંને એકબીજાના પર્યાય જેવા બની ગયા છે. ઇસ્લામ ધર્મ પાળનારા બધા જ લોકો મુસ્લિમ કહેવાય છે અને મુસ્લિમ સમાજના બધા જ લોકો ઇસ્લામ ધર્મ પાળનારા હોય છે. આ બંને વચ્ચે આટલું ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં બંનેની ઉત્પત્તિ અને વિકાસ જુદા જુદા સંજોગોમાં થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ ઇ.સ. ૬૧૦ થી ૬૩૨ સુધીના ૨૨ વર્ષના ગાળામાં થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ ઇ.સ. ૬૩૨ થી ૭૫૦ સુધીના ૧૧૮ વર્ષના ગાળામાં થયો છે. આ બંને વચ્ચે આટલું ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં બંનેની ઉત્પત્તિ અને વિકાસ જુદા જુદા સંજોગોમાં થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મક્કા અને મદીના શહેરમાં થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મદીના શહેરમાં થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ એક વ્યક્તિ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે.

ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે. ઇસ્લામ ધર્મની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના જીવનકાળ દરમિયાન થયો છે. જ્યારે મુસ્લિમ સમાજની ઉત્પત્તિ અને વિકાસ મુહમ્મદ પયગંબરના મૃત્યુ પછી થયો છે.

દાવતે મુસ્તફા અબડાસા -લાયબ્રેરીમાંથી દાવતે મુસ્તફા સાથે સંકળાયેલા ગામોના મદ્રેસાના બાળકો માટે મદ્રેસાની તાલીમની તમામ કિતાબો તદ ઉપરાંત નામવર ઉલ્માએ કીરામ અને મશહુર નાતખવાં હઝરાતની સી.ડી.વિડીયો અને ઓડિયો ક્રેશેટ પણ વિના મૂલ્યે મેળવી શકશો તેમજ

હઝરત અલ્લામા મોલાના અલ્હાઝ જહાંગીર બાપુની લખેલ

(૧) કીતાબો સઅદતે દારૈન અને

) સાચા મુસલમાન મોમીન શાન

) રસુલુલ્લાહની શાન દાનીશમંદોની ઝબાન

વિના મૂલ્યથી મેળવી શકશો.



મેળવવાનું સ્થળ

દાવતે મુસ્તફા અબડાસા

કાદરીયા મકતબત

મરકઝ વિંઝાણ,અબડાસા-કચ્છ.


Enter The Threshold Of Eternal Bliss



દાવતે મુસ્તફા સાથે સંકળાયેલા ગામોના મદ્રેસાના
બાળકો માટે મદ્રેસાની તાલીમની તમામ કિતાબો
દાવતે મુસ્તફા–લાયબ્રેરીમાંથી વિના મુલ્યે મેળવી
શકશો તદઉપરાંત નામવર ઉલ્માએ કીરામ અને
મશહુર નાતખવાં હજરાતની સી.ડી. વિડીઓ અને
ઓડિયો કેસેટ પણ વિના મુલ્યે મેળવી શકશો.
આપના મહુઁમીનનાં ઈસાલે સવાબ માટે
દીની કિતાબો છપાવી હોય તો તે માટે દાવતે મુસ્તફા
અબડાસા મરકઝ વિંઝાણમાં એક શાનદાર ઈજ્તમા
રાખવામાં આવે છે આ ઈજ્તમામાં હાજરી આપી.
સવાબે દારૈન હાસીલ કરવા પ્યારી દાવત આપવામાં આવે છે.
દાવતે મુસ્તફા અબડાસા તરફથી મરકઝ વિંઝાણમાં
દર ગુરૂવારના બપોરે ૩ કલાકે ઔરતો
માટે ઈજ્તમા રાખવામાં આવે છે.

દાવતે મુસ્તફા અબડાસા
શહેર એ મદીના
મરકઝ વિંઝાણ, અબડાસા–કચ્છ.